# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

10 SEPTEMBER-2026 THURSDAY

વર્ષ-15 । અંક-296 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ -14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
બર્થ ડે પર દીપિકા-રણવીરે કરાવ્યું ખાસ ફોટોશૂટ....





પેજ-09
પત્ની પાસે પરમિશન લેવી પડશે, નહીં તો છૂટાછેડા થઈ જશે....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 26.00 |
| સુરત | 32.00 | 26.00 |




પેજ 5
અનુશ્રી સિંહ ગોદરેજ એગ્રોવેટમાં ચીફ હ્યુમન રિસોર્સિસ ઓફિસર....





પેજ 10
રશિયાએ આર્કટિકમાં તેલ કાઢવાનું શરૂ કર્યું....


**.....સુવિચાર.....**
જ્યાં સુધી તમે પોતે પોતાના પર વિશ્વાસ નથી કરતા ત્યાં સુધી તમે ભગવાન પર વિશ્વાસ નથી કરી શકતા

## કેબિનેટનો મહત્ત્વનો નિર્ણય | ભારતીય રેલવેના આધુનિકીકરણ માટે ₹10,783 કરોડના પ્રોજેક્ટને મંજૂરી


# દેશના 5 રાજ્યોમાં રેલવે નેટવર્કનું વિસ્તરણ કરાશે

## દિલ્હી-મુંબઈ સહિતના 7 વ્યસ્ત કોરિડોરને 4-લેન બનાવવાની મંજૂરી મળી

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

કેબિનેટે ભારતીય રેલવેના આધુનિકીકરણ માટે રૂ. 10,783 કરોડના 7 પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ હેઠળ 656 કિલોમીટર નવી રેલ લાઇનો જોડાશે અથવા અપગ્રેડ થશે. દિલ્હી-મુંબઈ સહિતના 7 વ્યસ્ત કોરિડોરને 4-લેન બનાવવાની મંજૂરી મળી છે. આનાથી પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના 5 રાજ્યોના 14 જિલ્લાઓમાં રેલ નેટવર્ક વિસ્તરશે, જેનાથી 56 લાખ લોકોને ફાયદો થશે. કેબિનેટ બેઠકમાં રેલવેના આધુનિકીકરણ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દેશના 7 સૌથી વ્યસ્ત રેલવે કોરિડોરને ચાર-લેન અને ચાર-ટ્રેકવાળા બનાવવાનું કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ અંદાજે 10,783 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે અને આનાથી લગભગ 656 કિલોમીટર નવી રેલ લાઇનો જોડાશે અથવા અપગ્રેડ થશે.

### 5 રાજ્યોના 14 જિલ્લાઓમાં રેલ નેટવર્ક વિસ્તરશે



દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નઈ, ચેન્નઈથી કોલકાતા અને કોલકાતાથી દિલ્હી થઈને ફરી મુંબઈ સુધીનો રૂટ 'ગોલ્ડન ક્વાડ્રિલેટરલ' બનાવે છે. આ ઉપરાંત દિલ્હીથી ચેન્નઈ, મુંબઈથી કોલકાતા અને દિલ્હીથી ગુવાહાટીના રૂટનો પણ સમાવેશ થાય છે. આ તમામ 7 વ્યસ્ત કોરિડોરને ચાર-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. દેશના કુલ 11,000 કિલોમીટરના હાઈ-ડેન્સિટી કોરિડોર પૈકી 7 કોરિડોર એવા છે જ્યાં રેલવેનું લગભગ 40 ટકા ટ્રાફિક ચાલે છે. આમાંથી આશરે 2,000 કિલોમીટરનું કામ પહેલેથી જ પૂરું થઈ ચૂક્યું છે અને ત્યાં ચાર લાઈનો બિછાવી દેવામાં આવી છે. આશરે 5,000 કિલોમીટર પર કામ ચાલી રહ્યું છે અથવા તેને મંજૂરી મળી ચૂકી છે, જ્યારે બાકીના 4,000 કિલોમીટર માટે અંતિમ મંજૂરીની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રોજેક્ટ્સથી પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ એમ કુલ 5 રાજ્યોના 14 જિલ્લાઓમાં રેલવે નેટવર્કનો વ્યાપ વધશે. આનાથી આ વિસ્તારના આશરે 4,790 ગામોના લગભગ 56 લાખ લોકોને સીધો ફાયદો થશે અને ઉત્તમ રેલ કનેક્ટિવિટી મળવાથી સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઊભી થશે.



### કઈ કઈ રેલ લાઇનો અપગ્રેડ થશે?

સરકારે ખડગપુર-ઝારસુગુડા સેક્શનમાં બાગડેહી સુધી ચોથી લાઇન, કટની-પેંડ્રા રોડ ચોથી લાઇન અને બિલસપુર(ઉસલાપુર)-પેંડ્રા રોડ ત્રીજી લાઇનને મંજૂરી આપી છે. આ લાઇનોના મલ્ટી-ટ્રેકિંગથી વર્તમાન રેલ રૂટ પર ટ્રેનો માટે વધારાની ક્ષમતા તૈયાર થશે. નવી રેલ લાઇનોના જોડવાથી હાલના રૂટ પર ટ્રેનોનું ભારણ અને ટ્રાફિક જામની સમસ્યા ઘટશે. માલગાડીઓ અને મુસાફર ટ્રેનોની અવરજવર વધુ વ્યવસ્થિત બનશે, જેનાથી ટ્રેનો સમયસર દોડી શકશે અને માલસામાનની હેરફેર પણ ઝડપી બનશે.

**પ્રવાસન અને ધાર્મિક સ્થળોની મુસાફરી બનશે આસાન**

નવી રેલ લાઇનો અને મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને કારણે ઓડિશાનું તારાતારિણી મંદિર અને ઝારસુગુડાનું જગન્નાથ મંદિર, મધ્ય પ્રદેશનું બાંધવગઢ ટાઈગર રિઝર્વ, વિરાટેશ્વર મહાદેવ મંદિર, અમરકંટક, જ્વાલેશ્વર ધામ, અચાનકમાર ટાઈગર રિઝર્વ, ખુટાઘાટ ડેમ તેમજ રતનપુર મહામાયા મંદિર જેવા પ્રખ્યાત પ્રવાસન અને ધાર્મિક સ્થળોની કનેક્ટિવિટી સુધરશે અને પ્રવાસનને વેગ મળશે.

**નાગોયાના રસ્તા જળબંબાકાર**

## એશિયા ગેમ્સ પહેલાં જાપાનના નાગોયા શહેરમાં કુદરતી આફત

(એજન્સી) જાપાન । તા. 09

જાપાનના નાગોયા શહેરમાં એશિયન ગેમ્સ 2026 શરૂ થવાના 10 દિવસ પહેલા રેકોર્ડબ્રેક વરસાદે તબાહી મચાવી છે. 'લેવલ-5' પૂર એલર્ટ જાહેર કરાયું છે. ફિલિપાઈન્સ સહિતના 400 એથ્લીટોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. જોકે, મેયરે તમામ ખેલાડીઓ સુરક્ષિત હોવાનું અને ગેમ્સ નિર્ધારિત સમયે જ યોજાશે તેમ જણાવ્યું છે. જાપાનના નાગોયા શહેરમાં એશિયન ગેમ્સ 2026 શરૂ થવામાં માત્ર 10 દિવસ બાકી છે ત્યારે રેકોર્ડબ્રેક વરસાદે ભારે તબાહી મચાવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા દૃશ્યોમાં રસ્તા પાણીમાં ડૂબેલા અને વાહનો પાણીમાં ફસાયેલા નજરે પડી રહ્યા છે.




### લેવલ-5 ફ્લડ એલર્ટ અને શહેરીજનોનું સ્થળાંતર

મીડિયા રિપોર્ટ મુજબ, મૂશળધાર વરસાદના કારણે શહેરમાં 'લેવલ-5'નું પૂરનું એલર્ટ જારી કરવું પડ્યું છે. આ આફતના કારણે એશિયન ગેમ્સમાં ભાગ લેવા પહોંચેલા ફિલિપાઈન્સ સહિત અનેક દેશોના આશરે 400 જેટલા એથ્લીટ અને સપોર્ટ સ્ટાફને સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત અને ઊંચા સ્થળો પર ખસેડવામાં આવ્યા છે. આ તમામ ખેલાડીઓ શિપિંગ કન્ટેનરમાંથી બનાવેલા અસ્થાયી આવાસમાં રોકાયેલા હતા. શહેરમાં આટલી મોટી આપત્તિ છતાં નાગોયાના મેયર ઈચિરો હીરોસાવાએ લોકો અને ખેલાડીઓનું મનોબળ જાળવી રાખ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તમામ એથ્લીટો સંપૂર્ણપણે સુરક્ષિત છે. જોકે, કેટલાક સ્થળો પર વેન્યુની છતમાંથી પાણી ટપકવાની ફરિયાદો જરૂર આવી છે, પરંતુ કોઈ મોટું નુકસાન થયું નથી. મેયરનો દાવો છે કે, એશિયન ગેમ્સ નિર્ધારિત સમયે જ યોજાશે અને તૈયારીઓને લઈને ડરવાની કોઈ જરૂર નથી. આ મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) દ્વારા ભારતની 503 સભ્યોની મજબૂત ટીમ માટે ભવ્ય વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય ખેલાડીઓ પહેલાથી જ જાપાન પહોંચી ગયા છે અથવા પોતાની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે.

**GSFC ગેસ ગળતર કેસમાં મોટો નિર્ણય**

## મૃતકના પરિવારને 18.51 લાખનું વળતર અને નોકરીની જાહેરાત




(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા જીએસએફસી ગેસ ગળતર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ઘનશ્યામ ગોહિલના પરિવારને 18.51 લાખની સહાય અને નોકરીની જાહેરાત કરાતા મામલો થાળે પડ્યો. વડોદરા સ્થિત ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ કંપનીમાં બનેલી ગેસ ગળતરની દુર્ઘટનામાં ઘનશ્યામ ગોહિલ નામના કર્મચારીનું કમનસીબે મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે મૃતકના પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે શોક અને આક્રોશ વ્યાપી ગયો હતો. ઘટના બાદ વળતર અને ન્યાયની માગ સાથે ચાલી રહેલા વિરોધ વચ્ચે કંપની મેનેજમેન્ટ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મૃતક ઘનશ્યામ ગોહિલના આશ્રિત પરિવારજનોને આર્થિક સહારા માટે રૂ. 18,51,000 ની સહાય રકમ આપવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. માત્ર આર્થિક સહાય જ નહીં, પરંતુ પરિવારના ભવિષ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કંપની તંત્ર દ્વારા મૃતકના પરિવારના એક સભ્યને નોકરી આપવાની પણ બાંહેધરી આપવામાં આવી છે. આ નિર્ણયથી પીડિત પરિવારને મોટી સાંત્વના મળી છે. કંપની તરફથી યોગ્ય વળતર અને નોકરીની માંગણીઓનો સ્વીકાર કરાતાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલો વિવાદ આખરે થાળે પડ્યો છે.

## દિલ્હીમાં પીએમ મોદી અને વ્લાદિમીર પુતિન મળશે, બ્રિક્સ સમિટમાં શસ્ત્રો અને સુરક્ષા પર ચર્ચા

# બ્રહ્મોસ મિસાઈલને વધુ ઘાતક બનાવવાની રણનીતિ



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

રાજધાની દિલ્હી, આગામી થોડા દિવસોમાં ગતિવિધિઓનો ધમધમાટ જોવા માટે તૈયાર છે. બ્રિક્સ સમિટ માટે રશિયા અને ચીન સહિત અનેક મુખ્ય દેશોના નેતાઓ દિલ્હી આવી રહ્યા છે. જોકે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુલાકાત સૌથી વધુ ધ્યાન ખેંચી રહી છે. પુતિનની મુલાકાત દરમિયાન શસ્ત્રો અને સુરક્ષા સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા થવાનું નક્કી છે. રશિયા નવી પેઢીનું જેટ એન્જિન લાવી રહ્યું છે, અને ઘાતક બ્રહ્મોસ મિસાઈલને વધુ અપગ્રેડ કરવાની યોજનાઓ વિચારણા હેઠળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની બેઠક પહેલા, ભારત અને રશિયાએ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલને અપગ્રેડ કરવાના તેમના ઈરાદાનો સંકેત આપ્યો છે.

### બ્રહ્મોસ મિસાઈલમાં કયા ફેરફારો કરવામાં આવશે?

પેસ્કોવે સંકેત આપ્યો હતો કે બંને દેશો બ્રહ્મોસ મિસાઈલમાં વધારાની સુવિધાઓ અને નવી ક્ષમતાઓ ઉમેરવા પર કામ કરી શકે છે. ઉદ્દેશ્ય વૈશ્વિક શસ્ત્ર બજારમાં તેની સ્પર્ધાત્મકતા વધારવા સાથે મિસાઈલની અસરકારકતા વધારવાનો છે.બ્રહ્મોસ ભારત અને રશિયા વચ્ચેનો સંયુક્ત સંરક્ષણ પ્રોજેક્ટ છે. આ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ જમીન, સમુદ્ર અને હવાથી લોન્ચ કરી શકાય તેવા પ્રકારોમાં ઉપલબ્ધ છે. બ્રહ્મોસ ભારતના સૌથી મહત્વપૂર્ણ સ્વદેશી સંયુક્ત સાહસ મિસાઈલ પ્રોજેક્ટ્સમાંનો એક છે. તેની સુપરસોનિક ગતિ, ચોકસાઈ-પ્રહાર ક્ષમતા અને વૈવિધ્યતા - તેને વિવિધ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરવાની મંજૂરી આપે છે - તેને એક મહત્વપૂર્ણ શસ્ત્ર પ્રણાલી બનાવે છે. બંને રાષ્ટ્રો હવે આગામી પેઢી માટે તેની ક્ષમતાઓ વધારવા માટે કામ કરી રહ્યા છે. SIPRI ડેટા અનુસાર, 2021-25 ના સમયગાળા દરમિયાન ભારતની મુખ્ય શસ્ત્ર આયાતમાં રશિયાનો હિસ્સો આશરે 40% હતો, જે પાછલા પાંચ વર્ષમાં લગભગ 51% હતો.

## દુનિયાના અબજપતિઓની યાદીમાં ઉથલપાથલ

### ટોપ-10 માં એક પણ ભારતીય નહીં...!



(એજન્સી) નવી દિલ્હી । તા. 09

બ્લૂમબર્ગના અબજોપતિઓની યાદીમાં અમેરિકન ટેક જાયન્ટ્સનો દબદબો જોવા મળ્યો છે. વિશ્વના ટોપ-10 ધનિકોમાં એક પણ ભારતીય ઉદ્યોગપતિ સ્થાન જાળવી શક્યા નથી. ઈલોન મસ્ક $341 અબજ સાથે ટોચ પર છે. મુકેશ અંબાણી $102 અબજ સાથે 18મા અને ગૌતમ અદાણી $98 અબજ સાથે 20મા ક્રમે સરક્યા છે. ભારતીય બજારની વોલેટિલિટીથી તેમને મોટો ફટકો પડ્યો છે.

**ટોપ-10 અબજપતિઓની યાદી અને તેમની અંદાજિત નેટવર્થ**

1.) ઈલોન મસ્કનેટવર્થ: $341 અબજ (આશરે 28.98 લાખ કરોડ), 2.) જેફ બેઝોસ નેટવર્થ: $214 અબજ (આશરે 18.19 લાખ કરોડ), 3). માર્ક ઝકરબર્ગ, નેટવર્થ: $208 અબજ (આશરે 17.68 લાખ કરોડ), 4.) લેરી એલિસન : નેટવર્થ: $195 અબજ (આશરે 16.57 લાખ કરોડ), 5.) બર્નાર્ડ આર્નોલ્ટ, નેટવર્થ: $172 અબજ (આશરે 14.62 લાખ કરોડ), 6.) બિલ ગેટ્સ : નેટવર્થ: $162 અબજ (આશરે 13.77 લાખ કરોડ), 7.) લેરી પેજ, નેટવર્થ: $152 અબજ (આશરે 12.92 લાખ કરોડ), 8.) વોરેન બફેટ, નેટવર્થ: $148 અબજ (આશરે 12.58 લાખ કરોડ), 9.) સર્ગેઈ બ્રિન, નેટવર્થ: $145 અબજ (આશરે 12.32 લાખ કરોડ)10.) સ્ટીવ બાલ્મર, નેટવર્થ: $144 અબજ (આશરે 12.24 લાખ કરોડ)

## વરસાદની ઘટ વચ્ચે સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘમહેર કચ્છ, અમરેલી અને જામનગરમાં વરસાદથી ખેડૂતો હરખાયા

(એજન્સી) કચ્છ । તા. 09

ગુજરાતમાં 9 સપ્ટેમ્બરે કચ્છ-સૌરાષ્ટ્રમાં વરસાદે હાશકારો આપ્યો. અમરેલીના ધારી, ખાંભા, સાવરકુંડલા, જાફરાબાદમાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો. કચ્છના અબડાસા, નખત્રાણા, ભુજમાં પણ ઝાપટાં પડ્યા. જામનગરમાં 42 દિવસના વિરામ બાદ મેઘરાજાની પધરામણીથી ખેડૂતોમાં ખુશી છવાઈ. હવામાન વિભાગે 12 થી 14 સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ આપ્યું છે. ગુજરાતમાં કચ્છ-સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વરસાદની ઘટ વચ્ચે બુધવારે(9 સપ્ટેમ્બર) અમરેલી, કચ્છ, જામનગર સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી 12 સપ્ટેમ્બરથી 14 સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી વિરામ બાદ સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જેમાં અમરેલીના ધારી, ખાંભા, સાવરકુંડલા પંથક સહિતના વિસ્તારોમાં વરસાદ થયો છે. અમરેલી જિલ્લાના અમુક ગામોમાં વાતાવરણ પલટાતા ખાંભા ગીરના રબારીક ગામ, સાવરકુંડલાના દાધીયા અને હાડીડા ગામે વરસાદી ઝાપટું પડ્યું. છેલ્લા દોઢેક મહિનાથી વરસાદ વિહોણા અમરેલી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાંથી અમુક ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. અન્ય તાલુકા મથકો પર ખેડૂતો કાગડોળે વરસાદની વાટ જોઈ રહ્યા છે, ત્યારે ધારી ગીરમાં ધીમીધારે વરસાદી માહોલ જોવા મળ્યો છે. જ્યારે સાવરકુંડલાના ખડસલી ગામે ધોધમાર વરસાદ બાદ કોસ્ટલ બેલ્ટ પંથકમાં સારો એવો વરસાદ વરસ્યો છે. તેમજ જાફરાબાદ શહેરના અમુક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. કચ્છમાં લાંબા વિરામ બાદ સવારના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો.

## ખડગે ટ્રસ્ટ જમીન કેસમાં હાઈકોર્ટનો મોટો નિર્ણય , સ્પેશિયલ કોર્ટનો તપાસનો આદેશ રદ

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

કર્ણાટક હાઈકોર્ટે ખડગે પરિવારના ટ્રસ્ટને 8,001 ચોરસ મીટર BDA જમીન ફાળવણી કેસમાં સ્પેશિયલ કોર્ટનો તપાસનો આદેશ રદ કર્યો. કર્ણાટક હાઈકોર્ટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને તેમના પરિવાર દ્વારા સંચાલિત ટ્રસ્ટને બેંગલુરુ વિકાસ પ્રાધિકરણની જમીન ફાળવવામાં કથિત ગેરરીતિઓની તપાસ સાથે જોડાયેલા કેસમાં મહત્વનો નિર્ણય આપ્યો છે. હાઈકોર્ટે આરોપોની તપાસ કરવા માટે રચાયેલી સ્પેશિયલ કોર્ટના આદેશને રદ કરી દીધો છે. આ મામલો 8,001 ચોરસ મીટરની કિંમતી જમીનની ફાળવણી સાથે જોડાયેલો છે. આ કેસમાં ફરિયાદીએ પોલીસ તપાસની માગ કરી હતી. તેણે હાઈકોર્ટમાં અરજી કરીને સ્પેશિયલ કોર્ટના તે નિર્ણયને પડકાર્યો હતો, જેમાં કોર્ટે પોતાની રીતે જ તપાસ શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. આ મામલો બેંગલુરુ વિકાસ પ્રાધિકરણ દ્વારા સિદ્ધાર્થ વિહાર ટ્રસ્ટને આપવામાં આવેલી 8,001 ચોરસ મીટરની કિંમતી જમીનની ફાળવણી સાથે જોડાયેલો છે.

### કોર્ટે કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવા કહ્યું

જસ્ટિસ એમ. નાગપ્રસન્નાએ BNSSની કલમ 223 હેઠળ કોર્ટ દ્વારા તપાસના આદેશને રદ કરતાં કહ્યું કે, "જે ખામી દૂર કરી શકાય છે, તેને દૂર કરવાની જરૂર છે, કાયદાકીય પ્રક્રિયાને જ છોડી દેવાની નહીં." કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે સંબંધિત કોર્ટ ફરિયાદીને એફિડેવિટમાં રહેલી ખામીઓ દૂર કરવાની તક આપશે. ત્યારબાદ BNSSની કલમ 175 હેઠળ નક્કી કરાયેલી પ્રક્રિયાનું કડક રીતે પાલન કરીને ફરિયાદ પર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલો બ્લાસ્ટ આત્મઘાતી હુમલો હતો

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટ કેસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી એ દાખલ કરેલી ચાર્જશીટમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, વિસ્ફોટમાં ઉપયોગમાં લેવાયેલી હ્યુન્ડાઈ i20 કાર વાસ્તવમાં એક 'વ્હીકલ-બોર્ન ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ' (VBIED) એટલે કે કાર બોમ્બ તરીકે વાપરવામાં આવી હતી. ફોરેન્સિક તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી TATP, એમોનિયમ નાઈટ્રેટ અને પોટેશિયમ નાઈટ્રેટ જેવા અત્યંત વિસ્ફોટક પદાર્થોના અંશ મળી આવ્યા છે. ઘટનાસ્થળેથી મળેલા જૈવિક નમૂનાઓની DNA ફિંગરપ્રિન્ટિંગ તપાસમાં મહત્વનો પુરાવો મળ્યો છે. NIAના દાવા અનુસાર, શરીરના ભાગો અને નાકના સેમ્પલની DNA તપાસમાં તેની ઓળખ માસ્ટરમાઈન્ડ ઉમર ઉન નબી તરીકે થઈ છે. એટલે કે, વિસ્ફોટ થયો તે સમયે ઉમર ઉન નબી કારની અંદર જ હાજર હતો. વિસ્ફોટમાં તેનું પણ મૃત્યુ થયું હોવાથી તેની સામેના કાનૂની



આરોપો રદ (Abated) કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન લાલ રંગની ટેપ વાળી એક કમાન્ડ સિસ્ટમ મળી આવી હતી. NIA મુજબ, આ ડિવાઈસનો ઉપયોગ IED ને દૂરથી કે ખાસ કમાન્ડ આપીને એક્ટિવ કરવા માટે કરવામાં આવ્યો હતો. આ સિસ્ટમ વિસ્ફોટ થયેલી કાર નજીકથી મળી આવી હતી. ચાર્જશીટમાં નૌગામ પોલીસ સ્ટેશન કેસનો પણ ઉલ્લેખ છે. આરોપી મુજમ્મિલ (A-4) ના ફરીદાબાદ સ્થિત અલ-ફલાહ યુનિવર્સિટી નજીકના ભાડાના મકાનમાંથી વિસ્ફોટકો, કેમિકલ્સ, ટાઈમર અને લેબ સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ સાધનોની તપાસ માટે તેને નૌગામ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા, જ્યાં 14 નવેમ્બર 2025ના રોજ અચાનક મોટો બ્લાસ્ટ થયો હતો, જેમાં 9 પોલીસકર્મીઓના મોત થયા હતા અને 29 લોકો ઘાયલ થયા હતા. ચાર્જશીટમાં જણાવ્યા મુજબ, આરોપી જસીર બિલાલ વાનીએ યૂટ્યુબ અને ChatGPT ની મદદથી રોકેટ બનાવવાની રીતો શોધી હતી, અને રોકેટ તૈયાર પણ કરી લીધું હતું.

**NIAની ચાર્જશીટમાં ઉમર નબી અંગે મોટો ખુલાસો**




# દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહની આગેવાની કરનાર ઈસુદાન ગઢવી વિધાનસભા પહોંચ્યા

(એજન્સી) અમદાવાદ | તા.09

વિધાનસભા સત્રના પ્રથમ દિવસે આમ આદમી પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યો સુકાયેલી મગફળી સહિતનો પાક લઈને વિધાનસભા પહોંચ્યા હતા. 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ'ની આગેવાની કરી રહેલા ઈસુદાન ગઢવીની સાથે AAP ધારાસભ્યો ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા, હેમંત ખવા અને સુધીર વાઘાણી અને AAP પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટે ખેડૂતોનો અવાજ બનીને દુષ્કાળ જાહેર કરવાની માંગ મજબૂતીથી ઉઠાવી હતી. આ તકે મિડીયા સાથે વાત કરતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે આજે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં ખેડૂતો દુષ્કાળનો સામનો કરી રહ્યા છે અને દેવાદાર બની ગયા છે. અમે અનિશ્ચિતકાળના સત્યાગ્રહ પર છીએ, ત્યારે આજે વિધાનસભા સત્ર દરમિયાન ખેડૂતોની કફાડી હાલત સરકારને બતાવવા અમારા ધારાસભ્યો સાથે હું પણ અહીં પહોંચ્યો છું.'આપ' નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે, અમે ખેડૂતોની હાલત બતાવવા માટે અહીં આવ્યા છીએ કારણ કે સરકાર અત્યારે મુંગી અને બહેરી થઈ ગઈ હોવાથી તેને જગાડવા માટે જ અમે સુકાયેલી મગફળી અને ઘાસચારો લઈને પહોંચ્યા છીએ. અમારી માંગ છે કે તુરંત જ સરકાર દુષ્કાળ જાહેર કરે અને સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા કરે. જેલમાંથી જામીન પર મુક્ત થયેલા ચૈતર વસાવા સહિત હેમંત ખવા, ગોપાલ ઈટાલિયા અને સુધીર વાઘાણી આ મુદ્દો વિધાનસભામાં પણ ગુંજવશે. ખેડૂતો આંદોલન કરે કે આત્મહત્યા કરવા મજબૂર થાય તે પહેલાં સરકારે તાત્કાલિક રાહતની જાહેરાત કરવી જોઈએ. ઊભો પાક સુકાઈ ગયો છે અને ઘાસચારાની અછતને કારણે પશુપાલકો હિજરત કરવા મજબૂર બન્યા છે, ખેડૂતોને 15 દિવસે એક ઘાસચારાની ઘાંસડી મળે છે તો એનાથી કઈ રીતે પૂરું થશે? ત્યારે ગુજરાતના ખેડૂત, પશુપાલક અને ખેત મજૂરોને બચાવવા ધારાસભ્યો સાથે મળીને અમે મજબૂતાઈથી અવાજ ઉઠાવી રહ્યા છીએ.

# દુષ્કાળ મેન્યુઅલ પ્રમાણે ખેડૂતો, ખેતમજૂરો અને પશુપાલકોને જે પણ લાભો મળવા જોઈએ, એ લાભો તેમને આપવામાં આવે: હેમંત ખવા AAP

(એજન્સી) અમદાવાદ | તા.09

આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને કચ્છ જિલ્લામાં નહીવત પ્રમાણમાં વરસાદ પડ્યો છે અને આ ચારેય જિલ્લાના ખેડૂતો, પશુપાલકો અને ખેતમજૂરો હાલ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. જ્યારે આપણે પાકનું વાવેતર કર્યું હોય અને એને ઓનલાઈન કરવા જઈએ ત્યારે આ ખેતરમાં કયો પાક વાવ્યો છે એ સરકારને



સેટેલાઈટના માધ્યમથી દેખાતું હોય છે. તો ચાલુ વર્ષે લગભગ પાક સુકાઈ ગયો છે પરંતુ આ સરકારના એક પણ મંત્રી કે સરકારના ધ્યાને આ સુકાયેલો પાક આવતો નથી.વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, હવે આજથી વિધાનસભાનું સત્ર મળવા જઈ રહ્યું છે તો જ્યાં નહિવત માત્રામાં વરસાદ પડ્યો છે એ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને દુષ્કાળ મેન્યુઅલ પ્રમાણે ખેડૂતો, ખેતમજૂરો અને પશુપાલકોને જે પણ લાભો મળવા જોઈએ, એ લાભો તેમને આપવામાં આવે એની માંગ સાથે વિધાનસભામાં ખેડૂતોનો અવાજ બુલંદ કરીશું. સરકારને આ વીડિયોના માધ્યમથી કહેવા માગું છું કે સૌરાષ્ટ્રના ખેડૂતો હાલ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તો સરકાર વહેલામાં વહેલી તકે દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોને તેમના તમામ લાભો આપવામાં આવે, જેથી ખેડૂતોને હાલના મુશ્કેલ સમયમાં થોડી મદદ પહોંચે.

# સરકારના પેટનું પાણી નથી હલતું, ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે: ગોપાલ ઈટાલીયા

(એજન્સી) અમદાવાદ | તા.09

વિધાનસભા સત્રના પ્રથમ દિવસે આમ આદમી પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યો સુકાયેલી મગફળી અને કપાસ સહિતનો પાક લઈને વિધાનસભા પહોંચ્યા હતા, પરંતુ અંદર જઈ રહેલા ધારાસભ્યોને પોલીસે રોક્યા હતા. 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ'ની આગેવાની કરી રહેલા ઈસુદાન ગઢવીની સાથે AAP ધારાસભ્યો ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા, હેમંત ખવા, સુધીર વાઘાણી અને AAP પ્રદેશ સંગઠન મંત્રી તેમજ પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે ખેડૂતોનો અવાજ બનીને દુષ્કાળ જાહેર કરવાની માંગ મજબૂતીથી ઉઠાવી હતી. આ તકે મીડિયા સાથે વાત કરતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ખેતરોમાં સિંચાઈ માટે પાણી ન હોવાથી કપાસ અને મગફળી સહિતના તમામ પાક સુકાઈ રહ્યા છે. 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ખેડૂતોએ બિયારણ, દવા, ખાતર અને યાંત્રિક સાધનો પાછળ જાત મહેનત કરીને જે પણ ખર્ચા કર્યા હતા, એ તમામ વસ્તુઓ પાણી વગર નિષ્ફળ ગઈ છે. ઈસુદાનભાઈના નેતૃત્વમાં અમે ખંભાળિયામાં પાંચ દિવસ સુધી 'દુષ્કાળ જાહેર કરો સત્યાગ્રહ' કર્યો હતો, હજારો ખેડૂતો આવ્યા અને માંગણી કરી કે દુષ્કાળગ્રસ્ત જાહેર કરો,મજૂરી કરતા લોકો અને પશુપાલન કરતા માલધારીઓને સહાય આપો, છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. પાણીના અભાવે અત્યારે ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે, ત્યારે આ વિધાનસભા સત્રના માધ્યમથી અમે સરકારને વિનંતી કરીએ છીએ કે વહેલામાં વહેલી તકે દુષ્કાળ જાહેર કરવામાં આવે અને ખેડૂતો, ખેતમજૂરો તથા પશુપાલક-માલધારીઓને તાત્કાલિક સહાય આપી ન્યાય આપવામાં આવે.

**બિયારણ, દવા સહિત ખેડૂતોએ જે પણ ખર્ચા કર્યા એ તમામ વસ્તુઓ નિષ્ફળ ગઈ, ખેડૂતો પાસે પાણી પણ નથી**

# ઘાસચારા અને પાણીની અછતને લીધે ૨૫ ગામોના માલધારીઓ હિજરત કરવા મજબૂર : ડૉ.કાયનાત અંસારી આથા AAP

અમદાવાદ : કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં ચાલુ ચોમાસા દરમિયાન પૂરતો વરસાદ ન પડવાને કારણે ગંભીર દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે, જેના લીધે પશુધન માટે લીલા અને સૂકા ઘાસચારા તેમજ પીવાના પાણીની ગંભીર અછત ઊભી થઈ છે. તાલુકાના આશરે ૨૫ જેટલા ગામોમાંથી માલધારી પરિવારો પોતાના ૭૦૦થી વધુ પશુઓ સાથે અન્ય વિસ્તારો તરફ હિજરત કરવા મજબૂર બન્યા છે, જેનાથી પશુઓના સ્વાસ્થ્ય અને જીવન પર ગંભીર જોખમ ઊભું થયું છે. પશુધન જ માલધારીઓની આજીવિકાનો મુખ્ય આધાર હોવાથી, આ પરિસ્થિતિમાંથી ઉગારવા આમ આદમી પાર્ટી દ્વારા



મામલતદારને તાત્કાલિક ધોરણે પૂરતો ઘાસચારો ઉપલબ્ધ કરાવવા, સરકારી ઘાસ ડેપો શરૂ કરી નિયમિત વિતરણ કરવા, પીવાના પાણીની વ્યવસ્થા કરવા, હિજરત કરી રહેલા ગામોમાં સર્વે કરી પશુઓની સંખ્યા મુજબ જરૂરિયાત નક્કી કરવા તેમજ માલધારીઓને સરકારી સહાય અને માર્ગદર્શન પૂરૂં પાડવા યુદ્ધના ધોરણે કામગીરી કરવાની આમ આદમી પાર્ટી પ્રદેશ ઉપપ્રમુખ ડૉ. કાયનાત અંસારી આથા દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.આ અંગે આમ આદમી પાર્ટી ગુજરાતના ઉપપ્રમુખ ડૉ. કાયનાત અંસારી આથાએ મામલતદારને આવેદનપત્ર આપી સરકાર પાસે ત્વરિત દુષ્કાળ અને રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી છે. તેમણે પ્રશાસનની કામગીરી સામે સવાલો ઉઠાવતા જણાવ્યું કે સરકારે ઘેર-ઘેર જઈને સર્વે કરવામાં વિલંબ કરવાને બદલે ત્વરિત નિર્ણય લેવો જોઈએ. તેમણે એક સરકારી ઘાસ ડેપોની રૂબરૂ મુલાકાત લીધી ત્યારે ત્યાં ઘાસનું એક તણખલું પણ નહોતું અને ઈનચાર્જે પણ ઘાસ ન હોવાનું સ્વીકાર્યું હતું. પ્રશાસન દ્વારા ૫ ડેપો ચાલુ હોવાના અને વધુ ૧૫ ડેપો શરૂ કરવાની વાતો કરવામાં આવે છે.

# કિંજલ રબારી અને પતિ અશોક ચૌધરીને હાઈકોર્ટમાંથી રાહત: ધરપકડ સામે સ્ટે, સિંગરે પોતાના અપહરણની વાત નકારી

(એજન્સી) અમદાવાદ | તા.09

લોકપ્રિય ગાયિકા કિંજલ રબારી અને પતિ અશોક ચૌધરીએ ગુજરાત હાઈકોર્ટમાં વીડિયો કોન્ફરન્સથી હાજરી આપી હતી. કિંજલે પોતાનું અપહરણ ન થયું હોવાનું સ્પષ્ટ કરતાં, અશોક સામેની અપહરણની ફરિયાદ શંકાસ્પદ ઠરી. હાઈકોર્ટે અશોકની ધરપકડ પર વચગાળાનો સ્ટે આપતાં દંપતીને મોટી રાહત મળી છે. આથી, પોલીસ હાલ તેમની અટકાયત નહીં કરી શકે. લોકપ્રિય સિંગર કિંજલ રબારી અને તેમના પતિ અશોક ચૌધરી સામે કોઈ કાયદાકીય કાનૂની કાર્યવાહી થાય તે પહેલાં જ તેમણે ગુજરાત હાઈકોર્ટના શરણે પહોંચી વિડીયો કોન્ફરન્સિંગ મારફતે પોતાની હાજરી નોંધાવી હતી. કોર્ટ સમક્ષ કિંજલ રબારીએ સ્પષ્ટપણે ખુલાસો કર્યો હતો કે તેમનું કોઈ અપહરણ થયું નથી. આ મામલે અશોક ચૌધરી સામે દાખલ થયેલી અપહરણની પોલીસ ફરિયાદ સંપૂર્ણપણે શંકાસ્પદ હોવાનું સામે આવતાં ગુજરાત હાઈકોર્ટે તેમને મોટી રાહત આપી છે. હાઈકોર્ટે અશોક ચૌધરીની ધરપકડ પર વચગાળાનો સ્ટે આપી દીધો છે. જેથી હાલમાં પોલીસ તેમની અટકાયત કે ધરપકડ કરી શકશે નહીં. ગાયિકાએ પોતે સ્વેચ્છાએ પતિ સાથે હોવાનું કોર્ટમાં જણાવતાં અપહરણનો મામલો બોગસ સાબિત થયો છે. કાયદાકીય તપાસમાં સત્ય સામે આવ્યા બાદ હાઈકોર્ટે પોલીસને આ મામલે કડક પગલાં લેતાં અટકાવીને દંપતીને મોટી રાહત આપી છે.ભૌગોલિક નકશા તપાસોઅમદાવાદના ચાંદખેડા વિસ્તારમાંથી ગાયિકા કિંજલ રબારીનું 6 સપ્ટેમ્બરે અપહરણ થયું હોવાની ઘટનામાં દરરોજ નવા વળાંક સામે આવી રહ્યા છે. ગાયિકાના પતિ મુકેશ દેસાઈ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ આ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો હતો. જોકે, આ વિવાદ વચ્ચે લોકપ્રિય સિંગર કિંજલ રબારી પોતાના પતિ અશોક ચૌધરી સાથે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ઉપસ્થિત થયા હતા.

# જનરલ મેનેજર પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના બે કર્મચારી સંરક્ષા પુરસ્કારથી સન્માનિત

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેય દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી, સતર્કતા તથા સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ રેલ કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેમાં અમદાવાદ મંડળના બે કર્મચારીઓ, શ્રી ધર્મવીર મહેતા અને શ્રી કોમલ સિંહનો સમાવેશ છે. બંને કર્મચારીઓને પોતાની સૂઝબૂઝ, કર્તવ્યનિષ્ઠા તથા ઝડપી નિર્ણય લેવાની ક્ષમતાથી સંભવિત અકસ્માતોને ટાળવા તેમજ રેલવેની સંરક્ષામાં મહત્વપૂર્ણ યોગદાન આપવા બદલ "મેન ઑફ ધ મન્થ" (જુલાઈ-2026) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. સન્માનિત કર્મચારીઓની વિગતો નીચે મુજબ છે : 1. શ્રી ધર્મવીર મેહતા, પૉઈન્ટ્સ મેન, સાબરમતી કોચિંગ ટર્મિનલ , તારીખ 14.07.2026 ના રોજ સાબરમતી કોચિંગ ટર્મિનલ પર 07:00 થી 15:00 કલાકની શિફ્ટમાં કાર્યરત પૉઈન્ટ્સ મેન શ્રી ધર્મવીર મેહતાએ પોતાની સતર્કતા અને સમજદારીથી સંભવિત મોટી ઘટનાને ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ટ્રેન નંબર 19410 ના પિટ લાઈન નંબર 2 પર આવ્યા પછી બે sick કોચોને છુટા પાડી તેમની જગ્યાએ બે ફિટ કોચોને ટ્રેનમાં જોડવાનું શંટિંગ કામ કરવામાં આવી રહ્યું હતું. શંટિંગ દરમિયાન શ્રી ધર્મવીર મેહતાએ સ્ટેબલિંગ લાઈન 2 માં રખાયેલા કોચથી ધુમાડો નિકળતો જોયો. તેમણે તાત્કાલિક આની



માહિતી CYM (ચીફ ગાર્ડ માસ્ટર) ને આપી. તપાસમાં ધુમાડો નિકળવાના કારણની જાણ થઈ. CYM ના નિર્દેશ મુજબ શ્રી ધર્મવીર મેહતાએ બંને કોચોને પાછળના લોડથી કાપીને છુટા કર્યા અને સુરક્ષિત અંતર પર ઊભા રાખ્યા. આ પછી ખામીયુક્ત કોચને છુટા પાડી દેવામાં આવ્યા. તેમની તાત્કાલિક કાર્યવાહીને લીધે આગને યાર્ડમાં રખાયેલ અન્ય કોચો સુધી ફેલાવાથી રોકી શકાઈ. 2. શ્રી કોમલ સિંહ, પૉઈન્ટ્સમેન, મોઠાલા, તારીખ 21.07.2026 ના રોજ પૉઈન્ટમેન શ્રી કોમલ સિંહ લેવલ ક્રોસિંગ નંબર 78 (ટ્રાફિક, ઈન્ટરલૉક) પર ફરજરત હતા. તેમની ડ્યૂટી દરમિયાન ટ્રેન નંબર E/BOXN/NLY સ્ટેશનથી મેઈન લાઈનથી પસાર થઈ. ટ્રેનની દેખરેખ કરતી વખતે તેમને એન્જિનથી 13મા વેગનના વ્હીલ જામ અવસ્થામાં જણાયા. તેમણે વગર વિલંબે આની સૂચના કાર્યરત સ્ટેશન માસ્ટરને આપી. સ્ટેશન માસ્ટર દ્વારા સેક્શન કન્ટ્રોલરની સલાહથી મોઠાલા-કોઠારા બ્લૉક સેક્શનમાં ટ્રેનની તપાસ કરાવવામાં આવી. તપાસમાં વ્હીલ જામ જણાયું તથા વ્હીલની ઉપર મેટલ ડિપોઝિટ પણ મળ્યું. મેટલ ડિપોઝિટ હટાવ્યા પછી ફ્લેટ ટાયર જોવા મળ્યું. આ પછી ટ્રેનને આગલા સ્ટેશન કોઠારા સુધી નિયંત્રિત ગતિથી લઈ જવામાં આવી અને ખામીયુક્ત વેગનને લોડથી છુટું પાડી ટ્રેનને ચલાવવામાં આવી. શ્રી કોમલ સિંહ દ્વારા ખામીયુક્ત વેગની સમયસર ઓળખ કરવી તેમની કાર્યકુશળતા, સતર્કતા અને સંરક્ષા પ્રત્યેની સજાગતા દર્શાવે છે. પશ્ચિમ રેલવે દ્વારા આ કર્મચારીઓની સતર્કતા, સમજદારી અને કર્તવ્યનિષ્ઠાને જોતાં તેમને "મેન ઑફ ધ મન્થ" સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેમના ઉદાહરણરૂપ કામ અને સમર્પણથી રેલવેમાં સંરક્ષા પ્રત્યે સજાગતા અને જવાબદારીની ભાવનાને વધુ મજબૂતી મળી છે.

# 'આપણી આંગણવાડી, આપણી જવાબદારી'ના સંકલ્પ સાથે '૯મો રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૬'ની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ | ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા પોષણ અભિયાન અંતર્ગત તા.૯ સપ્ટેમ્બર થી તા.૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશ અને રાજ્યમાં '૯મો રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૬'ની ઉજવણી 'આપણી આંગણવાડી, આપણી જવાબદારીના મુખ્ય સૂત્ર હેઠળ યોજવામાં આવી રહી છે.આ પોષણ માહની ઉજવણીના સુચારુ આયોજન, અસરકારક અમલીકરણ તેમજ વિવિધ વિભાગો વચ્ચે અંતર-વિભાગીય સંકલન જાળવવા આજે જૂનાગઢ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં પોષણ માહ- ૨૦૨૬ અંતર્ગત નક્કી કરવામાં આવેલા પાંચ મુખ્ય ઉપવિષયો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, આંગણવાડી કેન્દ્રો પર તાજું ગરમ રાંધેલું ભોજન (HCM), સામુદાયિક માલિકીપણું અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન (ECCE) તથા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)ના ૧૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અને ૧૦૦ ટકા નોંધણી નો સમાવેશ થાય છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આરોગ્ય, પંચાયત, શિક્ષણ, કૃષિ, આયુર્વેદ, પાણી પુરવઠા, માહિતી ખાતું અને આઈસીડીએસ સહિતના તમામ સંલગ્ન વિભાગોને ગ્રામ્ય, સેજા અને તાલુકા કક્ષાએ પરસ્પર સંકલન સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરવા સૂચના આપી હતી. તેમણે પોષણ માહ દરમિયાન યોજાનારી દૈનિક પ્રવૃત્તિઓની એન્ટ્રી જન આંદોલન ડેશબોર્ડ પર સમયસર કરવામાં આવે તેમજ જૂનાગઢ જિલ્લામાં પોષણ માહને માત્ર સરકારી કાર્યક્રમ પૂરતો સીમિત ન રાખી તેને જન આંદોલનનું સ્વરૂપ આપી 'સુપોષિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા તમામ વિભાગોએ સંકલિત પ્રયાસો કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# જુનાગઢ માર્કેટિંગ યાર્ડ ચૂંટણીમાં ગેરરીતી જોવા મળી, બોગસ મતદાન થયું: રાજુ બોરખતરીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી રાજુભાઈ બોરખતરીયા, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ ઉપાધ્યક્ષ તથા વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આજે જુનાગઢ માર્કેટિંગ યાર્ડમાં યોજાયેલ ચૂંટણીમાં થઈ રહેલી ગેરરીતિને પકડી પાડી હતી. આ મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી રાજુભાઈ બોરખતરીયાએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે જુનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ચૂંટણી ચાલી રહી છે, તેમાં ખૂબ જ ગેરરીતી જોવા મળી છે. આ ચૂંટણીમાં બોગસ મતદાન થઈ રહ્યું છે. જ્યાં માર્કેટિંગ યાર્ડની અંદર ચૂંટણી થઈ રહી છે ત્યાં ચૂંટણી અધિકારી બેઠા છે એમની બાજુના રૂમમાં ડુપ્લીકેટ આધાર કાર્ડ બનાવીને બોગસ મતદારોને મોકલવામાં આવી રહ્યા છે. બોગસ મંડળીઓ તો બનાવી જ હતી પરંતુ હવે




બોગસ મતદારો પણ આપણને જોવા મળી રહ્યા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રાજુભાઈ બોરખતરીયાએ જણાવ્યું હતું કે, ખરેખર જે મતદાર ન હોય અથવા તો જે લોકો મત આપવા માટે હાજર ન હોય એવા લોકોના આધાર કાર્ડ બનાવીને બોગસ મતદારો દ્વારા મતદાન કરવામાં આવી રહ્યું છે. બીજી ઘટના એવી પણ બની કે, એક વ્યક્તિ મત આપવા માટે આવે છે અને ચૂંટણી અધિકારીને કહે છે કે "મારે મત નાખવો છે" ત્યારે એ વ્યક્તિને જણાવવામાં આવે છે કે એ વ્યક્તિનો મત ઓલરેડી પડી ગયો છે. આ બાબત જ્યારે અમારા ધ્યાનમાં આવી તો અમે અધિકારી અને પોલીસ સુધી અને પહોંચાડવાની કોશિશ કરી પરંતુ ત્યાં જે ભ્રષ્ટ લોકો હતા એ લોકો દ્વારા તેની સાથે ધક્કામુક્કી કરીને તેને બહાર ખસેડી દેવામાં આવ્યો. તો આ રીતે માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં ખૂબ જ ગેરરીતિ થઈ છે, પૂરેપૂરું મતદાન બોગસ થયું છે.

# લંડનના ATC સિસ્ટમમાં ટેકનિકલ ખામી, અમદાવાદના મુસાફરો સહિત 246થી વધુ મુસાફરો જ્યૂરીખમાં ફસાયા

(એજન્સી) અમદાવાદ | તા.09

લંડનમાં ATC સિસ્ટમની ટેકનિકલ ખામીથી આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા ખોરવાઈ છે. મુંબઈથી લંડન જતી એર ઈન્ડિયાની AI-131 ફ્લાઈટને જ્યૂરીખ ડાયવર્ટ કરાઈ. જેમાં 246થી વધુ મુસાફરો, જેમાં અમદાવાદના અનેક નાગરિકોનો પણ સમાવેશ થાય છે, તેઓ ફસાયા હતા. મુસાફરોએ જ્યૂરીખ એરપોર્ટ પર રાત વિતાવી, ચા-નાસ્તો મળ્યો પણ મુશ્કેલી યથાવત્ રહી. નવી ફ્લાઈટની રાહ જોવાઈ રહી છે.

લંડનમાં એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સિસ્ટમમાં આવેલી ટેકનિકલ ખામીની અસર આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા પર પડી છે. યુકેના એરપોર્ટ્સ પરથી આવતી-જતી સેંકડો ફ્લાઈટ્સનું શેડ્યૂલ ખોરવાયું છે અને કેટલીક ફ્લાઈટ્સ રદ કરવી પડી રહી છે. આ ટેકનિકલ ખામીનો ભોગ મુંબઈથી લંડન જતી એર ઈન્ડિયાની AI-131





ફ્લાઈટ પણ બની હતી. ફ્લાઈટને લંડનના બદલે જ્યૂરીખ ડાયવર્ટ કરવામાં આવી હતી.

આ ફ્લાઈટમાં અમદાવાદના અનેક મુસાફરો સહિત 246થી વધુ મુસાફરો સવાર હતા. મુસાફરો મંગળવારે સવારે જ એરપોર્ટ પહોંચી ગયા હતા અને ફ્લાઈટ બપોરે આશરે 1.30 વાગ્યે લંડન માટે રવાના થઈ હતી. જોકે લંડનમાં ATC સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતા ફ્લાઈટને લંડન લઈ જવાને બદલે જ્યૂરીખ ડાયવર્ટ કરવામાં આવી હતી.ફ્લાઈટ જ્યૂરીખ એરપોર્ટ પર લેન્ડ થયા બાદ શરૂઆતમાં મુસાફરોને વિમાનની અંદર જ રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ ફ્લાઈટ રદ કરવામાં આવી અને તમામ મુસાફરોને વિમાનમાંથી ઉતારીને જ્યૂરીખ એરપોર્ટ પર લઈ જવાયા હતા.ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા પેસેન્જર સંજય સૂર્યબલીએ જણાવ્યું કે ફ્લાઈટ હજુ જ્યૂરીખ એરપોર્ટ પર જ છે અને બપોરે 2 વાગ્યા બાદ નવી માહિતી આપવામાં આવશે. એરપોર્ટ પ્રશાસન દ્વારા મુસાફરો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે લાંબી રાહ જોવી પડતી હોવાથી મુસાફરોની મુશ્કેલી વધી હતી અને કેટલાક મુસાફરોએ એરપોર્ટની બેન્ચ તેમજ જમીન પર સૂઈને રાત પસાર કરી હતી.એર ઈન્ડિયા છેલ્લા કેટલાક સમયથી ઓપરેશનલ અને અન્ય પડકારોનો સામનો કરી રહી છે. ત્યારે લંડનના ATCમાં આવેલી આ ટેકનિકલ ખામીથી આંતરરાષ્ટ્રીય રૂટ પર તેની કામગીરીને વધુ અસર થઈ છે. AI-131માં અમદાવાદ સહિતના મુસાફરોને લંડન પહોંચવાના બદલે જ્યૂરીખમાં લાંબી રાહ જોવી પડી છે. હવે મુસાફરોને આગળ લંડન કેવી રીતે પહોંચાડવામાં આવશે અને નવી ફ્લાઈટ ક્યારે મળશે તે અંગેની જાહેરાતની રાહ જોવાઈ રહી છે.

# 'તુ મને ગમતી નથી, દહેજમાં કંઈ લાવી નથી...' લગ્નના 15 વર્ષે સાસરિયાએ મેણાં મારતા પરિણીતાએ અમદાવાદ કેનાલમાં ઝંપલાવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.09

શાહીબાગમાં રહેતી 40 વર્ષીય પરિણિતાના લગ્નને 15 વર્ષ થયા છતા પણ પતિ સહિત સાસરીયાઓ દહેજની માંગણી કરી ત્રાસ આપતા હતા. એટલુ જ નહીં તું પિયરમાંથી કંઈ લાવેલ નથી, અને તું હવે મને ગમતી નથી કહીને પતિ સતત હેરાન કરતો હતો. જેથી કંટાળીને પરિણિતાએ તેના પિતાને ફોન કરીને કેનાલમાં પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે મૃતકના પિતાએ શાહિબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ, સહિત સાસરીયાઓ સામે ગુનો નોંધી તપાસ શરૂકરી છે.સૈજપુર બોઘા ખાતે રહેતા અંબારામ વાઘેલાની દીકરી સોનલબેનના લગ્ન આશરે 15 વર્ષ પહેલાં શાહીબાગ ખાતે રહેતા પરેશ શામળભાઈ સોલંકી સાથે થયા હતા. તેમને સંતાનમાં 11 વર્ષનો પુત્ર 'ભૂમિલ' છે. લગ્નજીવનના શરૂઆતના વર્ષો સારા રહ્યા બાદ દસ વર્ષ પહેલાં પતિ પરેશને ધંધા-વેપારમાં મોટું



નુકસાન જતાં દેવું થઈ ગયું હતું. ત્યારથી સાસરિયાઓ ચઢામણી કરીને પિયરમાંથી પૈસા લઈ આવવા માટે સોનલબેનને સતત મેણાં-ટોણા મારતા હતા.પરિણિતાને અવારનવાર કહેવામાં આવતું હતું કે, "તું પિયરમાંથી કંઈ લાવેલ નથી, તું અમને ગમતી નથી અને કોઈ કામ-ધંધો પણ કરતી નથી." આ ઉપરાંત પતિ બીજી પત્ની લાવવાની ધમકી આપતો હતો. ગઈ તારીખ 6 તારીખના રોજ સવારે સોનલબેને પોતાના પિતાને ફોન કરીને રાયપુર કેનાલે હોવાનું જણાવી કહ્યું હતું કે, "હું સાસરિયાના અસહ્ય ત્રાસથી કંટાળીને કેનાલમાં પડું છું."પિતા અને પરિવારજનો તુરંત જ કેનાલ પર દોડી ગયા હતા.

# શ્રાવણ વદ તેરસ (માસિક શિવરાત્રિ)ના પાવન અવસરે સોમનાથ મહાદેવને અલૌકિક 'મહારુદ્ર શૃંગાર'



નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા.૯ પવિત્ર શ્રાવણ માસની માસિક શિવરાત્રિના પરમ મંગલકારી અવસરે, પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને ભવ્યાતિભવ્ય 'મહારુદ્ર શૃંગાર' અર્પણ કરવામાં આવ્યો હતો.દેવાધિદેવ મહાદેવનું 'મહારુદ્ર' સ્વરૂપ એ પરમ ચેતના, અનંત ઊર્જા અને પરમ કલ્યાણનું પ્રતીક છે. શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ મહારુદ્ર સ્વરૂપ સૃષ્ટિના પુનઃસર્જન માટે અસત્ય, અજ્ઞાન અને નકારાત્મકતાના સંહારનું પ્રતિનિધિત્વ કરે છે. લય અને પુનર્જીવનના આ ચક્રમાં સમગ્ર સૃષ્ટિ નશ્વર હોવા છતાં એકમાત્ર શિવ જ શાશ્વત, અવિચળ અને સત્ય તત્વ તરીકે બિરાજમાન રહે છે. ભગવાન શિવનું આ તેજોમય સ્વરૂપ ભક્તોના હૃદયમાં પરમ શ્રદ્ધા અને સમર્પણ ભાવ જાગૃત કરે છે, જ્યારે અધર્મી તત્વો માટે તે પ્રચંડ દંડનાયક સમાન છે. મહારુદ્રની આરાધના મોહ-માયાના બંધનો તોડી આત્મસાક્ષાત્કાર અને મોક્ષ પ્રાપ્તિ તરફ દોરી જાય છે. શિવરાત્રિના પુણ્ય દિને સોમનાથ જ્યોતિર્લિંગના મહારુદ્ર શૃંગારનાં દર્શન કરી હજારો ભાવિકોએ આધ્યાત્મિક શાંતિ, ઊર્જા અને અંતઃકરણ ની પવિત્રતાનો અનુભવ કર્યો હતો. આ દિવ્ય શૃંગારમાં પવિત્ર રુદ્રાક્ષની માળાઓ, સુગંધિત શ્વેત-રક્ત પુષ્પો, ત્રિપુંડ ચંદન તેમજ પૂજન સામગ્રીનો ઉપયોગ કરી સોમનાથ મહાદેવના જ્યોતિર્લિંગને અત્યંત મનોહારી અને ભક્તિમય રીતે સુશોભિત કરવામાં આવ્યું હતું.

## ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત

# માળિયા હાટીના, માંગરોળ અને કેશોદ ખાતે રજીસ્ટ્રેશન માર્ગદર્શન શિબિર યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાજ્યના યુવાનોમાં રમતગમત પ્રત્યે જાગૃતિ વધારવા, વધુમાં વધુ ખેલાડીઓને રમતગમત સાથે જોડવા તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓને યોગ્ય તક મળી રહે તે હેતુસર ખેલ મહાકુંભ-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભ અંતર્ગત ખેલાડીઓ, શાળા- કોલેજો, રમતગમત સંસ્થાઓ સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા સરળતાથી અને મહત્તમ પ્રમાણમાં થાય તે હેતુસર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા તાલુકાવાર રજીસ્ટ્રેશન તથા માર્ગદર્શન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે માળિયા હાટીના, માંગરોળ અને કેશોદ તાલુકાના બી.આર.સી. ભવન ખાતે રજીસ્ટ્રેશન માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. શિબિર માં ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા, ખેલાડીઓની એન્ટ્રી, રમતવાર તથા વયજૂથવાર નોંધણી, જરૂરી વિગતો ભરવાની પ્રક્રિયા તેમજ રજીસ્ટ્રેશન દરમિયાન ઉદ્દભવતી મુશ્કેલીઓના નિરાકરણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માળિયા હાટીના ખાતે પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હમીરભાઈ સિંધવ, શૈક્ષણિક સંઘના પ્રમુખ જયદીપસિંહ ડોડીયા, બી.આર.સી. કો-ઓર્ડીનેટર રાજેશભાઈ ડોડીયા સહિત તાલુકાના સી.આર.સી. કો-ઓર્ડીનેટર તથા આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. માંગરોળ ખાતે બી.આર.સી. કો-ઓર્ડીનેટર નરેન્દ્રસિંહ ચુડાસમા, વ્યાયામ સંઘના મહામંત્રી શૈલેષભાઈ પરમાર, કેળવણી નિરીક્ષક આનંદભાઈ તન્ના સહિત તાલુકાના સી.આર.સી. કો-ઓર્ડીનેટર તથા સંબંધિત શાળા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કેશોદ ખાતે બી.આર.સી. કો-ઓર્ડીનેટર ભરતભાઈ નંદાણીયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રકાશભાઈ ચુડાસમા, શૈક્ષણિક સંઘના અધ્યક્ષ વિરમભાઈ ચોચા, ઉત્કર્ષ મંડળના પ્રમુખ સુનીલભાઈ રાઠોડ, તાલુકાના સી.આર.સી. કો-ઓર્ડીનેટર સહિત આચાર્યશ્રીઓ તથા સંબંધિત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મનીષકુમાર જીલડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના દ્વારા ઉપસ્થિતોને ખેલ મહાકુંભ-૨૦૨૬ના ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### 6ઠ્ઠા માળે લાગેલી આગ નીચે ફેલાઈ, 17થી વધુ દુકાનો બળીને ખાખ; 1 ફાયરકર્મીને ઈજા

# સુરતમાં શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં આગ

(એજન્સી) સુરત | તા. 09



સુરતના સારોલીમાં આવેલી જાણીતી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં મધરાતે વિકરાળ આગ ફાટી નીકળી હતી. માર્કેટના છઠ્ઠા માળેથી શરૂ થયેલી આગ જોતજોતામાં પાંચમા અને ચોથા માળ સુધી પ્રસરી ગઈ હતી. ઘટનાને પગલે ફાયર વિભાગે તાત્કાલિક 'બ્રિગેડ કોલ' જાહેર કરી શહેરભરમાંથી ફાયર ફાઈટરોને રવાના કર્યા હતા.

રાતે 12 વાગ્યાથી આગ ભભૂકી છે, 8 કલાકે થોડી કાબુમા આવી હતી. જોકે આગ ફરી બેકાબૂ બની અને કંટ્રોલમાં આવેલી આગ અન્ય દુકાનમાં પ્રસરી વિકરાળ બની છે. 10 કલાકથી વધુની મહેનત છતાં આગ પર કાબુ મેળવી શકાયો નથી. એક જગ્યાએ આગ કાબુમાં લેવાય છે તો અન્ય જગ્યાએ ફરી ભભૂકી ઉઠે છે. ટેક્સટાઈલ માર્કેટના છઠ્ઠા માળ પર એક પછી એક દુકાનોમાં આગ પ્રસરી હતી. એક ફાયરકર્મીને ઈજા થતા સારવારમાં ખસેડાયો હતો.

છઠ્ઠા ફ્લોરના માળિયામાં સંગ્રહિત સાડીઓનો જથ્થો પેટ્રોકેમિકલ્સ પ્રકારનું મટીરીયલ હોવાથી તે ફ્યુઅલ તરીકે કામ કરી રહ્યું છે, જેના કારણે હીટ, સ્મોક અને ચેઈન રિએક્શનથી એક દુકાનમાંથી બીજી દુકાનમાં હીટ ટ્રાન્સફર થતાં આગ વારંવાર પ્રજ્વલિત થઈ રહી હતી. હાલમાં સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને આગ સંપૂર્ણપણે ઓલવવા માટે કૂલિંગ કામગીરી ચાલી રહી છે, જેમાં હજુ થોડો સમય લાગશે.

વેપારી અનુપ જલને જણાવ્યું હતું કે, માર્કેટના છઠ્ઠા માળે આવેલી દુકાનોની બહાર રાખેલા સિન્થેટિક માલના જથ્થાએ આગ પકડી લેતાં તે ક્ષણભરમાં વિકરાળ બની બંને તરફની દુકાનોમાં પ્રસરી ગઈ હતી. મારી સહિત અન્ય વેપારીઓની અંદાજે 15થી 17 જેટલી દુકાનો બળીને ખાખ થઈ ગઈ છે. ફાયર બ્રિગેડે ભારે જહેમત ઉઠાવી હોવા છતાં આગળ-પાછળ ઝડપથી ફેલાયેલી આગના કારણે પેક કરાયેલા સેંકડો પાર્સલ અને તૈયાર માલ બળીને રાખ થયા છે.

તહેવારોની સીઝન પૂરજોશમાં ચાલી રહી હોવાથી મોટા પાયે સ્ટોક તૈયાર કરવામાં આવ્યો હતો, પરંતુ આ દુર્ઘટનાએ વેપારીઓની મહિનાઓની મહેનત પર પાણી ફેરવી દીધું છે. આગની તીવ્રતા, ધુમાડા અને બચાવ કામગીરી દરમિયાન છંટાયેલા પાણીના કારણે માલસામાનને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. માર્કેટના નિયમ મુજબ રાત્રે તમામ દુકાનોના મુખ્ય વીજ કનેક્શન બંધ કરી દેવાતા હોવા છતાં, બંધ માર્કેટમાં આગ કયા કારણોસર લાગી તે હજુ અકબંધ છે.

ફાયર કંટ્રોલ રૂમને રાત્રે 12:12 વાગ્યે શ્યામ સંગીની માર્કેટમાં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતાં ઉચ્ચ અધિકારીઓ સહિત પ્રારંભિક તબક્કે 5થી 6 ગાડીઓ રવાના કરવામાં આવી હતી. જોકે, સ્થળ પર પહોંચતાં જ 5મા અને 6ઠ્ઠા માળે આગની જ્વાળાઓ અને કાળા ડિબાંગ ધૂમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા પારખીને બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. 15થી વધુ ફાયર ટેન્ડર અને હાઈરાઈઝ બિલ્ડિંગ માટે વપરાતી ટર્ન ટેબલ લેડર મારફતે આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં સવારે 9 વાગ્યે આગને થોડી કાબુમાં લેવાઈ હતી. ત્યારબાદ ફરી આગ ભભૂકવા લાગી છે.

2500થી 2700 સ્ક્વેર ફૂટમાં ફેલાયેલા બે ગોડાઉનનો કાપડનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો, જ્યારે કેટલોક માલ પાણીના કારણે પલળીને બરબાદ થયો હતો. ઘટનાની જાણ થતાં જ SMC ના અધિકારીઓ, સ્થાનિક કોર્પોરેટરો અને ખુદ મેયર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હાલ આગ પાછળનું સાચું કારણ જાણવા માટે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. માર્કેટ ચારેય તરફથી બંધ હોવાને કારણે અંદર ધુમાડો ભરાઈ ગયો. સૌથી મોટી મુશ્કેલી એ ઊભી થઈ છે કે માર્કેટના પેસેજમાં ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલા કાપડના જથ્થામાં આગ પકડાઈ છે. પેસેજ બ્લોક હોવાથી ફાયર વિભાગના જવાનોને અંદર પ્રવેશવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. સલામતીના ભાગરૂપે અને શોર્ટ સર્કિટથી આગ વધુ ન ભડકે તે માટે સમગ્ર બિલ્ડિંગનો વીજ પુરવઠો તાત્કાલિક કાપી નાખવામાં આવ્યો છે.

## સુરતના પાલીમાં દહીંહાંડીની ઉજવણી વચ્ચે બબાલ

### પાણી ઉડતાં દૂધ આપવા આવેલા શખ્સો ઉશ્કેરાયા, જાહેરમાં એક વ્યક્તિ પર લાકડીઓ લઈ તૂટી પડ્યા




સુરત | સુરતના સચિન GIDC વિસ્તારમાં પાલી ગામની શિવાલિક સોસાયટીમાં જન્માષ્ટમી પર્વે દહીંહાંડીની ઉજવણી દરમિયાન સામાન્ય બાબતે મોટો વિવાદ સર્જાયો હતો. ઉત્સવના માહોલમાં લોકો પાણી છાંટીને આનંદ માણી રહ્યા હતા, તે દરમિયાન સોસાયટીમાં દૂધ આપવા આવેલા લોકો પર પાણી ઉડી ગયું હતું. આ નજીવી બાબતે ઉશ્કેરાયેલા શખ્સોએ સ્થાનિકો પર હુમલો કરી દીધો હતો.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે, દહીંહાંડીના ઉત્સાહ વચ્ચે અચાનક પરિસ્થિતિ વણસી અને વિવાદ મારામારી સુધી પહોંચી ગયો હતો. સોસાયટીના રહીશો ડીજેના તાલ સાથે નાચી રહ્યા હતા અને ઉત્સવની મજા માણી રહ્યા હતા. તે જ સમયે ત્યાંથી પસાર થતાં દૂધવાળા પર પાણીની છાલક પડતાં તેઓ આપો ખોઈ બેઠા હતા. ઉશ્કેરાયેલા બે શખ્સો હાથમાં લાકડી અને દંડા લઈને સીધા સ્થાનિકો તરફ દોડી આવ્યા હતા. આરોપીઓએ જાહેરમાં દંડા ફટકારીને એક સ્થાનિક વ્યક્તિને નિર્દયતાથી માર માર્યો હતો, જેના કારણે ઉત્સવના વાતાવરણ વચ્ચે નાસભાગ મચી ગઈ હતી અને ભયનો માહોલ સર્જાયો હતો.

સચિન જીઆઈડીસી પોલીસે સગીર સહિત ત્રણ સામે પગલાં લીધાં આ બનાવની જાણ થતાં જ સચિન જીઆઈડીસી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક તપાસ હાથ ધરીને ત્રણ શખ્સો સામે અટકાયતી પગલાં ભર્યા છે. ઝડપાયેલા આરોપીઓમાં રોહિત હરિ ભરવાડ અને રોહિત ગાજી દાગલીયા સામેલ છે, જ્યારે એક કાયદાના સંઘર્ષમાં આવેલો સગીર પણ આ હુમલામાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે તમામના નિવેદન નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદના CAએ મિત્રો સાથે મળી ઈન્ડોનેશિયન કોલસો ઈમ્પોર્ટ કરી ભારતમાં વેચાણ કરતા હોવાનું કહીં રોકાણ કરાવ્યું હતું

(એજન્સી) રાજકોટ | તા. 09

રાજકોટના વેપારી અને તેમના પરિચિતો સાથે અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને તેમની કંપનીના અન્ય 2 ડિરેક્ટરોએ મળીને ઈન્ડોનેશિયન કોલસાના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધામાં ઊંચા વળતરની લાલચ આપી 144 કરોડ વધુ રકમની છેતરપિંડી આચરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજકોટ આર્થિક ગુના નિવારણ શાખા (EOW) એ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આરોપી જય ચોટલીયાએ પોતાની કંપની 'ટર્નરેસ્ટ રિસોર્સીસ પ્રા.લી.' માં મોટા પ્રમાણમાં ઈન્ડોનેશિયન કોલસો ઈમ્પોર્ટ કરી સમગ્ર ભારતમાં વેચવાનો કારોબાર હોવાનું બતાવ્યું હતું. તેમણે ફરિયાદી અને અન્ય રોકાણકારોને જમીન-મિલકતો બેંકમાં મોર્ગેજ (જામીન) તરીકે મૂકી સી.સી./લોન અપાવી તે નાણાં કંપનીમાં ડિપોઝિટ કરાવવા લાલચ આપી હતી. રોકાણકારોને લાલચ આપવામાં આવી હતી કે 5 વર્ષમાં કંપનીનું ટર્નઓવર 1500 થી 2000 કરોડ થશે અને તેમાંથી ખૂબ મોટો નફો તથા ઊંચું વળતર અપાશે. 5 વર્ષ સુધી ડિપોઝિટ કે મિલકત છોડાવી શકાશે નહીં તેવી શરત રાખી હતી.

ફરિયાદી જયેન્દ્રભાઈ મુળજીભાઈ અકબરી અને તેમના પરિચિતો કેશુભાઈ હરિભાઈ બોદર, ખોડાભાઈ મોહનભાઈ બોઘરા, રસિકભાઈ બોદર તેમજ ભાનુબેન બોદર વગેરેની રાજકોટ જિલ્લાના લોધીકાના વડ વાજડી ગામની કિંમતી બિનખેતી જમીન તથા અન્ય મિલકતો 'ધી કો-ઓપરેટિવ બેંક ઓફ રાજકોટ લી.'માં મોર્ગેજ મૂકાવીને કુલ 1,44,19,26,000 (1.44 અબજ) ની લોન/સી.સી. મેળવી લીધી હતી.

આરોપીઓ સમયાંતરે બોગસ ઓડિટ રિપોર્ટ અને ખરીદ-વેચાણના ઈ-મેઈલ મોકલી રોકાણકારોને અંધારામાં રાખતા હતા. 5 વર્ષ વીતી જવા છતાં કોઈ વળતર કે મુડી પરત ન આપતાં છેતરપિંડી છતી થઈ હતી.

## શહેરમાં ગણેશ આગમન જોવા નીકળેલો 13 વર્ષનો કિશોર રસ્તો ભૂલ્યો

(એજન્સી) સુરત | તા. 09

શહેરના વરાછા સ્થિત અશ્વિનીકુમાર વિસ્તારમાં ગણેશ આગમનની ધૂમ વચ્ચે એક પરિવાર પર ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. મૂળ ડાકોરનો વતની અને છેલ્લા એક મહિનાથી સુરતમાં પોતાના નાના-નાની સાથે રહેતો 13 વર્ષીય અવનીશ ગણેશજીનું આગમન જોવા માટે ઘરેથી એકલો નીકળ્યો હતો. દર્શન કર્યા બાદ પરત ફરતી વેળાએ તે ઘરનો રસ્તો ભૂલી ગયો હતો. જો કે, અશ્વિનીકુમાર પોલીસે ગણતરીના કલાકોમાં જ કિશોરને સહીસલામત શોધી કાઢી પરિવારને સોંપ્યો હતો.

13 વર્ષીય અવનીશ એકાદ મહિના પહેલાં જ ડાકોરથી સુરત નાના-નાનીના ઘરે રહેવા આવ્યો હોવાથી શહેરના રસ્તાઓથી ખાસ વાકેફ ન હતો. વિસ્તારમાં નીકળેલા ગણપતિ બાપ્પાના આગમનને જોવા માટે તે ઉત્સાહભેર ઘરેથી નીકળ્યો હતો. દર્શન કર્યા બાદ જ્યારે તે પરત ફરી રહ્યો હતો, ત્યારે રસ્તો ભટકી જતાં અજાણ્યા વિસ્તારમાં ચાલ્યો ગયો હતો. મોડી સાંજ સુધી દીકરો ઘરે ન પહોંચતાં પરિવારજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને આસપાસ શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો મળ્યો ન હતો.

કિશોર ગુમ થયો હોવાની જાણ પરિવાર દ્વારા અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનને કરવામાં આવતાં જ પોલીસ હરકતમાં આવી ગઈ હતી. મામલાની ગંભીરતા સમજીને સર્વેલન્સ સ્કવોડના અધિકારીઓ અને કર્મચારીઓની અલગ-અલગ ટીમ બનાવવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક સ્થાનિક સ્તરે તપાસ હાથ ધરી હતી અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી કિશોર જે રૂટ પર ગયો હોવાની શક્યતા હતી ત્યાં શોધખોળ શરૂ કરી હતી.

પોલીસની સતર્કતા અને ઝડપી કાર્યવાહી રંગ લાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ અવનીશને સહીસલામત શોધી કાઢ્યો હતો. કાયદેસરની ખરાઈ અને પૂછપરછ પૂર્ણ કર્યાં બાદ કિશોરને સુરક્ષિત રીતે તેના ચિંતિત પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. હેમખેમ દીકરાને સામે જોતાં જ પરિવારજનો ભાવુક થઈ ગયા હતા અને તેમની આંખમાંથી હર્ષના આંસુ સરી પડ્યા હતા. પરિવારે અશ્વિનીકુમાર પોલીસ સ્ટાફની ત્વરિત કામગીરી અને માનવતાભર્યાં અભિગમ બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## રાજકોટમાં નિર્માણાધીન બ્રિજની કામગીરીમાં બેદરકારી મામલે કાર્યવાહી:બે ઈજનેરને સસ્પેન્ડ કરાયા, ડેપ્યુટી કમિશ્નર અને સિટી ઈજનેરને નોટિસ ફટકારી

(એજન્સી) રાજકોટ | તા. 09

રાજકોટ શહેરના નવા રિંગરોડ ઉપર નિર્માણાધીન બ્રિજની કામગીરીમાં બેદરકારી મામલે મનપાએ મોટી કાર્યવાહી કરી છે. બે ઈજનેરને સસ્પેન્ડ કરાયા છે. જ્યારે ડેપ્યુટી કમિશનર અને સિટી ઈજનેરને મ્યુ. કમિશનરે કારણદર્શક નોટિસ ફટકારી છે. નાયબ ઈજનેર વી. સી. કારીયા અને આસી.ઈજનેર વિશાલ વાગડીયા નામનાં ઈજનેરોને સસ્પેન્ડ કરાયા છે. આ ઉપરાંત, ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી અને સિટી ઈજનેર કુંતેશ મહેતાને પણ કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

નવા રિંગરોડ ઉપર કટારીયા ચોકડી પાસે અલગ અલગ ત્રણ નાના બ્રિજ 40 કરોડના અંદાજિત ખર્ચથી તૈયાર થઈ રહ્યા છે. જેમાં કામમાં બેદરકારી, બ્રિજના કામમાં ક્ષતિઓ સહિતના મામલે કાર્યવાહી કરવામાં આવી છે. ગંભીર બેદરકારી ખુલ્લી પડતાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. અયોગ્ય એલાઈનમેન્ટ, નબળી ગુણવત્તા અને કામમાં ભારે વિલંબ થયો હતો. બેકબોન કન્સ્ટ્રક્શન કંપનીને પણ નોટિસ અપાઈ છે.

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ 150 ફૂટ રિંગ રોડ પર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા નિર્માણાધીન ત્રણ બ્રિજના કામોની રૂબરૂ સ્થળ મુલાકાત લીધી હતી. કમિશનરે બ્રિજની કામગીરીની પ્રગતિ, નિર્માણની ગુણવત્તા, સ્થળ પર ઉપલબ્ધ મેન પાવર, સાઈટ મોનિટરિંગ અને પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમયમર્યાદા અંગે ખૂબ જ ઝીણવટભરી અને વિગતવાર સમીક્ષા કરી હતી.

આ ત્રણ બ્રિજ (BR-2, BR-3 અને BR-4)ના વાઈડનિંગ કામગીરીની ચકાસણી દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ જ વર્કમેનશીપનો સ્પષ્ટ અભાવ જોવા મળ્યો હતો. જેમાં કામગીરીની નબળી ગુણવત્તા અને સ્થળ ઉપર જોવા મળેલી ક્ષતિઓને ગંભીરતાથી લઈને મનપા કમિશનરે તાત્કાલિક અસરથી પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટને સમગ્ર કામગીરીનો ટેકનિકલ સર્વે કરીને વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો હતો.

### 'ટાર્ગેટ પૂરો કરો તો બે વર્ષના અંતે રૂ.2 કરોડ મળશે', બે શખ્સ સામે ફરિયાદ

## ડિજિટલ કરન્સીમાં રોકાણના નામે 61.73 લાખથી વધુની છેતરપિંડી




(એજન્સી) વડોદરા | તા. 09

વડોદરામાં ડિજિટલ કરન્સીમાં નાણાં રોકી મોટો નફો કમાવવાની લાલચ આપી નાગરિક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી દિલીપ ચૌધરી તથા લલીત પ્રજાપતિ નામના બે શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચી ભોગ બનનાર પાસેથી કુલ રૂ.65.43 લાખ પડાવી લીધા બાદ માત્ર થોડી રકમ પરત આપી બાકીના રૂ. 61.73 લાખ પડાવી ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓએ ફરિયાદી સાથે ટેલિફોનિક સંપર્ક કરી તેમજ કપુરાઈ ચોકડી ખાતે રૂબરૂ મુલાકાત યોજી હતી. આ દરમિયાન આરોપીઓએ રોકાણ સંબંધી મોટી વાતો કરી ભોગ બનનારને જણાવ્યું હતું કે, પહેલાં સોના-ચાંદીના સિક્કા ચલણ તરીકે વપરાતા હતા, ત્યારબાદ કાગળની કરન્સી આવી અને હવે ડિજિટલ કરન્સીનો યુગ શરૂ થયો છે. કરન્સી ક્યારેય બંધ થતી નથી. અમે ભવિષ્યની આવી કરન્સીમાં રોકાણ કરીએ છીએ, જેમાં દસ ગણું વળતર મળે છે જેમાંથી અમે ત્રણ ગણું વળતર રોકાણકારોને આપીએ છીએ.

આરોપીઓએ ફરિયાદીને પોતાની આકર્ષક સ્કીમની જાળમાં ફસાવતાં જણાવ્યું હતું કે, જો તેઓ મેથી ડિસેમ્બર દરમિયાન રૂ. 65 લાખ રોકવાનો ટાર્ગેટ પૂરો કરશે તો બે વર્ષના અંતે રૂ.2 કરોડ મળશે. ફરિયાદી આવી લોભામણી લાલચમાં આવી જઈ આરોપીઓના અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા 65.43 લાખ જમા કરાવ્યા હતા.

જોકે, સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જ્યારે ફરિયાદીએ પોતાના મૂળ નાણાં તથા વળતરની માંગણી કરી ત્યારે આરોપીઓએ ગોળ-ગોળ વાતો કરી વધુ 10 ટકા રકમની માગણી શરૂ કરી હતી. અંતે ભોગ બનનારે તેમના વિરુદ્ધ અરજી આપતાં આરોપીઓએ માત્ર રૂ. 3.70 લાખ પરત કર્યા હતા. જ્યારે બાકી રહેલી રૂ. 61.73 લાખ પરત આપવાને બદલે "જે થાય તે કરી લો" કહી હાથ ઊંચા કરી દીધા હતા. આ સમગ્ર મામલે ભોગ બનનારે છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### પેપર ચેકિંગમાં મૂલ્યાંકન કેન્દ્રો પર ન પહોંચતા ખુલાસો માંગ્યો, અસંતોષકારક જવાબથી ₹3,000નો દંડ ભરવો પડશે

## સુરતના 844 શિક્ષકને બોર્ડ કામગીરીમાં ગેરહાજરી બદલ DEOની નોટિસ

(એજન્સી) સુરત | તા. 09

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-10 અને ધોરણ-12ની વાર્ષિક બોર્ડ પરીક્ષાઓની ઉત્તરવહી મૂલ્યાંકન કામગીરીમાં સુરત જિલ્લાના 844 શિક્ષક ગેરહાજર નોંધાયા છે. બોર્ડની આ ફરજિયાત અને મહત્વપૂર્ણ સરકારી કામગીરી હોવા છતાં મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર ફરજ પર હાજર ન રહી 'ગુલ્લી' મારનારા આ તમામ 844 શિક્ષકોને સુરત જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથ સિંહ પરમાર દ્વારા કડક કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. શિક્ષણ વિભાગે તમામ ગેરહાજર શિક્ષક પાસેથી સ્પષ્ટતા માંગી છે કે સરકારી આદેશનું ઉલ્લંઘન કરી તેઓ પેપર ચકાસણી કામગીરીમાં શા માટે ઉપસ્થિત ન રહ્યા.

બોર્ડ પરીક્ષાની કોઈપણ પ્રકારની મૂલ્યાંકન કે નિરીક્ષણ કામગીરીમાંથી કોઈ પણ શિક્ષક સ્વેચ્છાએ




કે મનસ્વી રીતે મુક્તિ મેળવી શકતો નથી. માત્ર અત્યંત અસાધારણ સંજોગોમાં જ બોર્ડ સ્તરેથી મુક્તિ આપવામાં આવે છે. આમ છતાં સુરતમાંથી સેંકડો શિક્ષકો ગેરહાજર રહેતાં સંબંધિત શાળાઓના આચાર્યો સામે પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે. શાળાઓને આદેશ કરાયો છે કે તેમના સ્ટાફના ગેરહાજર રહેલા સભ્યો અંગે આધારભૂત દસ્તાવેજો સાથે તાકીદે લેખિત ખુલાસો રજૂ કરવામાં આવે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથ સિંહ પરમારે જણાવ્યું હતું કે, 'ધોરણ-10 અને 12ની ઉત્તરવહીના મૂલ્યાંકન માટે સુરતના શિક્ષકોના આદેશો કરાયા હતા. તે પૈકી SSCમાં 322, HSC સામાન્ય પ્રવાહમાં 323 અને વિજ્ઞાન પ્રવાહમાં 199 મળી કુલ 844 શિક્ષકો ગેરહાજર રહ્યા હતા. ઘણા શિક્ષકોની માંદગીનું કારણ હોઈ શકે છે અથવા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બંનેમાં વિષય હોવાથી એક જ શિક્ષકના બે આદેશ થયા હોવાની સંભાવના પણ છે. તમામના ખુલાસા મેળવી વિગતવાર અહેવાલ બોર્ડને મોકલાશે. જે શિક્ષક પાસે ગેરહાજરીનું કોઈ યોગ્ય કારણ નહીં હોય, તેમની સામે સીધા દંડકીય પગલાં લેવાશે.'

જો કોઈ શાળાએ ઓર્ડર મળ્યા છતાં શિક્ષકને મૂલ્યાંકન માટે શાળામાંથી મુક્ત ન કર્યા હોય, તો તે સંજોગોમાં શાળા સંચાલક મંડળે શિક્ષક દીઠ 3,000નો દંડ ભરવો પડશે. બીજી તરફ, જો શાળાએ શિક્ષકને નિયમ મુજબ છૂટા કરી દીધા હોવા છતાં શિક્ષક પોતાની બેદરકારી કે અંગત કારણોસર હાજર ન રહ્યા હોય, તો આ દંડની રકમ શિક્ષકે પોતાના ખિસ્સામાંથી ભરવાની રહેશે. યોગ્ય કારણ વગર ગેરહાજર રહેલા શિક્ષકો સામે ખાતાકીય તપાસ પણ થઈ શકે છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તમામ 844 શિક્ષકોના જવાબો અને પુરાવાઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ એક વિસ્તૃત યાદી ગાંધીનગર શિક્ષણ બોર્ડને સુપરત કરવામાં આવશે. અસંતોષકારક ખુલાસો આપનારા શિક્ષકો સામે કાયદેસરનો દંડ વસૂલવામાં આવશે. સાથોસાથ ભવિષ્યની બોર્ડ પરીક્ષાઓમાં શિક્ષકો આવી સરકારી ફરજમાંથી છટકી ન જાય તે માટે શાળા સંચાલક મંડળ અને આચાર્યોને અત્યારથી જ કડક તાકીદ સાથે સત્તાવાર ચેતવણી આપવામાં આવી રહી છે.

### વાઘોડિયા રોડ પરથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

## વોટ્સએપથી રેકેટ ચલાવતો, 11.16 લાખનો મુદ્દામાલ જપ્ત, મુખ્ય સૂત્રધાર ફરાર

(એજન્સી) વડોદરા | તા. 09



વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલ આશાપુરી નગરમાં પીસીબી પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે એક આરોપીને ઝડપી લીધો છે, જ્યારે મુખ્ય સૂત્રધાર પોલીસ પકડથી દૂર છે. પોલીસે સ્થળ પરથી રૂપિયા 11.16 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો હતો જ્યારે મુખ્ય સૂત્રધાર ફરાર થઈ જતા પોલીસે તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

વાઘોડિયા રોડ પર વૈકુંઠ-1 ની પાછળ આશાપુરી નગરમાં રહેતા ભાવેશ જશવંતસિંહ ચૌહાણ દ્વારા વિદેશી દારૂનો જથ્થો મંગાવવામાં આવ્યો હતો. તેણે આશાપુરી નગરમાં આવેલ એક જર્જરિત મકાન તથા તેની સામેના પોતાના મકાનમાં આ વિદેશી દારૂનો સંગ્રહ કર્યો હતો. આ ગુનામાં સંડોવાયેલ ભાવેશ ચૌહાણ પોતાનો વોટ્સએપ નંબર વાપરીને આ રેકેટ ચલાવતો હતો, જે હાલ પોલીસ પકડમાં આવ્યો નથી.

પોલીસની આ રેઈડ દરમિયાન મુખ્ય આરોપી ભાવેશ ચૌહાણનો સાળો અજય મહેશભાઈ વસાવા (રહે. આશાપુરી નગર, વૈકુંઠ-1 ની બાજુમાં, વાઘોડિયા રોડ, વડોદરા) સ્થળ પરથી જ ઝડપાઈ ગયો હતો. પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો અને ટીન નંગ 2330, જેની કિંમત રૂપિયા 11,11,060 થાય છે, તે જપ્ત કર્યો હતો. આ ઉપરાંત ઘટનાસ્થળેથી મોબાઈલ ફોન પણ મળી આવ્યો હતો.

### aસુરતીઓ માટે રાહતના સમાચાર:

## રાંદેર વિયર-કમ-કોઝવે 69 દિવસ બાદ ફરી શરૂ થયો ; 3-4 કિમીના લાંબા ફેરામાંથી મુક્તિ મળી

(એજન્સી) સુરત | તા. 09



સુરતમાં ચોમાસા દરમિયાન તાપી નદીમાં પાણીની ભારે આવકને કારણે સુરક્ષાના ભાગરૂપે બંધ કરાયેલો રાંદેર સ્થિત ઐતિહાસિક વિયર-કમ-કોઝવે 69 દિવસ બાદ વાહનવ્યવહાર માટે ફરી ખુલ્લો મૂકાયો છે. વરસાદનું જોર ઘટતાં અને જળસ્તર ભયજનક સપાટીથી નીચે ઉતરતાં સુરત મહાનગરપાલિકાએ આ નિર્ણય લીધો છે. જેનાથી સ્થાનિક વાહનચાલકોને 3 થી 4 કિમીના લાંબા ફેરામાંથી મોટી રાહત મળી છે.

ચોમાસામાં ઉપરવાસમાંથી તાપી નદીમાં વિપુલ પ્રમાણમાં પાણી છોડાતું હતું. પાણીની સતત આવકથી કોઝવેની સપાટી ભયજનક સ્તરે પહોંચી હતી. સુરત મહાનગરપાલિકાએ સુરક્ષા અર્થે તેને સવા બે મહિનાથી વધુ બંધ રાખ્યો હતો. હાલમાં સુરત શહેર અને ઉપરવાસમાં વરસાદનું જોર નહિવત બન્યું છે. તાપી નદીમાં પાણીની આવકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જળસ્તર ઘટતાં પાલિકાના ઈજનેરી વિભાગે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. માર્ગ પરથી કાદવ-કચરો દૂર કરાવી વાહનવ્યવહાર શરૂ કરવાની લીલી ઝંડી અપાઈ છે.

કોઝવે સતત 69 દિવસ સુધી બંધ રહેતાં હજારો નાગરિકોને મુશ્કેલી પડી હતી. રાંદેર, અડાજણ, ચોકબજાર અને કતારગામ તરફ જતા વાહનચાલકોને ભારે અગવડતા થતી હતી. લોકોને રોજના કામકાજ માટે અન્ય વૈકલ્પિક બ્રિજ પરથી જવું પડતું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**કર્ક : ડ. હ.**

તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**સિંહ : મ. ટ.**

અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશો કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.

**તુલા : ર. ત.**

ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે.

**વૃશ્ચિક : ન. ય.**

ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**મકર : ખ. જ.**

અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

## ભાદરવી પૂનમ

# માં અંબાના આશીર્વાદથી ભાદરવી પૂનમ મહામેળો બનશે શ્રદ્ધા અને ભક્તિનો અલૌકિક સંગમ

પાલનપુર : વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે તા. ૨૦ સપ્ટેમ્બરથી તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓને લઈને જિલ્લા કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મહામેળા માટે રચવામાં આવેલી વિવિધ સમિતિઓના અધ્યક્ષો દ્વારા મેળા દરમિયાન ભાવિક ભક્તોને ઉપલબ્ધ કરાવવામાં આવનાર વિવિધ સુવિધાઓ અને વ્યવસ્થાઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી પોતાની કામગીરીની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અંબાજી ખાતે દર્શનાર્થે તથા આશીર્વાદ લેવા આવનાર હોવાથી તેમની સુવિધા અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને વિવિધ વ્યવસ્થાઓ અંગે બેઠકમાં વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ટ્રાફિક વ્યવસ્થા, આરોગ્ય, સ્વચ્છતા સહિતની બાબતો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલે ભાદરવી પૂનમ મહામેળો સુચારૂ અને સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ભક્તોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે તમામ વ્યવસ્થાઓ સુદ્રઢ અને સુવ્યવસ્થિત રાખવા સૂચના આપી હતી. સાથે જ મેળામાં આવનાર ભાવિક ભક્તોને શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ વાતાવરણમાં સુખદ અનુભવ મળી રહે તે માટે તમામ વિભાગોએ પરસ્પર સંકલન અને સહકાર સાથે કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

### જિલ્લા વિકાસ અધિકારી એમ.જે. દવે ના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ

# બનાસકાંઠા જિલ્લામાં 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ અંતર્ગત તા. ૯ સપ્ટેમ્બરથી ૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી કરાશે

(એજન્સી) પાલનપુર | તા.09



સમગ્ર રાજ્યની સાથે બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૯ સપ્ટેમ્બરથી તા. ૦૮ ઓક્ટોબર સુધી ૦૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'ની વ્યાપક ઉજવણી કરવામાં આવશે. પોષણ સૂચકાંકોમાં સુધારો લાવવા તેમજ દેશભરમાં પોષણ-કેન્દ્રિત સંવેદનશીલતા વધારવાના ઉદ્દેશથી 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' મુખ્ય થીમ સાથે એક માસ સુધી સઘન જન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના સુચારૂ અને અસરકારક સંચાલન સંદર્ભે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવેના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્ય થીમ સાથે પોષણ માસ દરમિયાન જિલ્લાના આંગણવાડી કેન્દ્રો ખાતે આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, સામુદાયિક માલિકીપણું અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન (Early Stimulation) તેમજ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે સહાય સહિતના વિવિધ વિષયો પર જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે.આ સમગ્ર માસ દરમિયાન સ્વાસ્થ્ય અને પોષણ મેળા, સ્વસ્થ તથા વૈવિધ્યસભર પૌષ્ટિક રેસિપીનું પ્રદર્શન, આંગણવાડી કેન્દ્રો પર સાપ્તાહિક મેનુ રોટેશન, ગરમ રાંધેલા તાજા ભોજનનું નિદર્શન તેમજ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ૧૦૦ ટકા નોંધણી સુનિશ્ચિત કરવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં આઈસીડીએસ વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રી સહિત આરોગ્ય, પંચાયત અને શિક્ષણ વિભાગના નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી પોષણ માસની સુચારૂ અમલવારી અંગે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

# વિકસતા ગઢશીશા ગામે Urban Vogue Exhibition સંપન્ન : આસપાસના ગામોનો ઉત્સાહભેર પ્રતિસાદ

| મહેશ એલ. સોની નખત્રાણા





માંડવી તાલુકાના ઝડપથી વિકસતા એવા ગઢશીશા ગામે ફેશન, લાઈફસ્ટાઈલ અને ડેકોરના ત્રિવેણી સંગમ સમા "Urban Vogue Exhibition"નું તા. 7 અને 8 સપ્ટેમ્બર 2026 ના રોજ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયું હતું.પ્રદર્શનનો શુભારંભ તા. 7 મી ના રોજ સવારે 9:30 કલાકે પૂજ્ય શ્રી ચંદુ માં ના પાવન હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. દીપ પ્રજ્વલન સાથે જ સમગ્ર વાતાવરણ દિવ્યતા અને ઉમંગથી ઝળહળી ઉઠ્યું હતું.આ મંગલ અવસરે ગામના સામાજિક, રાજકીય અગ્રણીઓ, વિવિધ સમાજના આગેવાનો, વેપારી મંડળના હોદ્દેદારો અને મહાનુભાવો દીપ પ્રાગટ્ય વખતે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રદર્શનનું સૌથી મોટું આકર્ષણ અને સફળતા એ રહી કે માત્ર ગઢશીશા જ નહીં પરંતુ આસપાસના દરશડી, મોમાઈ મોરા, ભેરૈયા, વિરાણી નાની, જામથડા, લુડવા, મઊં, રત્નાપર સહિતના 10 થી 12 ગામોના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પરિવાર સાથે ખરીદીનો આનંદ માણ્યો હતો. ગ્રામ્ય કક્ષાએ મેટ્રો સિટી કક્ષાના આ આયોજનને મળેલો અભૂતપૂર્વ પ્રતિસાદ એ ગઢશીશાની વિકાસગાથાની સાક્ષી બની રહ્યો હતો. પ્રદર્શનમાં મુંબઈ, સુરત, અમદાવાદ અને કચ્છની પ્રખ્યાત બ્રાન્ડ્સ દ્વારા કપડાં, જ્વેલરી, કોસ્મેટિક્સ, ઘર સજાવટ, ફૂટવેર, કિડ્સ વેર અને પરફ્યુમના આકર્ષક સ્ટોલ ઉભા કરાયા હતા. સવારે 9 થી રાત્રે 9 વાગ્યા સુધી પ્રવેશ નિ:શુલ્ક રાખવામાં આવ્યો હતો.આ અંગે આયોજક હર્ષ ઠક્કરે દરશડી, મોમાઈમોરા, ભેરૈયા, વિરાણી નાની, જામથડા, લુડવા, મઊં, રત્નાપર સહિત આસપાસના તમામ ગામોના નાગરિકોએ જે પ્રેમ અને ઉત્સાહ દાખવ્યો છે તે બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# દેશલપર PHCમાં તબીબી સેવાને નવી મજબૂતી : ડૉ. જયદીપસિંહ મોરીની મેડિકલ ઓફિસર તરીકે નિમણૂક

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



દેશલપર (ગુંતલી) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડૉ. જયદીપસિંહ મોરી (MBBS) ની મેડિકલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવતા દેશલપર સહિત આસપાસના વિસ્તારના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.દેશલપર અને આસપાસના ગામો માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહત્વપૂર્ણ આરોગ્યસેવાનું કેન્દ્ર છે. મેડિકલ ઓફિસરની નિમણૂકથી ગ્રામજનોને સ્થાનિક સ્તરે સમયસર તબીબી તપાસ અને સારવારની સુવિધા મળી રહેશે. ખાસ કરીને સામાન્ય બીમારીની સારવાર તેમજ વિવિધ આરોગ્યલક્ષી સેવાઓમાં ગ્રામજનોને વધુ સગવડ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

નિમણૂકને આવકારતાં દેશલપરના પૂર્વ ઉપસરપંચશ્રી પ્રવિણસિંહ સોઢાએ સમગ્ર ગામ વતી સંબંધિત તંત્રનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "દેશલપર PHCમાં MBBS મેડિકલ ઓફિસરની નિમણૂક થવાથી સમગ્ર વિસ્તારના લોકોને સમયસર અને નજીકમાં તબીબી સારવારનો લાભ મળશે. ગ્રામજનોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ નિમણૂક બદલ સમગ્ર ગામ વતી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ."તેમજ દેશલપરના પ્રાઈવેટ પ્રેક્ટિશનર ડૉ. રામસિંહ રાઠોડ સહિત ગ્રામજનોએ પણ ડૉ. જયદીપસિંહ મોરીની નિમણૂકને આવકારી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, PHCમાં મેડિકલ ઓફિસરની ઉપલબ્ધતાથી દર્દીઓને સારવાર માટે દૂરના સ્થળોએ જવાની મુશ્કેલીમાં ઘટાડો થશે અને ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓ વધુ સુદૃઢ બનશે.ડૉ. જયદીપસિંહ મોરીની નિમણૂકથી દેશલપર (ગુંતલી) સહિત આસપાસના ગામોના લોકોને સમયસર, સુલભ અને સ્થાનિક સ્તરે તબીબી સેવા મળી રહે તેવી આશા સાથે ગ્રામજનોએ નવી નિમણૂકને હાર્દિક આવકાર આપ્યો છે.

### ડબલ ધમાકો : ખો-ખોમાં કુમાર-કન્યા બંને ટીમ નંબર-વન!

# તાલુકા કક્ષાના રમતોત્સવમાં બંને ટીમોએ લહેરાવ્યો વિજયનો પરચમ; હવે રમત મહાકુંભમાં પણ પ્રથમ સ્થાન મેળવવાનો સંકલ્પ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



લખપત તાલુકાના કલરાવાંઢ ગામે રમતગમતના મેદાનમાં કલરાવાંઢની શાળાના ખેલાડીઓએ દમદાર પ્રદર્શન કરી ડબલ વિજય મેળવ્યો છે. આશાપુરા લિમિટેડ તથા આશાપુરા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા તાલુકા કક્ષાના રમતોત્સવમાં કલરાવાંઢની કુમાર અને કન્યા બંને ખો-ખો ટીમોએ પ્રથમ સ્થાન મેળવી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે.

12 શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલા આ રમતોત્સવમાં 100 મીટર દોડ, લાંબી કૂદ, ચક્ર ફેંક, ગોળા ફેંક તથા ખો-ખો સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાની રમતગમતની પ્રતિભા દર્શાવવા માટે મંચ પૂરો પાડતા આ આયોજનમાં ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.ખો-ખો કુમાર વિભાગમાં કલરાવાંઢ ટીમ-1 પ્રથમ અને આસલડી ટીમ દ્વિતીય રહી હતી. જ્યારે કન્યા વિભાગમાં પણ કલરાવાંઢ ટીમ-1 પ્રથમ અને આશાપર ટીમ દ્વિતીય રહી હતી. કુમાર ટીમના કેપ્ટન જત અનવર કાસમ તથા કન્યા ટીમના કેપ્ટન જત હુરબાઈ ઉમરનામના નેતૃત્વ હેઠળ ખેલાડીઓએ શાનદાર ટીમવર્ક, શિસ્ત અને રમતિયાળ ભાવના સાથે મુકાબલો જીતી લીધો હતો.બંને ટીમોની જીત બાદ ખેલાડીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. હવે ખેલાડીઓની નજર આગામી રમત મહાકુંભ પર છે. "પ્રથમ નંબર જ લક્ષ્ય" સાથે સતત પ્રેક્ટિસ અને મહેનત કરીને મહાકુંભમાં પણ કલરાવાંઢનું નામ રોશન કરવાનો સંકલ્પ ખેલાડીઓએ વ્યક્ત કર્યો છે.રમતોત્સવમાં વિવિધ વ્યક્તિગત સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. 100 મીટર દોડ, લાંબી કૂદ, ચક્ર ફેંક અને ગોળા ફેંકમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય સ્થાન મેળવનાર ખેલાડીઓને રોકડ ઈનામ, મેડલ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્માના અધ્યક્ષસ્થાને થરાદ જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ

# વાવ - થરાદ જિલ્લામાં 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ અંતર્ગત તા. ૯ સપ્ટેમ્બરથી ૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી કરાશે

(એજન્સી) થરાદ | તા.09



સમગ્ર રાજ્યની સાથે વાવ - થરાદ જિલ્લામાં તા. ૦૯ સપ્ટેમ્બરથી તા. ૦૮ ઓક્ટોબર સુધી ૦૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'ની વ્યાપક ઉજવણી કરવામાં આવશે. પોષણ સૂચકાંકોમાં સુધારો લાવવા તેમજ દેશભરમાં પોષણ-કેન્દ્રિત સંવેદનશીલતા વધારવાના ઉદ્દેશથી 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' મુખ્ય થીમ સાથે એક માસ સુધી સઘન જન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના સુચારૂ અને અસરકારક સંચાલન સંદર્ભે વાવ - થરાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્માના અધ્યક્ષસ્થાને થરાદ જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્ય થીમ સાથે પોષણ માસ દરમિયાન જિલ્લાના આંગણવાડી કેન્દ્રો ખાતે આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, સામુદાયિક માલિકીપણું અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન (Early Stimulation) તેમજ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે સહાય સહિતના વિવિધ વિષયો પર જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે,આ સમગ્ર માસ દરમિયાન સ્વાસ્થ્ય અને પોષણ મેળા, સ્વસ્થ તથા વૈવિધ્યસભર પૌષ્ટિક રેસિપીનું પ્રદર્શન, આંગણવાડી કેન્દ્રો પર સાપ્તાહિક મેનુ રોટેશન, ગરમ રાંધેલા તાજા ભોજનનું નિદર્શન તેમજ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ૧૦૦ ટકા નોંધણી સુનિશ્ચિત કરવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.આ બેઠકમાં આઈસીડીએસ વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રી સહિત આરોગ્ય, પંચાયત અને શિક્ષણ વિભાગના નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી પોષણ માસની સુચારૂ અમલવારી અંગે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન બહાર મોટી ઠગાઈ, કોન્ટ્રાક્ટરને ચામાં કેફી પીણું પાઈ લાખો રૂપિયા પડાવ્યા




અમદાવાદ : અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન બહાર મહારાષ્ટ્રના ઈલેક્ટ્રિક કોન્ટ્રાક્ટર જયપ્રકાશ તિવારી લૂંટનો ભોગ બન્યા. બે અજાણ્યા ગઠિયાઓએ ચામાં કેફી પીણું પીવડાવી બેભાન કરી, સોનાની ચેઈન, મોબાઈલ અને Google Pay દ્વારા 77,000 પડાવી લીધા. કોન્ટ્રાક્ટરે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. અમદાવાદના અતિ વ્યસ્ત એવા કાલુપુર રેલવે સ્ટેશન બહાર વધુ એક ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રથી કામ અર્થે આવેલા એક ઈલેક્ટ્રિક કોન્ટ્રાક્ટરને બે અજાણ્યા ગઠિયાઓએ વિશ્વાસમાં લીધા બાદ ચામાં કેફી પીણું પીવડાવી બેભાન કરી દીધા હતા. આ ગઠિયાઓએ કોન્ટ્રાક્ટર પાસેથી સોનાની ચેઈન અને મોંઘો મોબાઈલ ફોન આંચકી લીધો હતો. એટલું જ નહીં, આરોપીઓએ પીડિતના મોબાઈલમાંથી ઓનલાઈન ગૂગલ પે મારફતે કુલ 77 હજાર રૂપિયા પણ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.મહારાષ્ટ્રના નાલાસોપારા ઈસ્ટ વિસ્તારમાં રહેતા 48 વર્ષીય ઈલેક્ટ્રિક કોન્ટ્રાક્ટર જયપ્રકાશ તિવારી જન્માષ્ટમી નિમિત્તે અમદાવાદના હંસપુરા રામદેવપીર મંદિર અને નરોડા ખોડિયાર માતાના મંદિરમાં લાઈટ ફિટિંગનું કામ કરવા આવ્યા હતા. 7 સપ્ટેમ્બરે કામ પૂર્ણ કર્યા બાદ તેઓ પોતાના કારીગર ક્રિષ્ણાકાંત સાથે પરત મહારાષ્ટ્ર જવા માટે કાલુપુર રેલવે સ્ટેશન પહોંચ્યા હતા.

# રિવરફ્રન્ટ પર 'રામાધણી' લખેલી એક બાઈક પર 5 લોકોના સ્ટંટ દ્વારા સીનસપાટા, પોલીસ એક્શનમાં

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદના પ્રખ્યાત સાબરમતી રિવરફ્રન્ટ પર એક જ બાઈક પર 5 યુવકો સવાર થઈને જોખમી સ્ટંટ કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. સામે આવેલા વીડિયોમાં એક બાઈક પર 4 યુવકો બેઠેલા હતા. જ્યારે અન્ય 1 યુવક બાઈકની બાજુમાં લટકતો જોવા મળ્યો હતો. જાહેર માર્ગ પર બાઈકચાલક દ્વારા કરવામાં આવેલા આ જોખમી સ્ટંટના કારણે રસ્તા



પરથી પસાર થતા અન્ય વાહનચાલકો તેમજ રાહદારીઓની સુરક્ષા પણ ભારે જોખમમાં મુકાઈ હતી. આ ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે કાયદાકીય તપાસ હાથ ધરી હતી.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ વાઈરલ વીડિયો ઉસ્માનપુરા રિવરફ્રન્ટથી ઈન્કમટેક્સ બ્રિજ તરફ જતા માર્ગનો છે. બાઈકના પાછળના ભાગે નિયમ મુજબની નંબર પ્લેટ હટાવીને 'રામાધણી' લખવામાં આવ્યું હતું. જોકે, બાઈકની આગળના ભાગે રહેલી નંબર પ્લેટના આધારે પોલીસે સઘન તપાસ કરતા આ વાહન શાહપુર વિસ્તારમાં રહેતા ટીનાબેન પરમારના નામે નોંધાયેલું હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી. વાહનની વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ઘટના સમયે આ બાઈક 20 વર્ષીય હાર્દિક વાઘેલા નામનો યુવક ચલાવી રહ્યો હતો.પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, બાઈકચાલક હાર્દિક વાઘેલાએ પોતાની બાઈક પર પાછળ 3 સગીરોને બેસાડ્યા હતા. આ ઉપરાંત 18 વર્ષીય જશવંત સોલંકી નામના યુવકને બાઈકની બાજુમાં જોખમી રીતે લટકાવીને લઈ જવામાં આવ્યો હતો. જાહેર માર્ગ પર કુલ 5 સવારી સાથે અન્ય લોકોના જીવને જોખમમાં મૂકીને સ્ટંટ કરવાના મામલે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસે બાઈકચાલક હાર્દિક વાઘેલા અને બાજુમાં લટકનાર જશવંત સોલંકી સામે કાયદાકીય કાનૂની કાર્યવાહી હાથ ધરીને આગળની તપાસ આદરી છે.

# કોડીનવાળી દવાઓનું વેચાણ કરતી 7 પેઢીને નોટિસ, એકનું લાયસન્સ રદ, 83 લાખથી વધુનો જથ્થો સીઝ

(એજન્સી) અમદાવાદ | તા.09

અમદાવાદ અને ગાંધીનગરમાં કોડીનયુક્ત દવાની ગેરકાયદેસર હેરાફેરી સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્રે લાલ આંખ કરી છે. વિશેષ ઝુંબેશમાં 83 લાખથી વધુનો દવાનો જથ્થો સ્થગિત કરાયો. 7 પેઢીઓને નોટિસ અપાઈ, જ્યારે 1નું લાઈસન્સ રદ થયું. તંત્રની આ કડક કાર્યવાહીથી ગેરરીતિ આચરતા દવા વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં સ્વાસ્થ્ય માટે જોખમી એવી કોડીનયુક્ત દવાઓના ગેરકાયદેસર વેચાણ તેમજ અનધિકૃત સંગ્રહ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ખાસ ઝુંબેશ હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસમાં 83 લાખ રૂપિયાથી વધુની કિંમતનો દવાનો જથ્થો સ્થગિત કરવામાં આવ્યો છે. આ ગેરરીતિ બદલ નિયમન તંત્ર દ્વારા કુલ 7 પેઢીઓને શો-કોઝ નોટિસ પાઠવવામાં આવી છે. જ્યારે ગંભીર ક્ષતિઓ બદલ 1 પેઢીનું દવા વેચાણનું લાયસન્સ રદ કરી દેવાયું છે.

રાજ્યમાં નશીલા પદાર્થો તરીકે વપરાતી દવાઓ પર નિયંત્રણ લાવવાના ભાગરૂપે વિજ્ઞાનીઓ અને તબીબી માર્ગદર્શિકા મુજબ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ મોટું સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન કોડીન ઘટક ધરાવતી સિરપ અને દવાઓના વેચાણ, ખરીદ-વેચાણના બિલ તેમજ સ્ટોક રજિસ્ટરમાં અનેક ક્ષતિઓ સામે આવી હતી. તંત્રની આ કડક કાર્યવાહીથી નિયમોનું ઉલ્લંઘન કરતા દવાના વેપારીઓમાં ભારે ફાળ પડી છે.સંચાલન તંત્રની તપાસ દરમિયાન અલગ-અલગ પેઢીઓ સામે આકરાં પગલાં લેવામાં આવ્યા છે:બાલાજી ફાર્મા (અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગર): અહીંથી રેક્સટોન-ટી સીરપની કુલ 37762 બોટલો મળી આવી હતી, જે જપ્ત કરીને શો-કોઝ નોટિસ પાઠવવામાં આવી છે.હેલ્થ પોઈન્ટ ફાર્મા (કલોલ): કારણદર્શક નોટિસનો સંતોષકારક ખુલાસો ન આપતાં આ પેઢીનો દવા વેચાણનો પરવાનો રદ કરાયો છે.જય અંબે ડિસ્ટ્રિબ્યુટર્સ: કોડીન ઘટક ધરાવતી R Tuss TD Syrupની 57 બોટલ (કિંમત 9006 રૂપિયા) સ્થગિત કરી નોટિસ અપાઈ છે.

## બનાસકાંઠા જિલ્લા અદાલતોમાં ૧૨ સપ્ટેમ્બરે સ્પેશ્યલ લોક અદાલત યોજાશે: પક્ષકારોને લાભ લેવા અનુરોધ

પાલનપુર : જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નામ. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ પાલનપુર હેડક્વાર્ટર તેમજ બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ તાલુકા અદાલતોમાં નેશનલ સ્પેશ્યલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં પેન્ડિંગ એમ.એ.સી.પી. કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના ચેક રિટર્નના કેસો, મેટ્રીમોનીયલ ડિસ્ટ્પ્યુટ્સ એટલે કે વૈવાહિક તકરારના કેસો તેમજ સિવિલ કેસોનો સમાવેશ કરવામાં આવશે.ઉપરોક્ત નેશનલ સ્પેશ્યલ લોક અદાલતમાં પોતાના પેન્ડિંગ કેસો મૂકવા ઈચ્છતા પક્ષકારોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુરનો સંપર્ક કરવા અથવા સંબંધિત તાલુકા કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલ તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. લોક અદાલતના માધ્યમથી ઉપરોક્ત પ્રકારના કેસોનો સરળતાથી અને સમાધાનકારી રીતે નિકાલ કરાવી શકાય તે માટે પક્ષકારોને આ તકનો લાભ લેવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# એમેઝોન ઈન્ડિયાનો વિક્રેતા આધાર વધીને 20 લાખથયો

(એજન્સી) સુરત | તા.09

તહેવારોની મોસમ નજીક આવતાં જ એમેઝોન ઈન્ડિયાએ આજે જાહેરાત કરી કે તેનો વિક્રેતા આધાર 20 લાખના સીમાચિહનને પાર કરી ગયો છે. બજારમાં 3 લાખથી વધુ નવા વિક્રેતાઓ જોડાતાં આ વિક્રેતાઓની સંખ્યામાં વાર્ષિક ધોરણે (YoY) સૌથી મજબૂત વૃદ્ધિ દર્શાવે છે. વધતો જતો વિક્રેતા સમુદાય દરેક તબક્કે વ્યવસાયોને આવરી લે છે, જેમાં ટાયર-3 શહેરોમાં પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકોથી લઈને હજારો સ્ટોક કીપિંગ યુનિટ્સ (SKU)નું સંચાલન કરતી સ્થાપિત બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. વિક્રેતાઓ તહેવારોની મોસમની તૈયારી કરી રહ્યા છે તેમ એમેઝોન Amazon.in પર વેચાણને સરળ અને વધુ સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જેમાં વિક્રેતાઓને તેમનાં ઉત્પાદનોની જાહેરાત કરવામાં, તેમના વ્યવસાયોનું સંચાલન કરવામાં અને ગ્રાહકોને અસરકારક રીતે સેવા આપવામાં મદદ કરવા માટે રચાયેલાં સાધનો, ટેકનોલોજી અને માળખાગત સુવિધાનો સમાવેશ થાય છે. એમેઝોનના વિક્રેતા આધારના વિસ્તરણને ઓછી વેચાણ ફી, AI-સંચાલિત સાધનો દ્વારા સરળ વેચાણ, સર્જનાત્મક જાહેરાત અને તેના પરિપૂર્ણતા અને ડિલિવરી નેટવર્કમાં સતત રોકાણો દ્વારા સમર્થન આપવામાં આવે છે. આ વર્ષની શરૂઆતમાં એમેઝોનના ફી સુધારણામાં 12.5 કરોડથી વધુ ઉત્પાદનો પર શૂન્ય રેફરલ ફી રજૂ કરવામાં આવી હતી, જેનાથી દેશભરના ઉદ્યોગ સાહસિકો માટે વેચાણનો ખર્ચ ઓછો થયો હતો. સાથે એમેઝોન AI-સંચાલિત ક્ષમતાઓ અને વિવિધ સાધનોને વિક્રેતાઓ માટે વધુ ને વધુ સુલભ બનાવવાનું ચાલુ રાખે છે. તેમને સૂચિઓ બનાવવા અને ઑપ્ટિમાઇઝ કરવા, ઉત્પાદન તકો ઓળખવા, જાહેરાત સર્જનાત્મકતા ઉત્પન્ન કરવા, ઈન્વેન્ટરીનું આયોજન કરવા અને ડેટા-આધારિત નિર્ણયો લેવા જેવાં કાર્યોમાં મદદ કરે છે. આ ડિજિટલ ક્ષમતાઓ એમેઝોનના રાષ્ટ્રવ્યાપી ઓપરેશન નેટવર્ક દ્વારા પૂરક છે, જે વધતી જતી તહેવારોની માગણી માટે તૈયારી કરવા સાથે વિક્રેતાઓને બહુવિધ પરિપૂર્ણતા અને ડિલિવરી વિકલ્પો પ્રદાન કરે છે. A.in પર સેલર આસિસ્ટન્ટનો ઉપયોગ કરીને વિક્રેતાઓ દર છ મહિને બમણા થઈ રહ્યા છે, જ્યારે ટૂલ સાથે વિક્રેતાઓની ક્રિયાપ્રતિક્રિયાઓ વર્ષ-દર-વર્ષ 7.5 ગણી વધી છે. વધુમાં AI-સંચાલિત ટૂલ્સનો ઉપયોગ કરતા એમેઝોન જાહેરાતકર્તાઓનો હિસ્સો વર્ષ-દર-વર્ષ 77% વધ્યો છે અને SMBsએ Q1 2026માં પાછલા વર્ષની તુલનામાં તે ટૂલ્સ સાથે 62% વધુ જાહેરાત સર્જનાત્મકતા ઉત્પન્ન કરી છે.તહેવારોની મોસમ પહેલાં એમેઝોન શહેરોમાં 20+ સેલર કનેક્ટ્સ અને એડ્સ હાઇવ વર્કશોપ દ્વારા આ ક્ષમતાઓને વિક્રેતાઓની નજીક લાવી રહી છે, જે કેટલોગ ઑપ્ટિમાઈઝેશન, ઈન્વેન્ટરી પ્લાનિંગ, પરિપૂર્ણતા અને જાહેરાત સહિતનાં ક્ષેત્રોમાં સાધનો, આંતરદ્રષ્ટિ અને વ્યૂહરચનાથી વિક્રેતાઓને સજ્જ કરે છે.એમેઝોન ઈન્ડિયાના સેલિંગ પાર્ટનર સર્વિસીસના ડિરેક્ટર અરુણા દરિયાનાનીએ જણાવ્યું હતું કે, "અમારો સતત પ્રયાસ એમેઝોનને તમામ કદના વિક્રેતાઓ માટે વેચાણ માટે શ્રેષ્ઠ સ્થાન બનાવવાનો છે. ફી ઘટાડવાની હોય, રોજિંદી કામગીરીને સરળ બનાવતાં AI-સંચાલિત સાધનો બનાવવાનાં હોય અથવા વિક્રેતાઓને વધુ સારા નિર્ણયો લેવામાં મદદ કરવા માટે ડેટા- આધારિત આંતરદ્રષ્ટિ પૂરી પાડવાની હોય અમે વેચાણને સરળ અને વધુ સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. 20 લાખ વિક્રેતાઓ સુધી પહોંચવું એ Amazon.in પર ભારતભરના ઉદ્યોગ સાહસિકોના વિશ્વાસનું મજબૂત પ્રતિબિંબ છે. આપણે તહેવારોની મોસમમાં પ્રવેશી રહ્યા છીએ તેમ અમે એવાં સાધનો, ટેકનોલોજી અને માળખાગત સુવિધાઓમાં રોકાણ કરવાનું ચાલુ રાખીશું જે વિક્રેતાઓ માટે તેમના વ્યવસાયો તૈયાર કરવાનું અને ગ્રાહકોને અસરકારક રીતે સેવા આપવાનું સરળ બનાવે છે."ગુજરાતના 2.8L+ સેલર્સ અને 85K+ સ્થાનિક દુકાનો માટે Amazon.in પર વેચાણ કરવું કેવી રીતે સરળ બનાવી રહ્યું છે Amazon: A. વેચાણને સરળ બનાવવા માટે ટૂલ્સ, AI અને MLમાં રોકાણ: એમેઝોનના ઉત્સવની તૈયારીના પ્રયાસના કેન્દ્રમાં સેલર આસિસ્ટન્ટ છે, જે અંગ્રેજી અને હિંગ્લિશમાં 24x7 ઉપલબ્ધ વાતચીત AI ભાગીદાર છે, જે વેચાણકર્તાઓને લિસ્ટિંગ બનાવટ અને ઈન્વેન્ટરી પ્લાનિંગથી લઈને ફી અંદાજ, વ્યાવસાયિક આંતરદ્રષ્ટિ અને વૃદ્ધિ ભલામણો સુધી બધું જ એક જ ઈન્ટરફેસ દ્વારા નેવિગેટ કરવામાં મદદ કરે છે. પ્રોડક્ટ ઓપોર્ચ્યુનિટી એક્સપ્લોરર એક એવું સાધન છે, જે એમેઝોનના ગ્રાહક માગણી ડેટાનો ઉપયોગ કરે છે, જે વેચાણકર્તાઓને માગણીમાં નહીં હોય તેવી સંભવિત રીતે ઓછી સ્પર્ધા ધરાવતી ઉત્પાદન તકો ઓળખવામાં અને વધુ માહિતીપ્રદ પસંદગીના નિર્ણયો લેવામાં મદદ કરે છે. આજે ભારતમાં 28,000થી વધુ વિક્રેતાઓ ઈન્વેન્ટરીમાં રોકાણ કરતાં પહેલાં આંતરદ્રષ્ટિ મેળવવા માટે સંભવિત તકોનું અન્વેષણ કરવા માટે આ સાધનનો ઉપયોગ કરે છે. એમેઝોનના AI-સંચાલિત લિસ્ટિંગ ટૂલ્સના ઉપયોગ દરમિયાન 2 લાખથી વધુ વિક્રેતાઓ દ્વારા કેટલોગ બનાવવાને સરળ બનાવવા અને ઉત્પાદન શોધક્ષમતા સુધારવા માટે કરવામાં આવે છે. ઈન્વેન્ટરી અને કિંમત નિર્ધારણ માટે આ વર્ષે 69,000 થી વધુ વિક્રેતાઓએ પીક શોપિંગ ઈવેન્ટ્સની તૈયારી માટે સેલ ઈવેન્ટ પ્લાનરનો ઉપયોગ કર્યો, જે વિક્રેતાઓએ તેની AI- સંચાલિત ઈન્વેન્ટરી ભલામણોનું પાલન કર્યું તેમને 35% ઓછા સ્ટોકઆઉટનો અનુભવ થયો, જ્યારે જે વિક્રેતાઓએ ટૂલ દ્વારા ભલામણ કરેલી ડીલ કિંમતો પર કાર્યવાહી કરી તેમના વેચાણમાં 2.5x વધારો જોવા મળ્યો.

## અનુશ્રી સિંહ ગોદરેજ એગ્રોવેટમાં ચીફ હ્યુમન રિસોર્સિસ ઓફિસર તરીકે જોડાયા

મુંબઈ : ભારતની અગ્રણી ફાર્મ-ટુ-પ્રોટીન કંપનીઓમાંની એક ગોદરેજ એગ્રોવેટ લિમિટેડે (ગોદરેજ એગ્રોવેટ) આજે જાહેરાત કરી હતી કે અનુશ્રી સિંહ કંપનીના ચીફ હ્યુમન રિસોર્સિસ ઓફિસર (સીએચઆરઓ) તરીકે જોડાયા છે. આ ભૂમિકામાં અનુશ્રી કંપનીની કર્મચારી અને માનવ સંસાધન વ્યૂહરચનાનું નેતૃત્વ કરશે. તેઓ



કંપનીના નેતૃત્વ સાથે મળીને સંસ્થાકીય ક્ષમતાને વધુ મજબૂત બનાવવા, પ્રતિભાશાળી કર્મચારીઓને વિકસાવવા તથા ગોદરેજ એગ્રોવેટના લાંબા ગાળાના વ્યવસાયિક લક્ષ્યોને અનુરૂપ ભવિષ્ય માટે સજ્જ અને ઉચ્ચ કામગીરી કરતી સંસ્થા ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. અનુશ્રીનું નેતૃત્વ ટીમમાં સ્વાગત કરતાં ગોદરેજ એગ્રોવેટના એમડી અને સીઈઓ સુનીલ કટારિયાએ જણાવ્યું હતું કે, "ગોદરેજ એગ્રોવેટમાં અમે ખેડૂતોને સશક્ત બનાવે અને આપણા દેશનું પોષણ કરે તેવી નવીનતા દ્વારા સમૃદ્ધિનું સર્જન કરવાના અમારા હેતુને આગળ ધપાવવાનું ચાલુ રાખી રહ્યા છીએ. આ સંદર્ભમાં અમારા કર્મચારીઓ અને નેતૃત્વની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવી એ અમારી વ્યૂહાત્મક પ્રાથમિકતા છે. અનુશ્રી પાસે કર્મચારીઓ સંબંધિત પરિવર્તન લાવવાનો, સંસ્થાકીય સંસ્કૃતિનું નિર્માણ કરવાનો અને સંસ્થાકીય શ્રેષ્ઠતા હાંસલ કરવાનો બહોળો અનુભવ છે અને ટીમમાં તેમનું સ્વાગત કરતાં અમને આનંદ થાય છે.

## "Act with Speed" થીમ સાથે એક્સિસ બેન્કે દેશભરમાં સ્પર્શ વીક 2026નો પ્રારંભ કર્યો

નવી દિલ્હી: ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેન્કોમાંની એક એક્સિસ બેન્કે આજે સ્પર્શ વીક 2026 શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ બેન્કની મુખ્ય ગ્રાહક-કેન્દ્રિત પહેલ છે, જે દેશભરના ગ્રાહકો, કર્મચારીઓ અને નેતાઓને એકસાથે લાવીને સંબંધોને વધુ મજબૂત બનાવવા, ગ્રાહકોની જરૂરિયાતો અને અપેક્ષાઓને વધુ સારી રીતે સમજવા તથા અર્થપૂર્ણ પગલાં લેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. 7થી 11 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા આ વર્ષના સ્પર્શ વીકની મુખ્ય થીમ "Act with Speed" છે. આ થીમ ગ્રાહકોની વાત સાંભળવા અને તેમાંથી મળેલી જાણકારીને વધુ ઝડપી પગલાં તથા વધુ સારા ગ્રાહક અનુભવમાં પરિવર્તિત કરવાની બેન્કની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. હવે ચોથા વર્ષમાં પ્રવેશી રહેલું સ્પર્શ વીક બેન્કના સૌથી મોટા ગ્રાહક જોડાણ અને કર્મચારી સક્રિયતા મંચ પૈકીનું એક બની ગયું છે. આગામી પાંચ દિવસ દરમિયાન એક્સિસ બેન્કનું નેટવર્ક દેશભરમાં વિવિધ ગ્રાહક સંપર્ક માધ્યમો, ગ્રાહક વર્ગો, વિવિધ વિસ્તારો અને જીવનના વિવિધ તબક્કાઓને આવરી લેતા 2.5 લાખથી વધુ ગ્રાહક સંવાદો યોજવાનું લક્ષ્ય ધરાવે છે. આ વર્ષના સ્પર્શ વીકનું એક મુખ્ય આકર્ષણ બેન્કના નેતૃત્વની વ્યાપક ભાગીદારી રહેશે. કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કોહિમા સુધીના 90થી વધુ વરિષ્ઠ નેતાઓ વિવિધ ગ્રાહક સંપર્ક માધ્યમો પર ગ્રાહકો અને સહકર્મીઓ સાથે મુલાકાત કરશે. તેમાં શાખાઓ, એમડબલ્યુબીસી, લોન સેન્ટર્સ, એક્સિસ ફોન લોકેશન્સ, લોન સેન્ટર્સ અને ઓફિસનો સમાવેશ થાય છે. આના દ્વારા ગ્રાહકો સાથેનું જોડાણ અને ગ્રાહકો સાથે સીધા સંપર્કમાં રહેતા કર્મચારીઓની ભાગીદારી વધુ મજબૂત બનશે. આ પહેલની શરૂઆત અંગે એક્સિસ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અમિતાભ ચૌધરીએ જણાવ્યું હતું કે, "એક્સિસ બેન્કમાં સ્પર્શ માત્ર ગ્રાહક જોડાણનો કાર્યક્રમ નથી. સમગ્ર સંસ્થામાં ગ્રાહક-કેન્દ્રિત અભિગમને વ્યવસ્થિત રીતે અમલમાં મૂકવાની આ અમારી રીત છે. વર્ષો દરમિયાન સ્પર્શ ગ્રાહકો પાસેથી મળતી જાણકારી અને સંસ્થાના પગલાં વચ્ચેની કડી બની ગયો છે.

## ભારતનો કાપડ ક્ષેત્ર બહુ-વર્ષીય નિકાસ વૃદ્ધિ માટે તૈયાર છે, પરંતુ માનવ-નિર્મિત રેસા તરફનું પરિવર્તન એક પડકાર રહે છે: જેફરીઝ

નવી દિલ્હી: ભારતનો કાપડ ક્ષેત્ર બહુ-વર્ષીય વૃદ્ધિ તબક્કામાં પ્રવેશી રહ્યું છે, જેમાં વૈશ્વિક 'ચાઈના+1' સોર્સિંગ શિફ્ટ નોંધપાત્ર નિકાસ તકો ઊભી કરી રહી છે. જો કે, જેફરીઝના અહેવાલ મુજબ, માનવ-નિર્મિત રેસા (MMF) તરફનું પરિવર્તન એક માળખાકીય અંતર રહે છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે વૈશ્વિક કાપડ અને વસ્ત્ર બજાર હાલમાં USD 900 બિલિયનથી વધુનું મૂલ્ય ધરાવે છે, જેમાં વસ્ત્રો કુલ વેપારમાં લગભગ 60 ટકા હિસ્સો ધરાવે છે. ચીનથી આગળ વધીને સોર્સિંગમાં વૈશ્વિક બ્રાન્ડ્સ વિવિધતા લાવી રહી છે, તેથી ભારત તેના સંકલિત ફાઈબર-ટુ-ફેશન ઈકોસિસ્ટમ, લગભગ USD 37 બિલિયનનો નિકાસ આધાર, વિપુલ પ્રમાણમાં કાચા માલ, કુશળ કાર્યબળ અને સહાયક સરકારી નીતિઓ દ્વારા સમર્થિત બજાર હિસ્સો મેળવવા માટે સારી સ્થિતિમાં છે. ભારત માટે, 'વેપાર સ્પર્ધાત્મકતામાં સુધારો અને સપ્લાય ચેઈન રિએલાઈનમેન્ટ નિકાસ વૃદ્ધિ અને બજાર હિસ્સો લાભ માટે બહુ-વર્ષનો રનવે પૂરો પાડે છે,' જોકે, દેશનું 'નિકાસ મિશ્રણ કપાસ આધારિત ઉત્પાદનો તરફ વળેલું રહે છે, તેમ છતાં વૈશ્વિક માંગ માનવસર્જિત ફાઈબર (MMF) એપેરલ અને ટેકનિકલ ટેક્સટાઈલને વધુને વધુ પસંદ કરી રહી છે,' જેફરીઝે નોંધ્યું. વ્યાપક ટેક્સટાઈલ તકની વચ્ચે, હોમ ટેક્સટાઈલ માળખાકીય રીતે આકર્ષક વિશિષ્ટ સ્થાન તરીકે ઉભું છે, જે 'વૈશ્વિક ટેક્સટાઈલ અને એપેરલ વેપારના લગભગ 7-10 ટકા' હિસ્સો ધરાવે છે. માંગને હાઉસિંગ વૃદ્ધિ, નવીનીકરણ ખર્ચ, પ્રીમિયમાઈઝેશન અને ઘરના સૌંદર્ય શાસ્ત્ર પર વધતા ગ્રાહક ધ્યાન દ્વારા ટેકો મળે છે. 'ભારત પહેલાથી જ બેડ લેનિન અને ટુવાલ જેવી મુખ્ય યુએસ હોમ ટેક્સટાઈલ શ્રેણીઓમાં ₹45-60% હિસ્સો ધરાવે છે, પરંતુ યુકે અને EU માં તેનો હિસ્સો ₹5-25% પર પ્રમાણમાં ઓછો રહે છે, જે લાભ માટે નોંધપાત્ર જગ્યા પૂરી પાડે છે,' તે નોંધ્યું. તે જ સમયે, મુક્ત વેપાર કરારો (FTA) મોટા વૈશ્વિક બજારમાં ટેરિફ ઍક્સેસ સુધારીને ભારતના કાપડ નિકાસને વેગ આપવાની અપેક્ષા રાખે છે.

## FIU-IND એ PMLA ના પાલન ન કરવા બદલ 15 વર્ચ્યુંઅલ ડિજિટલ એસેટ સર્વિસ પ્રોવાઈડર્સને નોટિસ ફટકારી છે

નવી દિલ્હી: ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ-ઈન્ડિયા (FIU-IND) એ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 ની જોગવાઈઓનું પાલન ન કરવા બદલ 15 વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ સર્વિસ પ્રોવાઈડર (VDA SPs) ને નોટિસ ફટકારી છે, એમ નાણા મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું. પાલન કાર્યવાહીના ભાગ રૂપે, FIU-IND એ PMLA ની કલમ 13 હેઠળ 15 એન્ટિટીઝને નોટિસ ફટકારી છે, જેમાં Weex, Blofin, Rezorex, Bitunix, DigiFinex, Toobit, XT.com, Latoken, WOO X, Pionex, ChangeNow, SimpleSwap, Fixedfloat, WhiteBIT અને Guardianનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે FIU-IND, ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000 હેઠળ નોડલ ઓફિસર તરીકે કાર્યરત, આ એન્ટિટીઝની અરજીઓ અથવા URL ને જાહેર ઍક્સેસમાંથી દૂર કરવા માટે નોટિસ ફટકારી છે. ભારતમાં PMLA ની સંબંધિત જોગવાઈઓનું પાલન કર્યા વિના આ સંસ્થાઓ ગેરકાયદેસર રીતે કાર્યરત હોવાનું જાણવા મળ્યું. મંત્રાલયે જણાવ્યું હતું કે, માર્ચ 2023 માં PMLA ની જોગવાઈઓ દ્વારા VDA સેવા પ્રદાતાઓને આતંકવાદ વિરોધી મની લોન્ડરિંગ અને કાઉન્ટર ફાઈનાન્સિંગ ઓફ ટેરરિઝમ ફ્રેમવર્ક હેઠળ લાવવામાં આવ્યા હતા. આ નિયમો ભારતમાં કાર્યરત VDA SPs, પછી ભલે તે ઓફશોર હોય કે ઓનશોર, અને વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતો અને ફિયાટ કરન્સી વચ્ચે વિનિમય, વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતોનું ટ્રાન્સફર, ડિજિટલ અસ્કયામતોનું સલામતી અથવા વહીવટ, અથવા આવી સંપત્તિઓ પર નિયંત્રણ સક્ષમ કરતી સેવાઓ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા પર લાગુ પડે છે. આવા સેવા પ્રદાતાઓએ FIU-IND સાથે રિપોર્ટિંગ એન્ટિટી તરીકે નોંધણી કરાવવી જરૂરી છે અને PMLA અને સંબંધિત નિયમો હેઠળ ફરજિયાત જવાબદારીઓનું પાલન કરવું જરૂરી છે. મંત્રાલયે કહ્યું કે આ જવાબદારીઓ પ્રવૃત્તિ-આધારિત છે અને તે તેના પર નિર્ભર નથી કે કોઈ એન્ટિટી ભારતમાં ભૌતિક હાજરી ધરાવે છે કે નહીં. નિયમન માટે VDA SPs ને રેકોર્ડ જાળવવા, વ્યવહારોની જાણ કરવા અને PMLA હેઠળ અન્ય જવાબદારીઓને પૂર્ણ કરવાની જરૂર છે.

## ITE ગ્રૂપ અને NDDB ડેરી સર્વિસિસ વચ્ચે અમદાવાદમાં MOU, ભારતીય ડેરી પ્રોસેસિંગ અને પેકેજિંગ ટેક્નોલોજીને રશિયન બજાર સુધી પહોંચાડવાનો હેતુ

અમદાવાદ : ભારતમાં ડેરી સાધનો, પેકેજિંગ અને પ્રોસેસિંગ ટેક્નોલોજીનું ઉત્પાદન કરતી કંપનીઓને રશિયન બજારમાં પ્રવેશવા માટેની એક સુવ્યવસ્થિત તક ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ અંગે આજે અહીં આઈટીઈ ગ્રૂપ, જે રશિયા અને સીઆઈએસ દેશોમાં B2B પ્રદર્શનોનું આયોજન કરતી અગ્રણી સંસ્થાઓમાંની એક છે, અને ભારતના નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ની પ્રોફેશનલ સર્વિસિસ શાખા એનડીડીબી ડેરી સર્વિસિસ (NDS) વચ્ચે સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ એમઓયુ પર આઈટીઈ ઈન્ડિયા રોડશોના અમદાવાદ એડિશન દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ગુજરાતના નિકાસકારો માટે રશિયા અને સીઆઈએસ દેશોના બજારોમાં રહેલી માંગ અંગે માહિતી આપવા માટે યોજાયેલ એક વિશેષ બ્રીફિંગ સત્ર તરીકે આયોજિત કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં જ આ કરાર પર હસ્તાક્ષર કરવાનો નિર્ણય પણ ખાસ મહત્વ ધરાવે છે. ગુજરાત ભારતના સહકારી ડેરી ક્ષેત્રનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. સાથે જ રાજ્યમાં ડેરી પ્લાન્ટ, પ્રોસેસિંગ સાધનો અને પેકેજિંગ મશીનરીના ઉત્પાદકોનું વિશાળ અને સુદ્રઢ નેટવર્ક આવેલું છે. આ જ ક્ષમતાને રશિયન ખરીદદારો સમક્ષ રજૂ કરવાનો હેતુ આ કરારનો છે.આ એમઓયુ હેઠળ આઈટીઈ ગ્રૂપ ભારતીય ડેરી સાધનોના ઉત્પાદકો, પેકેજિંગ અને ઓટોમેશન ક્ષેત્રના સપ્લાયર્સ, ઈન્ગ્રેડિયન્ટ્સ ઉત્પાદકો તેમજ નિકાસકારોને રશિયન ડેરી પ્રોસેસર્સ દ્વારા વાસ્તવમાં કયા પ્રકારની ટેક્નોલોજી અને સાધનોની માંગ કરવામાં આવે છે અને ખરીદી કરવામાં આવે છે તેની માહિતી આપશે. આ સાથે ડેરી પ્લાન્ટ અને પ્રોડક્શન લાઈનની જરૂરિયાતો, કન્ફોર્મિટી સર્ટિફિકેશન, સર્વિસ સંબંધિત અપેક્ષાઓ અને વ્યાપારી શરતો જેવી બાબતોનો સમાવેશ થશે. બીજી તરફ, એનડીડીબી ડેરી સર્વિસિસ રશિયન બજારની આ માંગને પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવતી ભારતીય કંપનીઓ અને ટેક્નોલોજીની ઓળખ કરવામાં તેમજ તેમને આ બજાર માટે તૈયાર કરવામાં સહયોગ આપશે.

## કોલસાના વેપારમાં ઊંચા વળતરની લાલચ આપી 144 કરોડની છેતરપિંડી

રાજકોટ : ઈન્ડોનેશિયન કોલસાના વેપારમાં ઊંચા નફાની લાલચ આપી ટર્નરેસ્ટ રિસોર્સિસ પ્રા.લિ. કંપનીના ડાયરેક્ટર કમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જય હર્ષદભાઈ ચોટલીયા (રહે. ૧૦૦૧ સ્વાતિ ક્રિમશન એન્ડ ફ્લોવર, શિલજ સર્કલ, થલતેજ, અમદાવાદ) અને તેના બે ભાગીદારો મિતેશ કિરીટભાઈ સંઘવી (રહે. જનતા સોસાયટી-૩, મહિલા કોલેજ અંડરબ્રિજ પાસે, રાજકોટ) અને મનિષ ગોવિંદભાઈ ડાંગી (રહે. ૪૧ અમરનાથ વિલાસ, સાયન્સ સિટી સર્કલ, પ્રાઈડ આઈકોન પાસે, સોલા-ભાડજ ક્રોસ રોડ, અમદાવાદ)એ રાજકોટના રોકાણકારો સાથે ૧૪૪ કરોડની છેતરપિંડી કર્યાની ઈઓડબલ્યુમાં ફરિયાદ નોંધાઈ છે. રાજકોટના ઈતિહાસની આ સૌથી મોટી છેતરપિંડી હોવાનું મનાય છે.બિગ બજાર પાછળ સાંઈનગરમાં રહેતા અને નિવૃત જીવન વ્યતિત કરતા જયેન્દ્રભાઈ મૂળજીભાઈ અકબરી (ઉ.વ.૫૬)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, અગાઉ મિત્ર અરવિંદભાઈ જસમતભાઈ રામાણી સાથે વેપાર કરતા હતા. અરવિંદભાઈ અવધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. નામની પેઢી ધરાવે છે. તેના સીએ અને આર્થિક સલાહકાર તરીકે જય ચોટલીયા કામકાજ કરતા હતા. ૨૦૨૧માં અરવિંદભાઈએ તેને કહ્યું કે, જય અને તેના બે મિત્રો ટર્નરેસ્ટ નામની કંપની ચલાવે છે. આ કંપની ઈન્ડોનેશિયન કોલસો ઈમ્પોર્ટ કરી ભારતમાં વેંચે છે. તેણે અને તેના પરિવારે કંપનીમાં રોકાણ કર્યુંવ છે. કંપની દ્વારા પાંચ વર્ષ બાદ ઊંચુ વળતર આપવામાં આવશે. આખરે તેણે પણ રોકાણ કરવાનું નક્કી કરી અરવિંદભાઈ સાથે ૨૦૨૧માં જયની વિદ્યાકુંજ મેઈન રોડ પર સનશાઈન આર્કેડમાં આવેલી ઓફિસે મુલાકાત લીધી હતી. તે વખતે જય સાથે મિતેશ અને મનિષ પણ હાજર હતા.

## FCNR સ્કીમ હેઠળના૧૨૭ અબજ ડોલર પર વ્યાજ પેટેનું ફોરેક્સ જોખમ અનહેજ

મુંબઈ : ડોલર સામે રૂપિયાને વધુ ગબડતો અટકાવવા તથા ક્રુડ તેલના ઊંચા ભાવ વચ્ચે બેલેન્સ ઓફ પેમેન્ટસની સ્થિતિ જાળવવા ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (એફસીએનઆર) બેન્ક ડીપોઝિટ સ્કીમ મારફત દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ૧૨૭ અબજ ડોલર ઊભા કરી લેવાયા છે પરંતુ આ ડીપોઝિટ પર ચૂકવવાના થતા વ્યાજની રકમને મોટાભાગની બેન્કોએ હેજ કરી નહીં હોવાનું જાણવા મળી રહ્યું છે.વ્યાજની ચૂકવણી માટે ડોલરની માગમાં વધારો થઈ શકે છે જેને પરિણામે રૂપિયા પર વધુ દબાણ આવી શકે છે એમ એક બેન્કરે જણાવ્યું હતું.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સ્પેશિયલ સ્વાપ ફેસિલિટી હેઠળ રિઝર્વ બેન્કે ડોલરના સ્વરૂપમાં થાપણ મેળવનારી બેન્કોને થાપણની મૂળ રકમ પર ફોરેક્સના જોખમ સામે રક્ષણ પૂરુ પાડયું છે પરંતુ વ્યાજની ચૂકવણીની





વ્યવસ્થા બેન્કોએ પોતાની રીતે કરવાની રહેશે એમ અન્ય એક બેન્કરે દાવો કર્યો હતો.વિદેશની બેન્કોએ આવા જોખમ હેજ કરે છે પરંતુ મોટાભાગની સરકારી તથા ખાનગી બેન્કોએ હેજિંગ કર્યું નથી. ડોલરના વિનિમય દરમાં વધારાથી બેન્કોએ સહન કરવાનું આવી શકે છે.ડોલર સામે રૂપિયામાં સ્થિરતા રાખવા રિઝર્વ બેન્કની દરમિયાનગીરી તથા હેજિંગના ઊંચા ખર્ચને ધ્યાનમાં રાખી હેજિંગ કરવાનું ટાળ્યું હોવાનું વધુ એક બેન્કરે જણાવ્યું હતું.

વ્યાજની ચૂકવણી માટે આવશ્યક ડોલરની ખરીદી સ્પોટમાં કરવાની મોટાભાગની બેન્કો યોજના ધરાવે છે.૩થી ૫ વર્ષની મુદતની ડીપોઝિટ પર વ્યાજની ચૂકવણી પર ફોરેક્સ જોખમના હેજિંગ સામે વર્ષે ૩ ટકા જેટલો ખર્ચ આવી શકે છે. આ થાપણો પર વ્યાજની ચૂકવણી પાકતી મુદતે કરવાની રહેશે નહીં કે સમયાંતરે એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.એફસીએનઆર (બી) સ્કીમને પરિણામે દેશની બેલેન્સ ઓફ પેમેન્ટની સ્થિતિ મજબૂત બની છે એટલું જ નહી ફોરેક્સ રિઝર્વ પણ વધીને નવી વિક્રમી સપાટીએ જોવા મળ્યું છે. એફસીએનઆર ડીપોઝિટ સ્કીમ હેઠળ રિઝર્વ બેન્કને અપેક્ષા કરતા સારો પ્રતિસાદ સાંપડતા તેણે સ્કીમને એક મહિનો વહેલી બંધ કરી દેવાનો નિર્ણય લીધો હતો. મુંબઈમાં ડોલર સામે રૂપિયાને સ્થિર રાખવા FCNR સ્કીમ હેઠળ $127 અબજ એકત્ર કરાયા છે. જોકે, મોટાભાગની બેન્કોએ વ્યાજની રકમનું હેજિંગ કર્યું નથી. વ્યાજ ચૂકવવા ડોલરની ખરીદી વધતા રૂપિયા પર દબાણ વધી શકે છે. રિઝર્વ બેન્કે મૂળ રકમ પર ફોરેક્સ જોખમ સામે રક્ષણ આપ્યું છે, પરંતુ વ્યાજની ચૂકવણી બેન્કોએ જાતે કરવાની રહેશે.

### ૧૪ ઓક્ટોબર ૧૯૯૬ના દિવસની ઘટના રિપીટ

## 30 વર્ષ બાદ પહેલીવાર એક દિવસમાં છ આઈપીઓની ધૂમ

અમદાવાદ : જ્યારથી આઈપીઓ(ઈનિશ્યલ પબ્લીક ઓફરીંગ))માં રોકેલા નાણા શેર લાગે ત્યારેજ ખાતામાંથી કપાતા થયા છે ત્યારથી તેમાં રોકાણ કરનારાની સંખ્યા વધી છે. એમ તો, આઈપીઓની સિઝન હોય એમ લાગી રહ્યું છે પરંતુ ૯મી સપ્ટેમ્બરેના બુધવારે એકજ દિવસમાં છ આઈપીઓ બહાર પડયા હતા. છેલ્લા ૩૦ વર્ષમાં પહેલીવાર એક દિવસમાં છ આઈપીઓ બહાર પડયા છે. છેલ્લે ૩૦ વર્ષ પહેલાં એટલેકે ૧૪ ઓક્ટોબર ૧૯૯૬ના રોજ એક સાથે છ આઈપીઓ બહાર પડયા હતા. એક સાથે પાંચથી વધુ આઈપીઓ બહાર પડવાની ઘટના નવી નથી. ૨૮ ઓક્ટોબર ૧૯૯૬ના રોજ એક સાથે સાત આઈપીઓ બહાર પડયા હતા. ૧૯૯૫ અને ૧૯૯૬નું વર્ષ તો આઈપીઓ માટે બહુ સારૂં ગણાતું હતું. ત્યારે અનેક વાર એક દિવસમાં દશ આઈપીઓ બહાર પડયા હતા.૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ખુલેલા છ




આઈપીઓમાં રેન્ટોમોજો,એસેટ રીકન્સટ્રકશન ઈન્ડિયા,મનીપાલ પેમેન્ટ,, સ્ટીમ હાઉસ ઈન્ડિયા, એલઆઈસી પ્રોજેક્ટ અને કર્મતાર એન્જીન્યરીંગનો સમાવેશ થાય છે. આ છ આઈપીઓ સંયુક્ત ૪૩૮૬ કરોડ રૂપિયા ઉભા કરશે. જ્યારે ૩૦ વર્ષ પહેલાં એક દિવસમાં એક સાથે છ આઈપીઓ બહાર પડયા ત્યારે તેમાં સંયુક્ત રીતે ઉભી કરેલી રકમ ૨૦૨૬ કરતાં ૩૦ કરોડ ઓછી હતી. ૭ સપ્ટેમ્બર અને ૧૧ સપ્ટેમ્બર વચ્ચે કંપનીઓનો ટાર્ગેટ ૭૧૮૦ કરોડ ઉભા કરવાનો છે. આઈપીઓની વણઝાર પાછળનું મુખ્ય કારણ રોકાણકારોનો વધતો ભરોસો છે. આઈપીઓ ખરીદવા કોઈને ફોર્સ નથી કરાતો.

### ભારત એક પ્રાદેશિક ડેટા સેન્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે

## આગામી 5 વર્ષમાં ભારતની ડેટા સેન્ટર ક્ષમતા 5 ગણી વધશે, 45 અબજ ડોલરનું મૂડીખર્ચ: રિપોર્ટ

નવી દિલ્હી: આગામી પાંચ વર્ષમાં ભારતની ડેટા સેન્ટર ક્ષમતા લગભગ પાંચ ગણી વધવાની ધારણા છે, જેને સુવિધા મૂડી ખર્ચમાં લગભગ USD 45 અબજ ડોલરનો ટેકો મળશે. જેફરીઝના જણાવ્યા અનુસાર, આ વિસ્તરણ મુખ્ય ક્ષેત્રોમાં USD 45 અબજ ડોલરના રોકાણની તક ખોલી શકે છે. ડેટા સેન્ટર ઓપરેટરો એન્ટરપ્રાઈઝ અને ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર (CSP) ને ભાડાના ધોરણે ભૌતિક માળખાગત સુવિધા, ફાઈબર કનેક્ટિવિટી, પાવર અને કૂલિંગ સિસ્ટમ્સ પ્રદાન કરે છે. સર્વર-સંબંધિત મૂડી ખર્ચ, તે દરમિયાન, સામાન્ય રીતે CSP અથવા એન્ટરપ્રાઈઝ દ્વારા જ ઉઠાવવામાં આવે છે. તે જ સમયે, ભારત એક પ્રાદેશિક ડેટા સેન્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે. 'છેલ્લા પાંચ વર્ષોમાં ભારતની કોલોકેશન ડેટા સેન્ટર ક્ષમતા 5 ગણી વધીને 2GW થઈ ગઈ છે,' રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. આ વૃદ્ધિને ઝડપી ઈન્ટરનેટ અને ઈ-કોમર્સ અપનાવવા, ઓછી સામગ્રી લેટન્સી માટે વધતી માંગ અને સરકારી રેકોર્ડ અને એન્ટરપ્રાઈઝ સિસ્ટમ્સના ડિજિટાઈઝેશન દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.તે જ સમયે, ભારત વધુને વધુ પ્રાદેશિક ડેટા સેન્ટર હબ તરીકે પોતાને સ્થાન આપી રહ્યું છે, જે અનેક માળખાકીય ફાયદાઓ દ્વારા સમર્થિત છે: (1) વીજળી ખર્ચ અને મૂડી જરૂરિયાતો જે સરેરાશ, સ્પર્ધાત્મક બજારો કરતાં 25-40% ઓછી છે; (2) ક્લાઉડ પ્રદાતાઓ માટે 20-વર્ષની કર રજા, જે ભારતમાં હાઈપરસ્કેલર રોકાણો અને હાજરીને વેગ આપવાની અપેક્ષા છે; (3) DPDP એક્ટ અને ડેટા-સ્થાનિકીકરણ આવશ્યકતાઓ જેવા નિયમો, જે કંપનીઓને સ્થાનિક રીતે ડેટા સંગ્રહિત કરવા અને પ્રક્રિયા કરવા માટે પ્રોત્સાહિત કરે છે; અને (4) પ્રમાણમાં મર્યાદિત ભૂ-રાજકીય જોખમ સાથે સ્થિર રાજકીય વાતાવરણ. જો કે, એ નોંધવું જોઈએ કે 'ભારતનું ડેટા સેન્ટર બજાર હજુ પણ પ્રારંભિક તબક્કામાં છે, આજે લગભગ 2GW ની સ્થાપિત કોલોકેશન ક્ષમતા સાથે.' માંગ હાઈપરસ્કેલર્સમાં કેન્દ્રિત છે, જે બજારનો ₹60% હિસ્સો ધરાવે છે, ત્યારબાદ BFSI ₹15% છે. ઉપયોગિતા પહેલાથી જ ₹95-97% પર છે.

### એરલાઇન ભાગીદારોના વિશાળ નેટવર્ક પર ઑફર્સ હશે

## EaseMyTrip એ ફ્લાઈટ્સ, હોટલ અને રજાઓ પર ઑફર્સ સાથે 'બિગ ટ્રાવેલ ડેઝ સેલ' ની જાહેરાત

નવી દિલ્હી : ભારતના અગ્રણી ઓનલાઈન ટ્રાવેલ-ટેક પ્લેટફોર્મ્સમાંના એક, EaseMyTrip એ 9 સપ્ટેમ્બરથી 12 સપ્ટેમ્બર, 2026 સુધી ચાલનારા તેના બહુપ્રતિક્ષિત 'બિગ ટ્રાવેલ ડેઝ સેલ' ની જાહેરાત કરી છે. તહેવારો અને રજાઓની મુસાફરીની મોસમ નજીક આવતાની સાથે, આ ઝુંબેશ કૌટુંબિક રજાઓ અને લેઝર ગેટવેથી લઈને લાંબા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વેકેશન સુધીની દરેક વસ્તુનું આયોજન કરતા પ્રવાસીઓ માટે મુખ્ય મુસાફરી શ્રેણીઓમાં ઑફર્સ લાવે છે. 'બિગ ટ્રાવેલ ડેઝ સેલ' વિવિધ પ્રકારની વિશિષ્ટ ઑફર્સ લાવે છે:--ફ્લાઈટ્સ: 12% સુધીની છૂટ*--હોટેલ્સ: 60% સુધીની છૂટ*--રજાઓ: INR 10,999 થી શરૂ કરીને*--બસ: INR 1000 સુધીની છૂટ*--કેબ્સ: INR 2000 સુધીની છૂટ*

ગ્રાહકો EaseMyTrip ની વેબસાઈટ અથવા મોબાઈલ દ્વારા બુકિંગ કરતી વખતે 'EMTRUSH' પ્રોમો કોડનો ઉપયોગ કરીને લાભો મેળવી શકે છે. અરજી.પ્રવાસીઓ પસંદગીના બેંકિંગ ભાગીદારો, જેમ કે એક્સિસ બેંક, બેંક ઓફ બરોડા, ડીબીએસ બેંક અને આઈડીબીઆઈ બેંક, ભાગીદાર બ્રાન્ડ કોરમ વોચેસના લાભો સાથે, વિશેષ ઑફર્સ દ્વારા વધારાની બચત પણ અનલૉક કરી શકે છે. આ સેલમાં એર અસ્તાના, એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, કેથે પેસિફિક, ઈજિપ્ત એર, ફ્લાય91, મ્યાનમાર એર, નોક એર અને રિયાધ એર સહિત એરલાઈન ભાગીદારોના વિશાળ નેટવર્ક પર ઑફર્સ હશે, જે મુસાફરોને મુખ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રૂટ પર વધુ વિકલ્પો આપશે. વિશિષ્ટ ડિસ્કાઉન્ટ ઓફર કરતા હોટેલ ભાગીદારોના હાથથી પસંદ કરાયેલા સંગ્રહમાં 7 એપલ, એએમ કલેક્શન, અમૃતારા, બ્લૂમ, બાયકે, ક્લાર્ક્સ, ક્લાર્ક્સ કલેક્શન, ક્લબ મહિન્દ્રા, ઈકો, એલિવાસ, આદુ, ગોસ્ટોપ, જસ્ટા, લલિત, લેમન ટ્રી, લે રોઈ, લોર્ડ્સ, નીમરાના, વન અર્થ, ઓટીએચપીએલ, ઓવાયઓ, પ્રાઈડ, રીજેન્ટા, રેનેસ્ટ, શ્રીગો, સ્પ્રી, સ્ટારલિટ સ્યુટ, સ્ટર્લિંગ, સુબા ગ્રુપ, ધ ફર્ન, ટ્રીબો, ટ્રીહાઉસ, વિટ્સ અને વેલકમહેરીટેજનો સમાવેશ થાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -14

# 'ક્રિમિનલ અને રેડ લાઇટ વિસ્તારમાં મને ૯૨ ટકા મત મળ્યા'

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી એમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે હંમેશા ચર્ચામાં રહ્યા છે. થોડા દિવસો પહેલા જ એમણે કહ્યું હતું કે એમણે હવે સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થઈ જવું છે. જોકે થોડા કલાકોમાં જ એમણે બોલેલું ફેરવી તોળ્યું હતું. હવે એમણે ફરીથી એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. નાગપુરમાં આયોજીત એક કાર્યક્રમમાં એમને મળેલા મત વિશે વિશ્લેષણ કરતા કહ્યું હતું કે, 'એમને શિક્ષિત વ્યક્તિઓ કરતા ક્રિમિનલ, અંડરવર્લ્ડ અને રેડ લાઇટ વિસ્તારમાંથી વધારે મત મળ્યા છે.' પોતાની ચૂંટણી વિશે વાત કરતા એમણે કહ્યું હતું કે, શહેરના શિક્ષિત વિસ્તારોની સરખામણીએ અંડરવર્લ્ડ અને રેડ લાઇટ વિસ્તારોમાં એમના મતદાર વધુ છે. શિક્ષિત વિસ્તારોમાં એમને ૭૦ ટકા જેટલા મત મળ્યા હતા જ્યારે ક્રિમિનલ, અંડરવર્લ્ડ અને રેડ લાઇટ વિસ્તારમાં એમને ૯૨ ટકા મત મળ્યા હતા.ઓબીસી ક્રીમી લેયરના નિયમોને લઈને સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ૧૧ માર્ચના પરિણામો, સિવિલ સર્વિસની પરીક્ષા ૨૦૨૫ના ઉમેદવારો પર લાગુ કરવા બાબતે જવાબ માંગ્યો છે. જસ્ટીસ આર મહાદેવન અને જસ્ટીસ સી નરસિમ્હાની બેંચે કેન્દ્ર સરકારને જવાબ આપવા માટે ૧૭મી સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો છે. કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટનો એપ્રોચ કર્યો હતો અને કહ્યું હતું કે ૧૧મી માર્ચના ચુકાદાને લાગુ કરવામાં ઘણી મુશ્કેલી છે. સરકારના કહેવા પ્રમાણે જે ઉમેદવારો પોસ્ટિંગની રાહ જોઈ રહ્યા છે એમના પર આ ચુકાદાની અસર પડશે. સરકારે સુપ્રિમ કોર્ટને કહ્યું હતું કે સીએસઈ - ૨૦૨૫ના ૯૫૮ ઉમેદવારોની પોસ્ટિંગ બાબતે જૂના ઓબીસી ક્રીમી લેયરની પદ્ધતિ લાગુ કરવામાં આવે. સરકારનું માનવું છે કે માતા-પિતાના પગાર કે પછી કૃષિ આવકના આધારે ઉમેદવારોને ક્રીમી લેયરમાં મૂકી શકાય નહીં. મા-બાપનો હોદ્દો અને એમની સંપત્તિ પણ ધ્યાનમાં લેવી જોઈએ. ભારતીય જનતા પાર્ટીની ઈમેજ છે કે એના કોઈ નેતા કે કાર્યકર કોઈપણ કારણસર તકલીફમાં મૂકાય ત્યારે એને બચાવવા કે એની ખબર પૂછવા પક્ષના સિનિયર નેતાઓ દરકાર કરતા નથી. બીજી તરફ આમ આદમી પાર્ટીની ઈમેજ એવી છે કે પક્ષના કોઈ મંત્રી કે સામાન્ય હોદ્દેદાર પણ સંકટમાં હોય ત્યારે પક્ષના ટોચના નેતાઓ એને પડખે ઉભા રહે છે. મની લોન્ડરીંગ કેસમાં પંજાબના કેબીનેટ મંત્રી સંજીવ અરોરા દિલ્હીની જેલમાં કેદ છે. અરોરાને મળવા માટે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે જેલમાં પહોંચ્યા હતા. આ મુલાકાત રાજકીય રીતે અગત્યની ગણાય છે. સંજીવ અરોરા સામે ઈડીની તપાસ ચાલી રહી છે. ઈડીના જણાવ્યા પ્રમાણે ૧૦૦ કરોડથી વધારેનું જીએસટી કૌભાંડ થયું હતું. આ કૌભાંડ સાથે અરોરા સંકળાયેલા છે. અરોરા આરોપી છે કે નહીં એ આ તબક્કે અગત્યનું નથી. ખુદ મુખ્યમંત્રી એમને મળવા આવતા હોય ત્યારે પક્ષમાંથી બીજાનો પણ ટેકો મળી રહે એમ મનાય છે.મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં મનોજ જરાંગે મરાઠા અનામત માટે આંદોલન કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં હવે પહેલી વખત જરાંગેના આંદોલનની સમાંતર ઓબીસી આંદોલનકારીઓએ જવાબી ભૂખ હડતાળ શરૂ કરી છે. જરાંગેથી હંમેશા ડરીને રહેતી મહારાષ્ટ્ર સરકારે જોકે કાયદો વ્યવસ્થા, તણાવ અને ટ્રાફિક સમસ્યાનું બહાનું આપીને વિરોધ પ્રદર્શન કરવાની સહમતી આપી નથી. ઓબીસીના ૪ આંદોલનકારીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. બીજી તરફ જરાંગેની ભૂખ હડતાળ ૧૦મે દિવસે પણ ચાલુ છે. એમની માંગણી છે કે, મરાઠા સમુદાયના યોગ્યતાવાળા લોકોને કુણબી પ્રમાણપત્ર હેઠળ ઓબીસી અનામતના લાભ મળવા જોઈએ. ઓબીસીના આંદોલનકારીઓએ જરાંગેના આંદોલન સ્થળથી ફક્ત ૪૦૦ મીટર દુર સારતી ગામમાં ભૂખ હડતાળ શરૂ કરી હતી. એમનો આરોપ હતો કે રાજ્ય સરકાર ઓબીસી સંપ્રદાયના હક્કને અવગણી રહી છે.મહારાષ્ટ્રમાં ડોક્ટરો સાથે વારંવાર મારપીટ થતી રહે છે. કેટલીક વખત રાજકીય દબાણને કારણે ગુનેગારો સામે પગલા લેવામાં આવતા નથી. અમુક કિસ્સામાં તો રાજકારણીઓ જ ડોક્ટરો સાથે મારપીટ કરતા જોવા મળ્યા છે. આ બાબતે હવે સુપ્રિમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે રાજ્ય સરકારને સૂચના આપી છે કે ડોક્ટરો પર હુમલા કરનાર રાજકારણીઓ સામે તરત પગલા લેવામાં આવે. મહારાષ્ટ્રના પાલઘર ખાતે આવેલી રીલીફ હોસ્પિટલમાં દર્દી હોવાથી ઘાયલ થયેલા ગોવીંદાઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી એમને રજા આપવા બાબતે વિવાદ થયો હતો. આ કિસ્સામાં શીવસેના સાથે જોડાયેલા ૧૭ હોદેદારો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટે ચોખ્ખુ કહ્યું છે કે હોસ્પિટલમાં ડોક્ટરો પર હુમલો કરનારાઓ છુટ્ટા ફરવા જોઈએ નહીં. પંજાબ કોંગ્રેસના નવા પ્રભારી તરીકે સચીન પાયલોટની નિમણુક થઈ છે. સચીન પાયલોટની નિમણુક પછી પંજાબ કોંગ્રેસમાં ચાલી રહેલી ખેંચતાણ હાલ પૂરતી અટકી ગઈ છે. પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંહ રાજા વડિંગએ પાયલોટને ઉચ્ચ કક્ષાના નેતા ગણાવ્યા છે અને કહ્યું છે કે એમને કારણે પંજાબ કોંગ્રેસમાં ફેરફાર જોવા મળશે. જોકે 'પોલીટીકલી કરેક્ટ' રહેવા માટે એમણે એમ પણ કહ્યું છે કે, ભૂપેશ બઘેલએ પણ પંજાબ માટે સારૂ કામ કર્યું હતું, પરંતુ એમનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો. કોંગ્રેસના નેતાઓ પંજાબના લોકોની લડાઈ લડવા માટે હવે બધા એક મંચ પર ભેગા થશે. એમણે સંકેત આપ્યો છે કે હવે સંગઠન રાજ્યના અલગ અલગ મુદ્દાઓ ઉઠાવવા માટે અને સરકારને ઘેરવા માટે તૈયારી શરૂ કરશે.તૃણમુલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ નદીમુલ હક ઈડીના રડાર પર આવી ગયા છે. એમના ૭ જેટલા સ્થાનો પર ઈડીએ તપાસ શરૂ કરી છે. નદીમુલ સામે શંકાસ્પદ વ્યવહારોના ઘણા આરોપ છે. આ તપાસ દિલ્હીથી લઈને રાંચી અને કોલકત્તા સહિત ઘણા રાજ્યોમાં ચાલી રહી છે.

## ભરવાડ યુવા સંગઠન ગુજરાત પ્રદેશ માં ભરતભાઈ ભરવાડ ની પ્રદેશ મંત્રી તરીકે પસંદગી કરવામાં આવી



દિપક રાવલ | દાહોદ લીમખેડા

ગુજરાત ભરવાડ સમાજ યુવા સંગઠન માં પ્રદેશના નવ નિયુક્ત હોદેદારો ની નિયુક્તિ કરવામાં આવી જેમાં દાહોદ જિલ્લા ભરવાડ સમાજ માંથી ભરતભાઈ ધનાભાઈ ભરવાડ ની ભરવાડ યુવા સંગઠન ના મંત્રી તરીકે પસંદગી કરવામાં આવતા સમસ્ત દાહોદ જિલ્લા ભરવાડ સમાજ માં ખુશી નો માહોલ સર્જાયો હતો અને સમાજ ના આગેવાનો અને મિત્ર મંડળ માંથી ભરતભાઈ ભરવાડ ને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી હાલમાં ભરતભાઈ ભરવાડ દાહોદ જિલ્લા ની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થાના મંત્રી , APMC લીમખેડા ના સેક્રેટરી , અને દાહોદ જિલ્લા શિક્ષણ સમિતિના કોન્ટ સભ્ય જેવા મહત્વપૂર્ણ હોદ્દાઓ પર સેવા આપી રહ્યા છે.

## "પહેલા શિવદર્શન, પછી રોજગાર" : દેશલપરના શંકરભાઈની બે વર્ષથી અવિરત શિવભક્તિ

મનથી માનેલી મનોકામના પૂર્ણ થતાં આસ્થાનો અનોખો સંકલ્પ — શ્રાવણ પૂરતો નહીં, વર્ષના દરેક દિવસે જંગલેશ્વર મહાદેવની આરાધના

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર ગામના શંકરભાઈ બીજલભાઈ કોલી (ભમ્મર)ની ભગવાન શિવ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભક્તિ આજના સમયમાં પણ આસ્થાની અનોખી મિસાલ બની છે. છેલ્લા બે વર્ષથી તેઓ નિયમિત રીતે ગામના સીમાડે આવેલા જંગલેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને શિવ આરાધના કરે છે અને ત્યારબાદ જ પોતાના



કામકાજે જાય છે.શંકરભાઈ દરરોજ વહેલી સવારે જંગલેશ્વર મહાદેવના દર્શન કરી ભગવાન શિવને દૂધનો અભિષેક કરાવે છે તેમજ પૂજા-અર્ચના કરી શિવજીના આશીર્વાદ મેળવે છે. ખાસ કરીને શ્રાવણ માસ દરમિયાન તેમની આ ભક્તિ વધુ ભાવપૂર્વક જોવા મળે છે, પરંતુ તેમની શ્રદ્ધા માત્ર શ્રાવણ પૂરતી સીમિત નથી–વર્ષના દરેક દિવસે પ્રથમ શિવદર્શન અને ત્યારબાદ રોજગાર તેમનો નિયમ બની ગયો છે.શંકરભાઈના જણાવ્યા મુજબ, "આશરે બે વર્ષ અગાઉ મેં ભગવાન શિવ સમક્ષ મનની એક માનતા રાખી હતી. મારી એ માનેલી મનોકામના સફળ થતાં ભગવાન શિવ પ્રત્યે મારી આસ્થા અને વિશ્વાસ વધુ મજબૂત બન્યો. ત્યારથી મેં નક્કી કર્યું કે રોજ સૌપ્રથમ મહાદેવના દર્શન કરી પૂજા-અર્ચના કર્યા બાદ જ કામ પર જઈશ."આજે શંકરભાઈની આ દૈનિક શિવભક્તિ માત્ર તેમની વ્યક્તિગત શ્રદ્ધા રહી નથી, પરંતુ ગામમાં પણ ચર્ચાનો વિષય બની છે. તેમની નિયમિતતા અને ભગવાન પ્રત્યેની અડગ આસ્થા "શ્રદ્ધા હોય તો સંકલ્પ જીવનનો હિસ્સો બની જાય" તેનો સુંદર સંદેશ આપે છે. "હર હર મહાદેવ"ના જયઘોષ સાથે શંકરભાઈની આ શિવ આરાધના ભક્તિ, વિશ્વાસ અને સંકલ્પની અનોખી કહાની બની છે.

## ધી જૂનાગઢ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકની જૂનાગઢમાં ઝાંઝરડા શાખાનો ભવ્ય મંગલ પ્રારંભ



નરેન્દ્ર દવે જૂનાગઢ

આજ તા.૯/૯/૨૬થી ધી જૂનાગઢ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકની જૂનાગઢમાં ઝાંઝરડા શાખા અને અત્યાધુનિક ઈ-ગેલેરીનો ભવ્ય મંગલ પ્રારંભ ભવનાથના લંબે હનુમાનજી મંદિરના મહંત શ્રી અર્જુનદાસજી ગુરુ રામદુલારેદાસજીના વરદ હસ્તે કરવામાં આવેલ આ તકે કોકો બેન્કના પથદર્શક શ્રી ડોલરભાઈ કોટેચા તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેનશ્રી ડો.ડી.પી. ચીખલિયા, મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા,મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ ચેરમેન શ્રીમતિ પલ્લવીબેન ઠાકર, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષશ્રી જે.કે. ચાવડા, નીતિનભાઈ સુખવાણી, વિનુભાઈ કથીરીયા,રાજુભાઈ જોબનપુત્રા વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી બેન્કને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી, આ તકે બેન્કના ચેરમેનશ્રી સાગર કટેચા, વાઈસ ચેરમેનશ્રી સુજલ દોશી, એમ. ડી.શ્રી રાજેશ મારડીયા, ડિરેક્ટરશ્રી વિજયસિંહ રાયજાદા, શ્રી મનસુખભાઈ વાજા, શ્રી કિશોરભાઈ અજવાણી, શ્રી નિલેશ મશરૂ, શ્રી ભાવેશભાઈ વેકરીયા, શ્રી નિલેશ ગણાત્રા ઉપસ્થિત રહેલ અને મહંતશ્રી તેમજ મહાનુભાવોનું સ્વાગત સાથે સન્માન કરી બેન્કના પદાધિકારીઓ એ ધન્યતા અનુભવી હતી.

## નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ 2026

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત સરકાર ના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી,જૂનાગઢ તથા શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ 2026નું આયોજન કરવામાં આવેલ છે. જેમની થીમ સાયન્સ એન્ડ સોસાયટી (વિજ્ઞાન અને સમાજ) રાખવામાં આવેલ છે આ વિજ્ઞાન નાટક સ્પર્ધા જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ભાગ લઈ શકે છે જેમાં ધોરણ 6 થી 10 ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે જેમની પેટા થીમ.1. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI): મિત્ર સાધન કે જોખમ? 2. ઈવી (ઈલેક્ટ્રિક વાહનો): આગળની રાહ.3.આંતરરાષ્ટ્રીય વસવાટ.4. મહાસાગરોનું પુનઃસ્થાપન: આવી પેઢીઓનું રક્ષણ. ની થીમ પર આધારિત વૈજ્ઞાનિક નાટક રજૂ કરવાનું રહેશે જે શાળાઓ ભાગ લેવા ઈચ્છતી હોય તેઓ શાળાના લેટર પેડ પર નામની યાદી ઈમેલ.bdcscjnd@gmail.com તથા 9429433449(w) પર રજીસ્ટ્રેશન કરાવી લેશો જેમની છેલ્લી તા. 20 સપ્ટેમ્બર સુધી છે.વધુ માહિતી માટે લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવો તેવી કોઓર્ડીનેટરશ્રી પ્રતાપસિંહ ઓરા એ એક યાદીમાં જણાવેલ છે .

## જીવદયાની અનોખી મિસાલ : ચેતનભાઈ ઠક્કરનો જન્મદિવસ સેવા અને સંવેદનાથી ઉજવાયો



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકા ભાજપના ઉપપ્રમુખ તથા નખત્રાણાના ઉદ્યોગપતિ અને દાતાશ્રી ચેતનભાઈ ઠક્કરનો જન્મદિવસ સેવા, જીવદયા અને સંવેદનાની ભાવનાથી ઉજવાયો હતો. તેમના જન્મદિવસ નિમિત્તે મિત્રો, પરિવારજનો તથા શુભેચ્છકોએ શુભેચ્છાઓ પાઠવી તેમના સુખમય અને નિરોગી જીવનની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.દેશલપર (ગુંતલી) ગામનું ગૌરવ વધારનાર ચેતનભાઈ ઠક્કર દ્વારા દેશલપર (ગુંતલી) ખાતે આવેલ જંગલેશ્વર મહાદેવ મંદિર સહિત અંદાજિત ૫થી ૬ મંદિરોમાં પક્ષીઓ માટે ચણની અવિરત વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જીવમાત્ર પ્રત્યેની આ સેવા તેમના સેવાભાવ અને સંવેદનશીલતાનું સુંદર ઉદાહરણ બની છે.મિત્રો અને શુભેચ્છકોએ ચેતનભાઈ ઠક્કરને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે તેઓ હંમેશા સમાજ અને જીવદયાના કાર્યોમાં આગળ રહે અને તેમની સેવાયાત્રા સતત ચાલુ રહે તેવી શુભકામનાઓ છે.આ પ્રસંગે ભગવાન શિવજી તથા મા ગુંતલી માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી ચેતનભાઈ ઠક્કરને ઉત્તમ આરોગ્ય, દીર્ઘાયુષ્ય, સુખ-સમૃદ્ધિ અને જીવનમાં સતત પ્રગતિ મળે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ન્યુ એરા પ્રોફેસર એકેડેમીમાં અનોખી રીતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદની ન્યુ એરા પ્રોફેસર એકેડેમી ખાતે ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની અનોખી અને શૈક્ષણિક પ્રવૃત્તિથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાનું સંપૂર્ણ સંચાલન એક દિવસ માટે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ 1થી 10 સુધીના વિવિધ વર્ગોમાં વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી શિક્ષણકાર્ય કરાવ્યું હતું. શિક્ષક દિન નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. એક દિવસ માટે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના વર્ગમાં વિષયને અનુરૂપ પાઠ ભણાવવાની સાથે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી શિક્ષણકાર્ય કરાવ્યું



હતું.આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષકની જવાબદારી,શિસ્ત, આયોજન, આત્મવિશ્વાસ અને વર્ગ સંચાલનનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો હતો.આ પ્રસંગે પ્રિન્સિપાલની જવાબદારી સંભાળનાર સ્નેહલ અશ્વિનભાઈ તથા તુલસી ડાંગર દ્વારા શાળાના વિવિધ વર્ગોની મુલાકાત લેવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા શિક્ષણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે શિક્ષકની ભૂમિકા નિભાવી હોવાનું જોવા મળ્યું હતું. ભારતમાં દર વર્ષે 5 સપ્ટેમ્બર ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષકના મહત્વ અને વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં શિક્ષકોના યોગદાનને ઉજાગર કરવા માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.શાળાના સંચાલક ડો.પ્રો. પ્રવીણ ગજેરા દ્વારા એક દિવસ માટે શિક્ષક બનેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષકની ભૂમિકા નિભાવવાના અનુભવને જીવનમાં ઉપયોગી બનાવવાની પ્રેરણા આપી હતી.આ પ્રસંગે પ્રિન્સિપાલ સ્નેહાએ જણાવ્યું હતું કે, "શિક્ષક બનવું એ ખૂબ જ ભવ્ય અને જવાબદારીભર્યું કાર્ય છે. શિક્ષક માત્ર વિષયનું જ્ઞાન આપતા નથી, પરંતુ વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે." આ સમગ્ર પ્રવૃત્તિના કારણે વિદ્યાર્થીઓમાં શિક્ષક પ્રત્યે આદરની ભાવના વધુ મજબૂત બની હતી તેમજ શિક્ષકની જવાબદારી અને મહત્વને સમજવાનો અનોખો અવસર મળ્યો હતો. શાળાના શિક્ષકો અને સંચાલનના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ઉજવણી વિદ્યાર્થીઓ માટે યાદગાર બની રહી હતી.

## કચ્છની ધરતી પર કુદરતનું અદભુત સર્જન : પથ્થરમાં દેખાયો શિવલિંગ પર વીંટળાયેલો નાગ!

કુદરતની કળા સામે માનવસર્જિત કલાકૃતિ પણ લાગે ફીકી : દૃશ્ય જોઈને આસ્થા, આશ્ચર્ય અને આધ્યાત્મિક અનુભૂતિનો અનોખો સંગમ




કચ્છ : કચ્છની ધરતી પોતાની અનોખી ભૌગોલિક રચના, રણ, પર્વતો અને પથ્થરો માટે જાણીતી છે. ત્યારે અહીં કુદરતે સર્જેલું એક અદ્ભુત સ્વરૂપ સૌનું ધ્યાન ખેંચી રહ્યું છે. પથ્થરમાં જાણે શિવલિંગ પર નાગ વીંટળાયેલો હોય એવો આકાર જોવા મળતાં આ દૃશ્ય આસ્થા અને આશ્ચર્યનો અનોખો સંગમ બની ગયું છે.આ રચનાને નિહાળતા ક્ષણભર માટે નજર થંભી જાય છે અને મનમાં સહજ રીતે મહાદેવ તથા માતા પાર્વતીનું સ્મરણ થઈ આવે છે. જાણે પ્રકૃતિએ પોતાની જ કલમથી પથ્થર પર એક આધ્યાત્મિક ચિત્ર કંડાર્યું હોય!ખાસ વાત એ છે કે આ આકાર કોઈ શિલ્પકારે છીણી-હથોડીથી કંડાર્યો નથી કે કોઈ કલાકારે તેમાં રંગો પૂર્યા નથી. કુદરતી પ્રક્રિયાઓએ પથ્થરને જે સ્વરૂપ આપ્યું છે, તે માનવસર્જિત કલાકૃતિ જેવી અનુભૂતિ કરાવે છે.આ દૃશ્યને જોતા એક સુંદર વિચાર મનમાં આવે છે–"પ્રકૃતિ તો મા પાર્વતી છે અને આ સર્જન જાણે તેમની જ કલાનો પરિચય છે."ક્યારેક પ્રકૃતિ પહાડોમાં અદ્ભુત આકારો રચે છે, તો ક્યારેક પથ્થરોમાં રહસ્ય છુપાવે છે. નદી, વરસાદ, પવન અને સમયના સતત વહેણથી પથ્થરોમાં સર્જાતી આવી કુદરતી રચનાઓ આપણને પ્રકૃતિની અપરંપાર શક્તિનો પરિચય કરાવે છે.પ્રકૃતિ એટલે માત્ર વૃક્ષો, પહાડો, નદીઓ કે દરિયો નહીં; પ્રકૃતિ પોતે એક જીવંત કલાકાર છે. કચ્છની ધરતી પર તો આ વાત અનેક સ્થળે સાકાર થતી જોવા મળે છે.આ કુદરતી રચનાને કોઈ ધાર્મિક સંકેત માને કે કુદરતની અદ્ભુત કળા તરીકે જુએ–પરંતુ તેની સુંદરતા અને રહસ્ય સામે મન આપોઆપ નતમસ્તક થઈ જાય છે.કચ્છની ધરતી ખરેખર અદ્ભુત છેઅહીં ક્યારેક પથ્થરો પણ ભગવાનની કથા કહેતા હોય એવું લાગે છે!

કુદરતનું સર્જન – આસ્થા, આશ્ચર્ય અને રહસ્યનો અનોખો સંગમ.

## ભાદરવી પૂનમ મહામેળો-૨૦૨૬: માઈભક્તોની સુવિધા અને સુરક્ષાને પ્રાથમિકતા આપી સેવા કેમ્પો માટે સુગમ વ્યવસ્થા

માહિતી બ્યુરો, પાલનપુર| અંબાજી ખાતે આગામી તા. ૨૦/૦૯/૨૦૨૬ થી તા. ૨૬/૦૯/૨૦૨૬ દરમિયાન યોજાનાર 'ભાદરવી પૂનમ મહામેળો-૨૦૨૬' માં લાખો માઈભક્તો આસ્થાભેર પદયાત્રા કરીને અંબાજી ધામ પહોંચે છે. પદયાત્રીઓની આ પવિત્ર યાત્રા વધુ સરળ, સુખદ અને અનુકૂળ બને તથા માઈભક્તોને માર્ગમાં કોઈપણ પ્રકારની અસુવિધા કે મુશ્કેલીનો સામનો ન કરવો પડે, તે હેતુસર જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ આગોતરી તૈયારીઓ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રી અને ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ રચાયેલી ૨૮ વિવિધ સમિતિઓ સતત કાર્યરત રહીને યાત્રાળુઓની સુવિધાઓને સર્વોપરી રાખી રહી છે.મહામેળા દરમિયાન પદયાત્રીઓની સેવા માટે અનેક સેવાભાવી માઈભક્તો દ્વારા સ્થાયી કેમ્પો ઉપરાંત વાહનો દ્વારા આઈસ્ક્રીમ, ઠંડા પીણાં, ફળો અને પાણી જેવી ખાદ્ય સામગ્રીનું વિતરણ કરતા હરતા-ફરતા (મોબાઈલ) સેવા કેમ્પો ચલાવવામાં આવે છે. આ સેવાઓ તમામ પદયાત્રીઓ સુધી યોગ્ય રીતે અને વ્યવસ્થિત પહોંચે તેમજ ટ્રાફિક કે ભીડભાડના કારણે કોઈ અગવડ ન સર્જાય, તે માટે અંબાજી મંદિર ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ (www. ambajitemple.in) પર સરળ ઓનલાઈન નોંધણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સમયસર ઓનલાઈન નોંધણી કરવાથી




મોબાઈલ સેવા કેમ્પ માટે નિયત સ્થળો

અંબાજી-હડાદ માર્ગ: કામાક્ષી મંદિર, મચકોડા બસ સ્ટોપ નજીક તથા મંગલમ પેટ્રોલ પંપ, હડાદ રોડ નજીક. અંબાજી-દાંતા માર્ગ: શ્રી શક્તિ સેવાકેન્દ્રની સ્કૂલ સામે, ધાબાવાળી વાવ તથા ત્રિશૂલિયા ઘાટ. દાંતા-પાલનપુર માર્ગ: રતનપુર ચોકડી તથા મોટાસડા. રતનપુર ચોકડી-આંબાઘાટ માર્ગ: કુંડેલ તથા આંબાઘાટ.

સેવાભાવી આયોજકોને પણ વહીવટી સહયોગ અને યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. આ મોબાઈલ સેવા કેમ્પો માટે પદયાત્રાના મુખ્ય માર્ગો પર ચોક્કસ અને સુલભ સ્થળો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમાં અંબાજી-હડાદ માર્ગ, અંબાજી-દાંતા માર્ગ, દાંતા-પાલનપુર માર્ગ અને રતનપુર-આંબાઘાટ માર્ગ પરના યોગ્ય પોઈન્ટ્સનો સમાવેશ થાય છે. આ નિયત સ્થળો પર કેમ્પો કાર્યરત રહેવાથી તમામ માર્ગો પર સંતુલિત રીતે સેવાઓ મળી રહેશે અને યાત્રાળુઓને સરળતાથી પ્રસાદ તેમજ જળસેવા પ્રાપ્ત થઈ શકશે. એસ.ડી.એમ. (દાંતા પ્રાંત) કચેરી દ્વારા આ વિગતોની ઝડપી ચકાસણી કરી મંજૂરી આપવામાં આવે છે, જેથી સેવાની આ પરંપરા વધુ સુઘડ બની શકે.સેવા અને ભક્તિની સાથે સ્વચ્છતા જળવાઈ રહે તે પણ એટલું જ આવશ્યક છે. મંજૂરી મેળવનાર તમામ સેવા કેમ્પોએ પોતાના વાહન સાથે ડસ્ટબિનની વ્યવસ્થા રાખવાની રહેશે, જેથી મેળાના પવિત્ર માર્ગો પર કચરો ન ફેલાય અને યાત્રાળુઓને સ્વચ્છ વાતાવરણ મળી રહે. સેવા કાર્ય પૂર્ણ થયા બાદ સમગ્ર પરિસર સ્વચ્છ રાખવાની જવાબદારી આયોજકોની રહેશે, જે સ્વચ્છતા પ્રત્યેની આપણી સામૂહિક સંનિષ્ઠા દર્શાવે છે.માઈભક્તોની સુરક્ષા, સ્વાસ્થ્ય, ટ્રાફિક નિયંત્રણ અને સુચારુ વ્યવસ્થા દ્વારા આ મહામેળો દિવ્ય અને આનંદદાયક બને તે માટે આ સહાયક આયોજન અમલમાં મૂકવામાં આવ્યું છે. તમામ સેવાભાવી સંસ્થાઓ અને માઈભક્તોને સમયસર ઓનલાઈન નોંધણી કરાવી આ સુગમ વ્યવસ્થાનો લાભ લેવા તેમજ વહીવટી તંત્રને સહકાર આપવા મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર શ્રી કૌશિક એસ. મોદી દ્વારા નમ્ર અનુરોધ કરવામાં આવ્યો છે.

## શિક્ષણ ક્ષેત્રે અનોખી અને નોંધપાત્ર કામગીરી બદલ મેંદરડાના બહાદુરસિંહ વાળાનું રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૬થી સન્માન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગાંધીનગર ખાતે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શિક્ષક દિન નિમિત્તે યોજાયેલા ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૬ સમારોહમાં મેંદરડા તાલુકાના આલીધ્રા ક્લસ્ટરના સી.આર.સી. કોર્ડીનેટરશ્રી બહાદુરસિંહ વાળાની રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં તેમનું ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યકક્ષાના આ પારિતોષિક માટે ગુજરાતભરમાંથી કુલ ૪૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. સમારોહમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી ડૉ.પ્રદ્યુમન વાજા, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી રિવાબા જાડેજા તથા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બહાદુરસિંહ વાળાની શિક્ષણક્ષેત્રે કરવામાં આવેલી કામગીરીને ધ્યાનમાં લઈને તેમને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવામાં આવ્યું છે. તેમણે સ્વરચિત બાળ કાવ્યોનું એનિમેશન તૈયાર કરી તેને યુ-ટ્યુબ પર અપલોડ કરી આશરે ૧.૨૫ લાખ જેટલા બાળકો સુધી મૂલ્ય શિક્ષણ અને ભાષા શિક્ષણ પહોંચાડવામાં યોગદાન આપ્યું છે. આ ઉપરાંત બાયસેગ ખાતેથી આપવામાં આવેલ પાઠ, રાજ્યકક્ષાના ઈનોવેશન ફેરમાં કરેલ ભાગીદારી, રાજ્યકક્ષાના બેસ્ટ ચાઈલ્ડ સેન્ટ્રિક ટીચિંગ લર્નિંગ મટીરીયલ, વિવિધ શિક્ષણના મેગેઝિનોમાં લેખ, વેકેશન દરમિયાન વાંચન લેખન ગણન ની કામગીરી, કોરોના કાળ દરમિયાન ટીમ્સ ટીચિંગ કામગીરી, વિવિધ શિક્ષક તાલીમોમાં રિસોર્સ પર્સન અને કી રિસોર્સ પર્સન તરીકે કરેલી કામગીરી, પરખ આધારિત પ્રશ્ન બેંકની સમીક્ષા તથા લેખન,રાષ્ટ્રીય કામગીરી જેમ કે ચૂંટણી અને વસ્તી ગણતરીમાં માસ્ટર ટ્રેનર તરીકે કરેલી કામગીરી સહિતની અનેક વિશેષ કામગીરીને ધ્યાનમાં લઈ તેમને આ સન્માન આપવામાં આવ્યું.તેમના દ્વારા તેમના ક્લસ્ટરમાં નામાંકન સ્થાયીકરણ અને ગુણવત્તા માટે કરવામાં આવેલી કામગીરીઓ ખાસ નોંધનીય રહી છે. બાળ સાહિત્યના નિર્માણમાં તેઓએ ઘણું પ્રદાન કરેલ છે તથા અનેક બાળગીતો વિવિધ સામયિકો અને પુસ્તકોમાં પણ પસંદગી પામ્યા છે. તેમનો બાળ કાવ્ય સંગ્રહ 'કલબલ કલબલિયા' બાળકોના બાળ સાહિત્ય માટે તેમના પ્રદાનનું ઉદાહરણ છે. બહાદુરસિંહ વાળાને આ અગાઉ જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, પૂજ્ય મોરારીબાપુ દ્વારા ચિત્રકૂટ એવોર્ડ સહિત અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. શિક્ષક તથા સી.આર.સી. કોર્ડીનેટર તરીકેની તેમની ૨૩ વર્ષની સેવાયાત્રા દરમિયાન તેમની પાસેથી શિક્ષણ મેળવનારા અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ કક્ષાએ પહોંચીને વિવિધ ક્ષેત્રોમાં સફળ કારકિર્દી બનાવી છે.

## બાંટવામાં 'સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહા સ્વચ્છતા અભિયાન' અંતર્ગત શ્રી એવરશાઈન શાળા ખાતે વિશેષ તાલીમ યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રાદેશિક કમિશનરશ્રી નગરપાલિકાઓ, ભાવનગર ઝોન હેઠળની જુનાગઢ જિલ્લાની બાંટવા નગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ અનુસાર શરૂ કરાયેલ 'સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહા સ્વચ્છતા અભિયાન' અંતર્ગત તા. ૦૮/૦૯/૨૦૨૬ના રોજ શ્રી એવર શાઈન શાળા ખાતે વિશેષ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમા કચરાનું ૪ પ્રકારે વર્ગીકરણ થાય જેમા લીલો ડબ્બો (ભીના કચરા માટે), ભૂરો ડબ્બો (સૂકા કચરા માટે), લાલ ડબ્બો (સેનિટરી કચરા માટે) અને કાળો ડબ્બો (ઘરગથ્થુ જોખમી કચરા માટે) નિયત કરવામા આવેલ છે. જેથી શાળાના શિક્ષકો તથા વિધાર્થીઓ સ્વચ્છતાનુ મહત્વ સમજે અને તેનુ અમલીકરણ થાય તે હેતુ થી શ્રીએવરશાઈન શાળાના શિક્ષકગણ તથા તમામ વિધાર્થીઓને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ અંતર્ગત ઘન કચરાનુ ચાર પ્રકારે વર્ગીકરણ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત દિન પ્રતિદિન વધતા જતા સિંગલ યુઝ પ્લાસ્ટીક પ્રદુષણમા ઘટાડો થાય તે માટે શાળામાં અવાર નવાર યોજાતા નાના-મોટા કાર્યક્રમોમા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને બજારોમા ખરીદી કરતી વખતે સિંગલ યુઝ પ્લાસ્ટીકની થેલીઓને બદલે કાપડની થેલીઓનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને રૂબરૂ જોઈ જૂનાગઢની ચેસ કોચ વિશ્વા વાડોયા ભાવુક થયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

વડોદરામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રૂબરૂ જોવાની ક્ષણે જૂનાગઢના વિશ્વા હિતેશભાઈ વાડોયા ભાવુક થઈ ગયા હતા. જૂનાગઢના નાના ગામમાંથી આવતાં ૨૩ વર્ષીય વિશ્વા વાડોયા હાલમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) સાથે ચેસ ટ્રેનર તરીકે જોડાયેલા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આટલી નજીકથી જોવાની ક્ષણ યાદગાર બની રહી છે. તેમને રૂબરૂ જોવાનો દિવસ તેમના જીવનનો ક્યારેય ન ભૂલાય તેવો દિવસ રહેશે. વિશ્વાના પિતા હિતેશ વાડોયાએ તેમની કારકિર્દીમાં સતત સાથ આપ્યો છે. વિશ્વાએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા ખેલ મહાકુંભે તેમની કારકિર્દીમાં મહત્વનો વળાંક લાવ્યો. આ પહેલના કારણે તેમને નોકરી મળી અને રમત ક્ષેત્રે આગળ વધવાની તક મળી. વિશ્વાએ જણાવ્યું કે તેમના ગામમાં છોકરીઓને રમતગમતમાં ભાગ લેવાની મંજૂરી મળતી ન હતી. પરંતુ તેમના પિતાએ ખેલ મહાકુંભમાં તેમનું નામ નોંધાવ્યું, જે તેમની કારકિર્દી માટે મહત્વપૂર્ણ સાબિત થયું. ત્યારબાદ તેમણે રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય FIDE રેટિંગ ટુર્નામેન્ટમાં ભાગ લીધો અને આજે (SAG) સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ના કોચ તરીકે પોતાની કારકિર્દી બનાવી છે. આ ઉપરાંત વિશ્વાએ જણાવ્યું કે, "ખેલ મહાકુંભના કારણે મને નોકરી મળી. આ પહેલથી ખાસ કરીને ગામડાની છોકરીઓને પોતાના ગામમાંથી બહાર આવીને રમતગમત અને જીવનમાં આગળ વધવાની તક મળી છે. મારા પરિવાર પર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આ ઉપકાર હંમેશા રહેશે." વિશ્વાએ પોતાના જીવનમાં આવેલી આ તક માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો અને જણાવ્યું કે તેમને રૂબરૂ મળવાની આ ક્ષણ જીવનભર યાદગાર રહેશે.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા રવી-૨૦૨૬-૨૭ માટે વિવિધ પાકોના બિયારણની ઓનલાઈન નોંધણી તા.૧૦ સપ્ટેમ્બરથી શરૂ થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ કૃષિ યુનિ. દ્વારા આગામી રવી-૨૦૨૬-૨૭ ઋતુમાં વાવેતર માટે ચણાની GJG-3, GG-5, GJG-6, GG-7, GG-8 અને GKG-1, જીરૂની GC-4, ધાણાની GC-4, અને ઘઉંની Lok-1, GW-496 અને GW-513 જાતોના સર્ટિફાઈડ/ટ્રુથફુલ બિયારણના વેચાણ માટેની ઓનલાઈન નોંધણી માટેની અરજી જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.jau.in ઉપર તા.૧૦-૦૯-૨૦૨૬ થી તા.૩૦-૦૯-૨૦૨૬ સુધી કરવાની રહેશે. ખેડૂત મિત્રોએ જૂદી-જૂદી બે લીંક મારફત ચણા માટે તેમજ ઘઉં, જીરું, ધાણા માટે પણ અલગ અલગ ઓનલાઈન અરજીઓ કરી શકાશે. જેમાં કોઈ પણ પાકની કોઈ પણ એક જાતનું બિયારણ મેળવવા માટે અરજી કરવી એટલે કે જે ખેડૂત મિત્રએ જે પાક અને જાત માટે અરજી કરી હશે તેજ પાક અને જાતનું બિયારણ મળવાપાત્ર થશે. ખેડૂત મિત્રોની જેમની અરજી મંજુર થશે તેઓને અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર ઉપર બિયારણના વેચાણ/વિતરણ અંગેની SMS થી જાણ કરવામાં આવશે. બિયારણનું વેચાણ સીડ હબ ગોડાઉન (યુનિવર્સીટી ગેટ નં.-૩), બીજ વિજ્ઞાન અને તકનિકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ ખાતેથી કરવામાં આવનાર છે. ખેડૂત મિત્રોએ કરેલ ઓનલાઈન અરજી મુજબ ચણામાં વધુમાં વધુ ૫ બેગ (૧૨૫ કિ. ગ્રા.) તથા જીરૂમાં ૫ બેગ (૧૦ કિ. ગ્રા.), ધાણામાં ૧૦ બેગ (૨૦ કિ.ગ્રા.) અને ઘઉંમાં ૧૦ બેગ (૪૦૦ કિ.ગ્રા.) મુજબ મળવાપાત્ર થશે. વધુ માહિતી માટે ઓનલાઈન અરજી કરવા માંગતા ખેડૂતભાઈઓએ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.jau.in પર જઈ બિયારણ મેળવવા માટેની ઓનલાઈન નોંધણીની અરજી કરતા પહેલા અરજી માટેની શરતોનો અભ્યાસ કરી લેવો. ખેડૂત મિત્રોએ ઓનલાઈન અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર પર DND એક્ટીવ હશે તો તે ખેડૂતોને બિયારણ ખરીદીનો SMS મળતો નથી. તો જે ખેડૂત મિત્રોના મોબાઈલમાં આ સુવિધા હોય તો તેને દુર કરવી. ઘણી વાર નેટવર્ક પ્રોબ્લેમ કે અન્ય કોઈ કારણોસર પણ SMS મળતો નથી. તો તેના માટે થઈ ને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.jau.in ઉપર અરજી મંજુર થયેલ ખેડૂત મિત્રોનું લીસ્ટ મુકવામાં આવે છે. જેમાં આપનું નામ હોઈ અને મેસેજ મળેલ ન હોય તો તે લીસ્ટમાં જણાવેલ તારીખમાં બિયારણ લેવા આવી જવું. આમ, બિયારણ વિતરણ અને પાકના ભાવ સબંધિત માહિતી તેમજ ખેડૂત મિત્રોની મંજુર થયેલ યાદીનું લીસ્ટ જોવા માટે યુનિવર્સીટીની વેબસાઈટ www.jau.in દરરોજ જોતા રહેવી.વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનિકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન ૦૨૮૫- ૨૬૭૨૦૮૦-૯૦ થી સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢ ખાતે ૧૮ થી ૨૮ વર્ષના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે તા.૧૧ સપ્ટેમ્બરના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ કોમર્સ એન્ડ બી.બી.એ. કોલેજ કેમ્પસ, બિલખા રોડ, જૂનાગઢ ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતી મેળામાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિમિટેડ, એ.આઈ.એ. એવિએશન એલ.એલ.પી., એસ.એમ.એફ.જી. ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ-જૂનાગઢ સહિતના વિવિધ નોકરીદાતાઓ ઉપસ્થિત રહી રોજગારવાંચ્છુ ઉમેદવારોની પસંદગી માટે ઈન્ટરવ્યુ યોજશે. આ ભરતીમેળામાં વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે એસ.એસ.સી, સ્નાતક કે અનુસ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ( ૧૮ વર્ષ થી ૨૮ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## કનિષ્ક ચાવડા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા Ph.D. ધારકો માટે વિશેષ સન્માન સમારોહની અનોખી પહેલ




નરેન્દ્ર દવે જૂનાગઢ

સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને ઉચ્ચ શૈક્ષણિક સંશોધનને પ્રોત્સાહન મળે તેવા ઉદ્દેશ્ય સાથે કનિષ્ક ચાવડા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા એક ઉત્કૃષ્ટ શૈક્ષણિક પહેલની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત દેશ-વિદેશમાં પોતાની Ph.D. (ડૉક્ટરેટ) ની પદવી સફળતાપૂર્વક પૂર્ણ કરનાર સંશોધક સ્કોલર્સને ખાસ 'સન્માન પત્ર' (Honorary Certificate of Academic Excellence) એનાયત કરીને બિરદાવવામાં આવશે. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન જે સંશોધકોએ પોતાની ફાઈનલ વાઈવા-વોસ (Viva-Voce) પ્રક્રિયા પૂર્ણ કરી નોટિફિકેશન કે પ્રમાણપત્ર મેળવ્યું હોય, તેઓ આ સન્માન માટે પાત્ર બન્યા હતા જેમાં આખા ભારત ભરમાંથી 78 જેટલાં phd ધારકો પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા આ અંગે વાતચીત કરતા ડૉ દિનેશકુમાર આર ચાવડાએ જણાવ્યું હતું કે, 'Ph.D. ની પદવી મેળવવી એ વર્ષોની અથાક મહેનત, બૌદ્ધિક દ્રઢતા અને સતત સમર્પણનું પરિણામ છે. આ સિદ્ધિ માત્ર સંશોધક પૂરતી સીમિત ન રહેતા તેમના પરિવાર અને સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે. આવા તેજસ્વી ડૉક્ટરેટ ધારકોનું સન્માન કરવાથી તેમનો આત્મવિશ્વાસ તો વધશે જ, પણ સાથે સાથે સમાજના અન્ય વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ અભ્યાસ અને સંશોધન ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા મળશે.' ટ્રસ્ટ દ્વારા આ તકે તમામ ઉત્તીર્ણ Ph.D. ધારકોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેઓ ભવિષ્યમાં પોતાના સંશોધન દ્વારા સમાજ અને દેશની ઉત્કૃષ્ટ સેવા કરતા રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

## જાફરાબાદથી ભાવનગર વચ્ચે સીધી એસટી બસ બંધ રહેતા મુસાફરો હાડમારી વેઠી રહ્યા છે: વાયા રાજુલા જઈ ડબલ ખર્ચ કરવા મજબૂર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ થી ભાવનગર જવા માટે સવારના ૭:૩૦ પછી થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધીમાં એક પણ બસ ભાવનગર જવા માટે સીધી બસ મળતી નથી મુસાફર જનતા ને વાયા રાજુલા થઈ ને ભાવનગર જવું પડી રહ્યું છે. જેથી કરીને મુસાફર જનતા ને ડબલ ટીકીટ ખર્ચ કરીને વાયા વાયા ભાવનગર સુધી પહોંચવું પડી રહ્યું છે. તેના લીધે મુસાફર હેરાનગતિ ભોગવવી રહ્યા છે. જાફરાબાદ થી ભાવનગર જતા દવાખાનાના કામે જતા લોકોને આખો દિવસ બગાડવો પડી રહ્યો છે. જેથી કરીને મુસાફર ને સમય અને પૈસા નો બગાડ થઈ રહ્યો છે. અને મુસાફર જનતા હેરાનપરેશાન થઈ રહી છે. મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ માછીમારો, તથા વેપારીઓ, અને આમજનતા હાડમારી વેઠી રહી છે.



મુસાફર જનતા ના હિતમાં લક્ષમાં લઈ ને આ બસને તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તેવી માંગ સંસ્થાઓ સાગરખેડુ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ બન્ને સંસ્થાઓ તથા મુસાફર જનતા ના હિતમાં આ બસને વહેલી તકે ચાલુ કરવામાં આવે તો એસટી તંત્ર ને સારી એવી આવક થઈ શકે તેમ છે. આ બસને મુસાફર જનતા ના બહોળા હિતને ધ્યાનમાં લઈને એસટી તંત્ર તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તેવી ઉગ્ર માગણી સંસ્થાઓ માંથી ઉઠી છે. આ બાબતે એસટી તંત્ર ધ્યાન ઉપર લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં બન્ને સંસ્થાઓ દ્વારા ઉગ્ર કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવશે તેની એસટી તંત્ર ગંભીર નોંધ લેઈ તેમ સંસ્થાઓ દ્વારા જણાવાયું છે.

## સાપુતારામાં ઝીપ લાઈન એક્ટિવિટીના ટેન્ડર વિનાના સીધા કોન્ટ્રાક્ટ સામે રોષ: ગેરરીતિઓની તપાસ અને કામગીરી અટકાવવા કલેક્ટરને આવેદનપત્ર

સુશીલ પવાર | ડાંગ

પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સાપુતારા ખાતે તળાવ નજીક ચાલી રહેલી 'ઝીપ લાઈન એક્ટિવિટી'માં ગંભીર ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર અને જાહેર સુરક્ષાના નિયમોના સરેઆમ ભંગ અંગે સ્થાનિક અરજદાર મનીષભાઈ મારકણા દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટરને એક વિગતવાર આવેદનપત્ર પાઠવીને આ કામગીરી તાત્કાલિક રોકવાની અને ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સાપુતારા ખાતે અગાઉ પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યા હોવા છતાં, કોઈ પણ પ્રકારની જાહેર સ્પર્ધાત્મક ઈ-ટેન્ડર પ્રક્રિયા કે વર્તમાનપત્રોમાં જાહેરાત આપ્યા વિના એક જ ચોક્કસ ખાનગી એજન્સીને સીધો લાભ પહોંચાડવાના હેતુથી આ કામગીરી સોંપી દેવામાં આવી છે.આર.ટી.આઈ. (RTI) એક્ટ હેઠળ માહિતી માંગવા છતાં એજન્સીના પૂર્વ અનુભવ કે ટેકનીકી યોગ્યતા સંબંધિત કોઈ માન્ય પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યા નથી, જેનાથી જવાબદાર કચેરી અને અધિકારીઓની ભૂમિકા સામે ગંભીર શંકાઓ ઊભી થઈ છે.તળાવની મધ્યમાંથી પસાર થતી ઝીપ લાઈન એ એક જોખમી એડવેન્ચર સ્પોર્ટ હોવાથી, તેમાં આંતરરાષ્ટ્રીય સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ, ટેકનિકલ સ્ટેબિલિટી, સેફ્ટી ગિયર્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અનિવાર્ય હોય છે. બિનઅનુભવી એજન્સી દ્વારા કામગીરી થવાના કારણે પર્યટકો અને જાહેર જનતાની સુરક્ષા જોખમમાં મુકાઈ છે અને ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાય તો તેની કાયદેસરની જવાબદારી કોની રહેશે તે અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.આ ઉપરાંત, ખુલ્લું ટેન્ડર બહાર ન પાડવાથી રાજ્યની તિજોરીને પણ મોટું આર્થિક નુકસાન (રોયલ્ટી નુકસાન) થયું હોવાનો આક્ષેપ કરાયો છે. અરજદાર દ્વારા માંગણી કરવામાં આવી છે કે, આ અનધિકૃત પ્રોજેક્ટ પર તાત્કાલિક સ્ટે/ સ્ટોપ-વર્ક ઓર્ડર આપવામાં આવે, વર્ક ઓર્ડર આપવાની સમગ્ર ફાઈલની નિષ્પક્ષ કમિટી દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ થાય અને દોષિત અધિકારીઓ સામે શિસ્તભંગના પગલા લેવામાં આવે તેવી માંગ કરી છે.જો આગામી ૧૫ દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આ મામલે વિજિલન્સ કમિશન (ગાંધીનગર), ગુજરાત પ્રવાસન નિગમ અને ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

## શાપુર-લુશાળા વચ્ચે કર્વનું રિયલાઈનમેન્ટ કરી ગતિ પ્રતિબંધ દૂર કરાયો: હવે ટ્રેનો ૧૧૦ કિમી/કલાકની ઝડપે દોડશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલવે પરિચાલનને વધુ સુગમ, સુરક્ષિત અને ઝડપી બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. તા. 09 સપ્ટેમ્બર 2026ના રોજ શાપુર-લુશાળા સેક્શન વચ્ચે હાલના ટ્રેકને આશરે 2 મીટર શિફ્ટ કરીને કર્વનું રિયલાઈનમેન્ટ કરવામાં આવ્યું હતું. આ કાર્ય 6 કલાકના ટ્રાફિક બ્લોક દરમિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય અંતર્ગત 2.9 ડિગ્રી ના કર્વને ઘટાડીને 2 ડિગ્રી કરવામાં આવ્યો છે. તેના પરિણામે આ કર્વ પર લાગુ 100 કિમી/કલાકનો PSR (Permanent Speed Restriction) દૂર કરવામાં આવ્યો છે અને હવે ટ્રેનોને સામાન્ય મહત્તમ 110 કિમી/કલાકની ઝડપે સંચાલિત કરી શકાશે. આ મહત્વપૂર્ણ કાર્યથી ટ્રેનોના મુસાફરી સમયગાળામાં ઘટાડો, પરિચાલન માં વધુ સુગમતા અને સમયપાલનમાં સુધારો થવાની સંભાવના છે. મુસાફરોને તેમના ગંતવ્ય સુધી વધુ ઝડપી અને સુગમ રેલ મુસાફરીનો લાભ મળશે. સાથે જ, કર્વની જ્યોમેટ્રીમાં સુધારો થવાથી રેલ પરિચાલનને વધુ અસરકારક બનાવવામાં પણ મદદ મળશે.આ કાર્ય મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ એન્જિનિયરશ્રી ડી.એસ. યાદવ ના નિર્દેશનમાં અને મંડળ એન્જિનિયર (પશ્ચિમ), ભાવનગર મંડળ શ્રી રાજીવ સિંહની દેખરેખ હેઠળ ADEN જૂનાગઢ શ્રી પુરેન્દ્ર કુમાર વર્માની ટીમ તેમજ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઉત્તમ સંકલન અને તત્પરતા સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું. ભાવનગર મંડળ દ્વારા આવા ટેકનિકલ અને સંરક્ષા સંબંધિત કાર્યો દ્વારા રેલ પરિચાલનની ઝડપ, સુરક્ષા, વિશ્વસનીયતા તથા મુસાફરોની સુવિધામાં સતત સુધારો કરવા માટે પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરવામાં આવી રહ્યું છે.

## સંખેડાની કાપડિયા એન.એમ.એમ.એસ. કોલેજમાં 'ગાંધીજીના આર્થિક વિચારો' વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલવે પરિચાલનને વધુ સુગમ, સુરક્ષિત અને ઝડપી બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. તા. 09 સપ્ટેમ્બર 2026ના રોજ શાપુર-લુશાળા સેક્શન વચ્ચે હાલના ટ્રેકને આશરે 2 મીટર શિફ્ટ કરીને કર્વનું રિયલાઈનમેન્ટ કરવામાં આવ્યું હતું. આ કાર્ય 6 કલાકના ટ્રાફિક બ્લોક દરમિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય અંતર્ગત 2.9 ડિગ્રી ના કર્વને ઘટાડીને 2 ડિગ્રી કરવામાં આવ્યો છે. તેના પરિણામે આ કર્વ પર લાગુ 100 કિમી/કલાકનો PSR (Permanent Speed Restriction) દૂર કરવામાં આવ્યો છે અને હવે ટ્રેનોને સામાન્ય મહત્તમ 110 કિમી/કલાકની ઝડપે સંચાલિત કરી શકાશે. આ મહત્વપૂર્ણ કાર્યથી ટ્રેનોના મુસાફરી સમયગાળામાં ઘટાડો, પરિચાલન માં વધુ સુગમતા અને સમયપાલનમાં સુધારો થવાની સંભાવના છે. મુસાફરોને તેમના ગંતવ્ય સુધી વધુ ઝડપી અને સુગમ રેલ મુસાફરીનો લાભ મળશે. સાથે જ, કર્વની જ્યોમેટ્રીમાં સુધારો થવાથી રેલ પરિચાલનને વધુ અસરકારક બનાવવામાં પણ મદદ મળશે.આ કાર્ય મંડળ રેલ પ્રબંધક, ભાવનગર, શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ એન્જિનિયરશ્રી ડી.એસ. યાદવ ના નિર્દેશનમાં અને મંડળ એન્જિનિયર (પશ્ચિમ), ભાવનગર મંડળ શ્રી રાજીવ સિંહની દેખરેખ હેઠળ ADEN જૂનાગઢ શ્રી પુરેન્દ્ર કુમાર વર્માની ટીમ તેમજ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઉત્તમ સંકલન અને તત્પરતા સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું. ભાવનગર મંડળ દ્વારા આવા ટેકનિકલ અને સંરક્ષા સંબંધિત કાર્યો દ્વારા રેલ પરિચાલનની ઝડપ, સુરક્ષા, વિશ્વસનીયતા તથા મુસાફરોની સુવિધામાં સતત સુધારો કરવા માટે પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરવામાં આવી રહ્યું છે.

## સ્વચ્છતા સે સ્વાગત અભિયાન અંતર્ગત દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયો મેગા સ્વચ્છતા કાર્યક્રમ

માહિતી બ્યુરો, પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાન અને "સ્વચ્છતા સે સ્વાગત" અભિયાન અંતર્ગત સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે કુલપતિશ્રી પ્રો. આર.એસ. ચંદેલના અધ્યક્ષસ્થાને ભવ્ય મેગા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અભિયાનમાં યુનિવર્સિટીના વિવિધ મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સ્વયંસેવકો, એન. સી.સી. (NCC)ના કેડેટ્સ, પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ, યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓ, આચાર્યશ્રીઓ, વિભાગીય વડાઓ, કર્મચારીગણ તેમજ વસાહતી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવાનો અને સ્વચ્છ તથા સુંદર પર્યાવરણના નિર્માણ માટે નાગરિકોને પ્રેરિત કરવાનો હતો. આ મેગા અભિયાન દરમિયાન સરદારકૃષિનગર કેમ્પસમાં આવેલી વસાહતના ક્વાર્ટર્સ, મુખ્ય રસ્તાઓ, વિવિધ કચેરી પરિસર તેમજ આસપાસના વિસ્તારોમાં વ્યાપક સ્તરે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેને સહભાગીઓએ ઉત્સાહપૂર્વક પાર પાડી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ પર ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને સહભાગીઓ દ્વારા ભવિષ્યમાં પણ સતત સ્વચ્છતા જાળવવા અને આ જનજાગૃતિને વધુ વ્યાપક બનાવવા માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ પ્રસંગે કુલપતિશ્રીએ ઉપસ્થિતોને સંદેશ આપતા જણાવ્યું હતું કે, સ્વચ્છતા માત્ર એક અભિયાન પૂરતી મર્યાદિત ન રહેતાં તેને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવી જોઈએ. તેમણે જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને સ્વચ્છતા જાળવવા માટે આમ નાગરિકોને ભારપૂર્વક અપીલ કરી હતી. "આવો, સ્વચ્છતા અભિયાનને જનઆંદોલન બનાવીએ અને 'સ્વસ્થ ગુજરાત - સ્વસ્થ ભારત'ના નિર્માણમાં સહભાગી બનીએ" તેવા પ્રેરણાદાયી સંદેશ સાથે આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા નાંદોત્રા ગામે પ્રાકૃતિક કૃષિ જાગૃતતા રેલી અને ગ્રામસભા યોજાઈ

માહિતી બ્યુરો, પાલનપુર | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. આર. એસ. ચંદેલની અધ્યક્ષતામાં દાંતીવાડા તાલુકાના નાંદોત્રા બ્રાહ્મણવાસ અને નાંદોત્રા ઠાકોરવાસ ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની જાગૃતતા રેલી અને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત બંને ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ અંગેની જાગૃતતા રેલીથી થઈ હતી. જેમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ અને વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક કૃષિ અંગેના સૂત્રોચાર સાથે ગામમાં ભ્રમણ કર્યું હતું. ત્યારબાદ બંને ગામોમાં ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતતા આવે તે માટે સરપંચશ્રીઓ અને અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં ગ્રામસભાઓનું આયોજન થયું હતું. આ ગ્રામસભાઓની શરૂઆતમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. પી. એસ. પટેલ દ્વારા જાગૃતતા રેલી અને ગ્રામસભાના આયોજનના હેતુઓ તેમજ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે કરવામાં આવતી વિસ્તરણ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં



આવી હતી.આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક કૃષિ મિશન હેઠળ જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય બચાવવા થઈ રહેલા અથાગ પ્રયત્નો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રના ઉપયોગથી થતી પ્રાકૃતિક ખેતી દ્વારા ખેતી ખર્ચમાં થતા ઘટાડા, મિત્ર કીટકો અને અળસિયાઓની સંખ્યામાં થતા વધારા તેમજ જમીનમાં તૈયાર થતા સૂક્ષ્મ પર્યાવરણ અને સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યામાં થતા વધારા વિશે સમજ આપી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું હતું. આ તબક્કે ખેડૂતોનો પ્રાકૃતિક કૃષિ અંગેનો અભિગમ જાણી તેમના ખેતીલક્ષી પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન અને સમાધાન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત નાંદોત્રા બ્રાહ્મણવાસ ગામ ખાતે પ્રાકૃતિક કૃષિના સફળ પરિણામો પ્રત્યક્ષ નિહાળવા માટે ખેડૂતો, અધિકારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની મુલાકાત લેવામાં આવી હતી અને પ્રાકૃતિક ખેતી કરતા સફળ ખેડૂતનો વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજાયો હતો. બંને ગામના મળીને આશરે ૨૦૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે મદદનીશ પ્રાધ્યાપક શ્રી એસ. એમ. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સંશોધન નિયામકશ્રી ડૉ. એસ. ડી. સોલંકી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. પી. એસ. પટેલ, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના નિયામકશ્રી ડૉ. કે. પી. ઠાકર, ફૂડ ટેકનોલોજી કોલેજના આચાર્ય અને ડીનશ્રી ડૉ. જે. આર. જાટ તેમજ અન્ય અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ખેડૂતો જોડાયા હતા.

## મોટી વાવ પ્રાથમિક શાળામાં 'દૂધ સંજીવની યોજના'ના લીરેલીરા, બાળકોના હકનું દૂધ કૂતરાં પીવે છે, તંત્ર ઘોર નિંદ્રામાં

દીપક રાવલ દાહોદ

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાના ભૂલકાંઓને પૂરતું પોષણ મળી રહે તે હેતુથી 'દૂધ સંજીવની યોજના' અંતર્ગત દૂધ પૂરું પાડવામાં આવે છે. પરંતુ મોટી વાવ પ્રાથમિક શાળા (દૂધિયા) ખાતે શાળા પ્રશાસનની ઘોર લાપરવાહી સામે આવી છે.ચોંકાવનારા વિડિયોમાં ગંભીર પ્રશ્નો ઊભા થયા છે : જો કૂતરાં આ રીતે દૂધ પીતા હોય અને એ જ દૂધ કે વાસણના સંપર્કમાં નિર્દોષ બાળકો આવે, તો બાળકોને હડકવા કે અન્ય ગંભીર રોગચાળો ફેલાય તો તેની જવાબદારી કોની?શિક્ષકો-આચાર્યની આંખ આડા કાન : શાળા સમય દરમિયાન



શિક્ષકો અને આચાર્યની હાજરી હોવા છતાં આટલી ગંભીર બેદરકારી સામે કેમ કોઈ ધ્યાન અપાતું નથી?બાળકોના આરોગ્ય સાથે ચેડાં: પહેલાં કૂતરાં દૂધ પીવે અને ત્યારબાદ એ જ વાતાવરણમાં બાળકો અભ્યાસ કરે કે ભોજન લે, તે સ્વચ્છતા અને આરોગ્યના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન છે. ગામલોકો અને વાલીઓમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણ વિભાગ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી TPEO અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી DPEO તાત્કાલિક સ્થળ તપાસ કરી જવાબદાર આચાર્ય અને સ્ટાફ સામે કડક શિક્ષાત્મક પગલાં ભરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.મોટી વાવ પ્રાથમિક શાળા (દૂધિયા)ની ગંભીર બેદરકારી સામે આવી છે: સરકારી 'દૂધ સંજીવની યોજના'નું દૂધ બાળકોને બદલે રખડતા કૂતરાં પી રહ્યા છે. આચાર્ય અને શિક્ષકોનું કોઈ ધ્યાન નથી. કાલ ઉઠીને કોઈ બાળકને હડકવા થશે તો જવાબદાર કોણ? શિક્ષણ વિભાગ તાત્કાલિક કડક પગલાં ભરે: લીમખેડા TPO અરવિંદભાઈ પરમાર જોડે ટેલીફોનિક વાતચીત થતા જણાવ્યું હતું કે શાળાની તપાસ કરી નોટિસ પાઠવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## વઘઈ અને સાપુતારા પોલીસ સ્ટેશનના રૂ. ૯.૮૭ લાખથી વધુની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો નાશ





સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લા પોલીસ દ્વારા ગેરકાયદેસર દારૂની હેરાફેરી અને પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.જેના ભાગરૂપે સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંઘ તથા ડાંગ આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઈ અને સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જપ્ત કરાયેલા ભારતીય બનાવટના વિદેશી દારૂના મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે.નામદાર કોર્ટના હુકમ અનુસાર તા. ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ વઘઈ અને સાપુતારા પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલા ગુનાઓનો દારૂનો જથ્થો નિયમોનુસાર નષ્ટ કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં વઘઈ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન નોંધાયેલા કુલ ૧૬ પ્રોહિબિશન ગુનાઓમાં જપ્ત કરાયેલ વિવિધ બ્રાન્ડની ૧,૫૧૩ બોટલ/ટીન (કિંમત રૂ. ૨,૯૦,૯૦૨/-) તથા સાપુતારા પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાનના ૧૩ ગુનાઓમાં જપ્ત કરાયેલ ૪,૬૦૦ બોટલ/ટીન (કિંમત રૂ. ૬,૯૬,૬૫૬/-) મળીને કુલ રૂ. ૯.૮૭ લાખથી વધુની કિંમતના મુદ્દામાલમાંથી કાયદા મુજબ જરૂરી સેમ્પલ અલગ રાખી બાકીના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર દારૂ નાશની કામગીરી આહવા-ડાંગના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ યુ.વી. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી, નશાબંધી અને આબકારી અધિક્ષક એ.એસ. પટેલ, વઘઈના મામલતદાર એ.જે. ચૌહાણ, વઘઈ પી.આઈ. એ.એ. ચાવડા તથા સાપુતારા પી.આઈ. જે.કે. બારીયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નિયત સ્થળે લઈ જઈને દારૂનો નાશ કરવામાં આવ્યો હતો તેમજ સમગ્ર પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહે તે હેતુથી વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી.







રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

વડોદરા એસ.ટી. ફેડિટ ક્રેડિટ સોસાયટીની ચૂંટણીનો પ્રચાર તેજ બન્યો છે. એસ.ટી. કર્મચારી યુનિયન અને ભારતીય મજદૂર સંઘ (BMS) પ્રેરિત 'સંયુક્ત પેનલ 4-5-6' ના ઉમેદવારોને મોટા બહુમતથી જીતાડવા કર્મચારી સભાસદોને અપીલ કરવામાં આવી છે.સંયુક્ત પેનલ દ્વારા સભાસદ ભાઈઓ અને બહેનોને વિનંતી કરવામાં આવી છે. તેમણે કહ્યું, 'મારા વ્હાલા કર્મચારી સભાસદ ભાઈઓ અને બહેનો, આ વખતની એસ.ટી. ફેડિટ સોસાયટીમાં તમારો કિંમતી મત પતંગના નિશાન પર ચોકડી મારી સંયુક્ત પેનલ 4-5-6 ને મોટા બહુમતથી વિજયી બનાવો.'એસ.ટી. કર્મચારી યુનિયન અને ભારતીય મજદૂર સંઘ વડોદરા દ્વારા સંયુક્તપણે લાયક ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. તમામ સભાસદોને પતંગના નિશાન પર મત આપી તેમને જીતાડવા અપીલ કરવામાં આવી છે.

## CSR પ્રવૃત્તિ અંતર્ગત GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના બ્લડ સેન્ટરને આધુનિક સાધનોની ભેટ

નરેન્દ્ર દવે જૂનાગઢ

GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના બ્લડ સેન્ટરને CSR પ્રવૃત્તિ અંતર્ગત વિવિધ મહત્વપૂર્ણ આધુનિક સાધનો પ્રાપ્ત થયા છે. આ સાધનોના કારણે બ્લડ સેન્ટર ની કામગીરી વધુ સુનિશ્ચિત, ગુણવત્તાસભર અને અસરકારક બનશે.CSR અંતર્ગત બ્લડ સેન્ટરને મળેલ મુખ્ય સાધનોમાં: 1. Blood Bank Refrigerator - રક્તની બેગને યોગ્ય તાપમાનમાં સુરક્ષિત રીતે સંગ્રહ કરવા માટે ઉપયોગી.2. Coagulometer - રક્તના ઘટકોની ગુણવત્તા ચકાસણી અને જરૂરી ગુણવત્તા નિયંત્રણ માટે ઉપયોગી.3. Gel Card Centrifuge - બ્લડ ગ્રુપિંગ તથા ક્રોસ-મેચિંગની પ્રક્રિયા માટે મહત્વપૂર્ણ સાધન.4. Cell Counter - રક્તના ઘટકો તથા ગુણવત્તા નિયંત્રણ સંબંધિત તપાસ માટે ઉપયોગી.આ તમામ સાધનો ઉપલબ્ધ થવાથી બ્લડ સેન્ટરમાં રક્તની સંગ્રહ વ્યવસ્થા, પરીક્ષણ, ગુણવત્તા નિયંત્રણ તથા દર્દીઓને સુરક્ષિત રક્ત અને રક્ત ઘટકો પૂરા પાડવાની કામગીરીમાં વધુ સુદૃઢતા આવશે. આ ઉપરાંત બ્લડ સેન્ટરને Plasma Thawing Bath પણ મળવાનું છે, જે પ્લાઝમાને નિયંત્રિત તાપમાને thaw કરવા માટે ઉપયોગી રહેશે. આ તમામ સાધનોની કુલ અંદાજિત કિંમત આશરે 20 લાખ છે.આ આધુનિક સાધનોની ઉપલબ્ધિથી GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના બ્લડ સેન્ટરની સેવાઓમાં ગુણવત્તા અને કાર્યક્ષમતામાં વધારો થશે તથા જરૂરિયાતમંદ દર્દીઓને વધુ સુરક્ષિત અને ગુણવત્તાસભર રક્ત ઘટકો ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે તેમ GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના અધિક્ષકશ્રીની એક યાદીમાં જણાવ્યું છે.

### કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ તથા મોરબીના વિદ્યાર્થીઓનો "દીક્ષારંભ કાર્યક્રમ" યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ કૃષિ યુનિ., જૂનાગઢ અને કૃષિ મહાવિદ્યાલય, મોરબી (હાલ:જૂનાગઢ)ના બી.એસસી. (ઓનર્સ) એગ્રી.ના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત "દીક્ષારંભ કાર્યક્રમ" યોજાયો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કુલપતિશ્રીએ નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીની અનેક તકો હોવાનું જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત રમત- ગમત તથા અન્ય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા અને યુનિવર્સિટીની શિસ્ત જાળવવા અનુરોધ કર્યો હતો. સંશોધન નિયામકશ્રીએ કૃષિ સંશોધન ક્ષેત્રની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રીએ કૃષિ વિસ્તરણ કેન્દ્રો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની કામગીરી અંગે માહિતી આપી હતી.

## સમાજનું મહત્વ



- રુપાલી દવે

ભારતીય સંસ્કૃતિ માં સમાજ નું વર્ચસ્વ યુગો થી ચાલ્યા કર્યું છે,ખાસ કરીને દીકરીઓના જીવનનું રક્ષણ થાય એ માટે સમાજ ની રચના થઈ છે.યુગોથી માબાપને દીકરીઓના લગ્ન અંગે ખાસ ચિંતા થતી નહતી પણ વર્તમાન સમયમાં દીકરી ના લગ્ન ની ચિંતા માબાપ ના સતાવ્યા કરતી હોય છે. પહેલા દીકરીનો સંસાર આજીવન સુખી રહે એટલે એના લગ્ન "ગોળ માં અથવા પોતાના સમાજ" માંજ થતા હતા. "વહુ" નું માનસન્માન અને એની ખુશીઓ નું ધ્યાન રહે એ માટે સમાજ સતત કાર્યરત રહેતો હતો. થોડા દિવસો પહેલા રાહુલ ગાંધીએ એના ભાષણ માં મનુ સ્મૃતિ નો ઉલ્લેખ કર્યો હતો.કદાચ રાહુલ ગાંધીએ મનુસ્મૃતિ વાંચ્યું નથી એટલે આ પ્રકાર નો અભિપ્રાય આપ્યો હશે. લોપા મુદ્રા,ગાર્ગી,અનસૂયા વગેરે સ્ત્રીઓ એ ભારતીય ઉત્કૃષ્ટ સમાજ ના ઉદાહરણ છે. રાણી લક્ષ્મી બાઈ,જોધા બાઈ વગેરે સ્ત્રીઓની વીરતા વિશે આપણે બધા જાણીએ છીએ.મનુસ્મૃતિ શાસ્ત્રમાં સ્વભાવ અને શરીર થી કોમળ લાગણી શીલ સ્ત્રીઓ માટે પરિવાર માં ખાસ સ્થાનની કલ્પના કરી છે.

શાસ્ત્ર મુજબ પૃથ્વી પરના પ્રથમ દંપતી મનુ અને શત્તરૂપાના સંતાનોના સૂર્ય વંશ,ચંદ્ર વંશ વગેરે વંશમા લગ્ન સબંધ થી જોડાયા હતા.આ વંશ અનુસાર સામાજિક વ્યવસ્થા ની રચના થઈ હતી.હિન્દુ ધર્મમાં "મનુ સ્મૃતિ" ગ્રંથ ના રચયિતા મનુ મહારાજ એ ગ્રંથ માં સ્ત્રી અને પુરુષ ના કાર્ય શું? બે જાતિ ની વ્યક્તિ એકબીજા સાથે જોડાય ત્યારે ઘર્ષણ વધે નહી એટલે પરિવાર અને બાળકો નું સ્ત્રી લાલન પાલન કરે અને પરિવાર અને પત્ની ના પાલન પોષણ ની વ્યવસ્થા પુરુષ કરે. મહેનત થી ઉપાર્જન કરેલ ધન પુરુષ એની પત્ની ના હસ્તે કરે. સ્ત્રી ને લક્ષ્મી નું સ્વરૂપ માનવામાં આવે છે એટલે તો એ જેટલો ખર્ચ કરે એનાથી બમણું પુરુષ કમાઈ શકે છે. બ્રાહ્મણ,પટેલ, વણિક, ક્ષત્રિય વગેરે સમાજમાં લગ્ન સંસ્થા ની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.દરેક સમાજ ને પોત પોતાના રીત રિવાજ,ખાનપાન અને વિચારો ખાસ હોય છે. આ બધાં સમાજ માં "ગોળ એટલે ફઈ ની પાછળ ભત્રીજી કે સાત પેઢી ના સગા માં દીકરીઓ ના લગ્ન કરવાનો રિવાજ હોય છે

ધન સંપતિ ની કિંમત શું? એ આપણે બધા સારી રીતે સમજીએ છીએ એટલે તો લક્ષ્મીજીને કિંમતી તિજોરી માં સાચવતા હોઈએ છીએ. માતા પિતા માટે પણ એની દિકરી કિંમતી ખજાના થી કમ નથી હોતી. લાડ પ્યાર માં પાલન પોષણ થી દીકરીઓનો માબાપ ઉછેર કરતા હોય છે એટલે જ એના પ્રેમનો ખોટો ફાયદો દીકરીઓ ઉઠાવે છે ત્યારે જનેતા જીવતે જીવ મૃત્યુ પામતા હોય છે. જમાનો આધુનિક હોય કે જુનવાણી દીકરી અઢાર વર્ષ પૂરા કરે એ ભેગા માતા પિતા ની રાતની નીંદર હરામ થઈ જતી હોય છે.આજે પણ ગામડાઓ અને નાના શહેરો માં દીકરીઓને અઢાર થી એકવીસ વર્ષ ની અંદર સમાજ માં પરણાવવાનો રિવાજ છે.વર્તમાન સમયમાં વિવિધ સમાજ માં સમૂહ લગ્ન,લગ્ન મેળાવડો,લગ્ન ઈચ્છુક બાયોડેટા વગેરે વગેરે કર્યો અગ્રણીઓ દ્વારા થતા હોય છે.હિન્દુ ધર્મ પ્રમાણે"લગ્ન" એ એક એવી વ્યવસ્થા છે જેને લીધે તંદુરસ્ત,સમૃદ્ધ અને સુશીલ સમાજ વિકસિત થાય છે.

"દીકરી ભણે તો પૂરો પરિવાર શિક્ષિત થાય" આ કહેવત ખોટી નથી.આ કારણોસર સમાજે સ્ત્રીઓ પરના અમુક પ્રતિબંધન દૂર કરીને સ્ત્રીઓને ભણવવા પર ભાર મૂક્યો છે.દિકરીઓની કેરિયર બનાવવામાં થયેલ નાની મોટી બાંધ છોડ નું પરિણામ અત્યારે સમૃદ્ધ બનવા ના બદલે સમાજ બીમાર બન્યો છે.ઊંચું ભણતર ભણ્યા બાદ દીકરીઓ ને એવું લાગવા માંડ્યું છે કે એ કમાણી કરે છે એટલે લગ્ન કરવાની જરૂર નથી.પરિવાર થી દૂર અન્ય મેટ્રો સિટી કે વિદેશમાં કમાણી કરતી દીકરીઓના સ્વપ્ન પરિવાર વસાવવાના ના બદલે બિન્દાસ પોતાની ઈચ્છા અનુસાર સ્વતંત્ર જીવન અથવા તો બોય ફ્રેન્ડ સાથે લગ્ન વગર રહેવાના કિસ્સાઓમાં વધારો થયો છે. આ ઉપરાંત અન્ય સમાજ કે વિધર્મી લગ્ન ના કિસ્સાઓ માં પણ દિવસે દિવસે વધારો થતો ગયો છે.દરેક સમાજ માં દર એક દિકરા સામે બે કન્યા તો છે પણ કેરિયર બન્યા બાદ "લગ્નની" જવાબદારી ઓથી દીકરીઓ દૂર ભાગે છે એટલે સમાજ માં લગ્ન લાયક દીકરીઓની ખોટ વર્તાઈ રહી છે.

વર્તમાન સમયમાં સમાજ માં આવેલ "લગ્ન સમારંભ ના ઠઠારા" નામની બદી થી મધ્યમ વર્ગીય લોકોની કમર તૂટી જતી હોય છે. ભારતીય સંસ્કૃતિ એ "લગ્ન પ્રસંગ" ને વૈદિક પરંપરા માને છે લગ્ન એ સ્ત્રી પુરુષ કરતા બે આત્મા નું મિલન માનવામાં આવતું હોવાથી લગ્ન પ્રસંગ માં યોગ્ય વૈદિક શ્લોક નું શુદ્ધ સંસ્કૃતમાં ઉચ્ચારણ થવું અત્યંત જરૂરી છે.જે રીતે હોમાત્મક નવચંડી યજ્ઞ માં દુર્ગા સપ્તશતી ના શ્લોક નું શુદ્ધ ઉચ્ચારણ ન થાય તો ફળ ઉલટું મળે છે એ જ રીતે લગ્નની વિધિ માં બોલતા શ્લોક માં નાની સરખી પણ ભૂલ સ્વીકાર્ય નથી હોતી. લગ્ન સમારંભ માં ઠઠારા પર ધ્યાન આપવાના ને બદલે પંડિત ના ઉચ્ચારણ અને નિશ્ચિત મુહૂર્ત પર ધ્યાન આપવાની જરૂર છે કેમ? બે લોકોની જિંદગી નો સવાલ છે. ઘણા લોકો ને બોલતા સાંભળું છું કે આવા બધા ચોચલા આપણા દેશ માં જ છે વિશ્વમાં બીજે ક્યાંય નથી. વિશ્વ ના મોટાભાગ ના દેશોમાં લગ્ન વ્યવસ્થા ને ટૂંક સમય ની વ્યવસ્થા માનવામાં આવી છે પણ ભારત માં લગ્ન સબંધ ને સાત જન્મો ના સબંધ માનવા માં આવ્યા છે.છેલ્લા દાયકાઓ માં સ્ત્રીઓનું ભણતર વધતા એ ઘર પરિવાર સાથે પતિ ને પણ ખર્ચ માં ટેકો આપવા લાગી છે.લગ્ન સંસ્કાર ને વૈદિક સંસ્કૃતિ ના સાત સંસ્કાર માનો એક પાયો માન્યો છે.

છેલ્લા બેત્રણ વર્ષમાં ગુજરાત સહિત ના વિકસિત રાજ્યોમાં લગ્ન સબંધી સમસ્યામાં વધારો થયો છે એની પાછળ નું મુખ્ય કારણ "જવાબદારી વગર ના જીવન નો" રંગ યુવાનો માં જોવા મળી રહ્યો હોય તેવું લાગે છે. પૂરા રીતિ રિવાજ માં લગ્ન તો થાય છે પણ એની આવરદા ટૂંક સમયમાં "ડિવોર્સ" બાદ પૂરી થઈ જતી હોય છે..ખાસ યુવા પેઢી નો મનનો મુઝવતા પ્રશ્ન બનતો જાય છે. સો માંથી પાંત્રીસ ટકા યુવાનો "લગ્ન" વિશે મોઢું બગાડી ને ઓપિનીયન આપતા હોય છે કે "અરેંજ મેરેજ કરતા લવ મેરેજ નું આયુષ્ય વધ્યું છે"આ કારણોસર સમાજ નું વર્ચસ્વ ઓછું થઈ રહ્યું છે. લવ મેરેજ માં ફસાયેલી દીકરીઓ ને ભાગે સહન કરવાનું વધારે આવતું હોય છે કેમકે દરેક સમાજ ના રીતરિવાજ અને પરંપરા સાવ અલગ હોય છે. પ્રેમ એ બે વ્યક્તિ ને બાંધી તો શકે છે પણ પ્રેમ ના આડે પરિવાર આવતા લવ મેરેજ કરેલ દીકરીઓ ને કન્ફ્યુઝ થઈ જતી હોય છે.

સમાજ પ્રત્યે અણગમો કેમ વધ્યો છે?

દીકરા દિકરી ઓનાં સ્વપ્ના પૂરા કરવા પાછળ અઢળક રૂપિયા ખર્ચ કરો છો ત્યારે પ્રસંગ નો આનંદ બધા માણતા હોઈએ છીએ પરંતુ અચાનક દીકરી "વિચારો મળતા નથી કે અન્ય કારણ આપીને" ડિવોર્સ લેવાની વાત કરે છે ત્યારે સમાજ ને સબંધ તૂટવા પાછળ ના કારણો ચકાસવા માં રસ નથી હોતો પણ પંચાત નો વિષય બનાવવા માં રસ વધારે હોય છે.વારે તહેવારે ગેટ ટુ ગેધર કરીને મોટાપાયે પૂજા પાઠ અને જમણવાર ના કાર્યક્રમો નું આયોજન કરવાના બદલે "સમાજ નું મહત્વ" યુવકો યુવતીઓ સમજે એ પ્રકાર ના સેમિનાર કરવાની આવશ્યકતા ઊભી થઈ છે.કોર્ટ સુધી પ્રશ્ન પહોંચે એ પહેલા યુવક યુવતીઓ વચ્ચે સમાધાન કરાવવા નું કામ સમાજ નું જ છે.

વર્તમાન સમય માં સમાજમાં યુવક યુવતીઓ નું વિધર્મી લગ્ન સબંધો પ્રત્યે આકર્ષણ વધ્યું છે. હિન્દુ સમાજ ની દીકરીઓ કે દીકરીઓને પોતાના સમાજની સામાજિક માનસિક અને આર્થિક છૂટછાટ અને સ્વતંત્રતા છોડી ને રૂઢિચુસ્ત રીતિ રિવાજ માં વિધર્મ સમાજ માં ફસાયા બાદ પણ આજીવન લગ્ન સબંધો ટકાવવા માં રસ હોય છે. આવું કેમ? આ પ્રશ્ન વિશે સમાજ ના ઠેકેદારો એ ગહન ચર્ચા કરીને એની ઉકેલ લાવવા ની જરૂર છે.

# 'હવે રમત મગજની નહીં, નસીબની બની ચૂકી છે'

## 'દ્રશ્યમ-3'નું ધમાકેદાર ટ્રેલર, ગોવાના સૌથી મોટા 'હાર્ડ-વર્કિંગ ક્રિમિનલ' વિજયને ઘેરવા બે તોફાનો તૈયાર



(એજન્સી) મુંબઈ | તા.09

અજય દેવગનની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ 'દ્રશ્યમ-3'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ફ્રેન્ચાઈઝીના અંતિમ ભાગમાં વિજય સાલગાંવકર (અજય દેવગન) અને તેના પરિવારનો સામનો મીરા દેશમુખ (તબ્બુ) ઉપરાંત બે નવા તોફાનો એટલે કે સીનિયર વકીલ ઈન્દ્રજીત શેટ્ટી (પ્રકાશ રાજ) અને એસપી ક્રાઈમ બ્રાન્ચ રાજવીર સિંહ તોમર (જયદીપ આહલાવત) સામે થશે. 'દ્રશ્યમ 3: ધ કન્ક્લુઝન'માં મર્ડર મિસ્ટ્રી ઉકેલવાની સાથે કોર્ટરૂમ ડ્રામા પણ જોવા મળશે. ફિલ્મ આ વખતે પણ તેની મહત્ત્વની તારીખ એટલે કે 2 ઓક્ટોબરે રિલીઝ થશે.

'દ્રશ્યમ 3'ને 'દ્રશ્યમ' ફ્રેન્ચાઈઝીનો છેલ્લો અધ્યાય ગણાવવામાં આવ્યો છે. આમાં અજય દેવગનનું પાત્ર વિજય સાલગાંવકર ફરી એકવાર પોતાના પરિવારના ડાર્ક સિક્રેટને કાયદાથી બચાવવાનો પ્રયાસ કરતો જોવા મળશે. ટ્રેલર 2 મિનિટ 52 સેકન્ડ લાંબુ છે. ફિલ્મમાં અજય દેવગન વિજય, તબ્બુ IG મીરા દેશમુખ અને શ્રિયા સરન નંદિનીના પાત્રમાં પરત ફરી રહ્યા છે. આ વખતે જયદીપ અહલાવત અને પ્રકાશ રાજની એન્ટ્રી થઈ છે, જે વિજય વિરુદ્ધની તપાસને વધુ મજબૂત બનાવે છે.

ટ્રેલરમાં બતાવવામાં આવ્યું છે કે, મામલો હવે માત્ર દિમાગી રમત નથી રહ્યો, પરંતુ વિજય અને પોલીસ વચ્ચે અસ્તિત્વની લડાઈ બની ગયો છે. અધિકારીઓ પાસે એવો મજબૂત પુરાવો હોવાનો દાવો છે, જે વિજયની બનાવેલી વાર્તા અને તેના બચાવના પુરાવાઓને ખોટા સાબિત કરી શકે છે.

જયદીપ અહલાવત ફિલ્મમાં ક્રાઈમ બ્રાન્ચના SPની ભૂમિકામાં છે. તે વિજયને ઓછો આંકવાને બદલે તેની સમજ અને ચાલાકીને ઓળખે છે. આ જ બદલાવ વચ્ચે વિજયનો સામનો પહેલા કરતા વધુ ખતરનાક પડકાર સાથે થાય છે.

ટ્રેલરમાં વકીલ ઈન્દ્રજીત શેટ્ટી વિજય માટે કહે છે, "અભણ છે, બેવકૂફ નથી." જ્યારે એક અન્ય ડાયલોગમાં વિજયને "ગોવાનો સૌથી મોટો હાર્ડ-વર્કિંગ ક્રિમિનલ" કહેવામાં આવ્યો છે.

વાર્તામાં દિમાગી રમતથી આગળ વધીને નસીબની ભૂમિકા પણ સામે આવે છે. ટ્રેલરમાં કહેવામાં આવ્યું છે, "હવે આ રમત મગજની નહીં, નસીબની બની ચૂકી છે." વિજયનો પરિવાર તેના નિર્ણયોનું સૌથી મોટું કારણ બન્યો છે.

વિજય કહે છે, "ફેમિલી માટે માણસ પોતાને દરેક પગલે તોડે છે." ટ્રેલરનો અંત આ પડકાર સાથે થાય છે, "તમે વિચારી પણ નથી શકતા કે તે સાધારણ માણસ શું થી શું બની શકે છે." ફિલ્મનું ડિરેક્શન અભિષેક પાઠકે કર્યું છે અને તેને સ્ટાર સ્ટુડિયોઝ અને પેનોરમા સ્ટુડિયોઝે મળીને પ્રોડ્યુસ કરી છે.

# કેનેડામાં સિંગર-એક્ટર એમી વિર્ક પર ફાયરિંગ



(એજન્સી) મુંબઈ | તા.09

પંજાબી સિંગર અને એક્ટર એમી વિર્ક પર કેનેડામાં શો પછી ફાયરિંગનો મામલો સામે આવ્યો છે. શનિવારે મોડી રાત્રે શો પૂરો કરીને પરત ફરી રહેલા એમી વિર્કની રોલ્સ રોયસ કલિનન પર અજાણ્યા હુમલાખોરોએ આડેધડ ફાયરિંગ કર્યું. ગાડીમાં એમી વિર્ક સહિત ચાર લોકો સવાર હતા. લગભગ 7 થી 10 ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાંથી 7ના નિશાન ગાડી પર મળ્યા. હુમલામાં બધા સુરક્ષિત છે. શરૂઆતમાં એક કાર પર ગોળીઓ ચાલ્યાની સૂચના હતી, પરંતુ આયોજકોએ હવે સ્પષ્ટ કર્યું છે કે આ કારમાં પંજાબી સિંગર એમવી વિર્ક પણ હતા.

જોકે, દુનિયાની મોંઘી કારોમાંની એક રોલ્સ રોયસ કલિનનમાં હોવાને કારણે ગોળીઓ આરપાર થઈ શકી નહીં. કારમાં 7 બુલેટ વાગી છે. વધુ નુકસાન પાછળના કાચ પર થયું.

ઘટના શનિવારે રાત્રે લગભગ 11 વાગ્યે કેનેડાના મેક્કલમ રોડ અને સાઉથ ફ્રેઝર વે પાસે બની હતી. એમી વિર્ક એબોટ્સફોર્ડના રોજર ફોર્નમાં શો પૂરો કરીને રોલ્સ રોયસમાં નીકળ્યો હતો. આ દરમિયાન અજાણ્યા હુમલાખોરોએ તેની ગાડીને નિશાન બનાવી હતી. ગોળીઓની સૌથી વધુ અસર પાછળના કાચ પર થઈ હતી, પરંતુ ગાડીની મજબૂત બોડીને કારણે તે આરપાર થઈ શકી ન હતી.

એમી વિર્ક ઉપરાંત ગાડીમાં સર્રેની એક વ્યક્તિ પણ હાજર હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ગોપનીયતાનો હવાલો આપતા એ જણાવવામાં આવ્યું નથી કે હુમલાખોરોનું અસલી નિશાન કોણ હતું. જોકે, આ વ્યક્તિ પર અગાઉ ત્રણ વખત જીવલેણ હુમલા થઈ ચૂક્યા છે. આ જ કારણોસર પોલીસ અનેક એંગલથી મામલાની તપાસ કરી રહી છે.

ફાયરિંગ બાદ હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા. પોલીસને ઘટનાસ્થળેથી લગભગ 5 કિલોમીટર દૂર સની સાઈડ પ્લેસ પાસે એક શંકાસ્પદ SUV સળગેલી હાલતમાં મળી. આશંકા છે કે આ જ વાહનનો ઉપયોગ હુમલામાં કરવામાં આવ્યો હતો. ગાડીને આગ લગાડવાથી તપાસમાં પુરાવા એકઠા કરવા પોલીસ માટે પડકાર બની ગયો છે.

પોલીસે ફાયરિંગ અને શંકાસ્પદ SUV સળગાવવાની પુષ્ટિ કરી છે. આ મામલે તપાસ ચાલુ છે અને હુમલાખોરોની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એમી વિર્ક ગાડીમાં હાજર હોવાની પુષ્ટિ પંજાબી મ્યુઝિક અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકો અને તેમના પરિજનોએ પણ કરી છે.

કેનેડામાં પંજાબી કલાકારોના કાર્યક્રમો અને તેમની સુરક્ષાને લઈને આ ઘટનાએ ફરી એકવાર ચિંતા વધારી દીધી છે.

**ધડાધડ 10 ગોળીઓ ચલાવી હુમલાખોરો ફરાર, ઘટનાસ્થળથી 5km દૂર જઈને SUV સળગાવી**

# 'સંબંધ બંને પક્ષે છે, તો ચારિત્ર્ય હનન માત્ર મહિલાઓનું કેમ?'

## કંગના રનૌત ત્રિશાના સપોર્ટમાં આવી; CM વિજયે ડબલ મિનિંગવાળી ટિપ્પણી કરનારને ચેતવ્યા હતા

(એજન્સી) મુંબઈ | તા.09 બોલિવૂડ એક્ટ્રેસ અને BJP સાંસદ કંગના રનૌતે તમિલ એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણનનું સમર્થન કરતા કહ્યું કે, 'સંબંધ ભલે બંને પક્ષો વચ્ચે હોય, તેમ છતાં ગાળો અને ચારિત્ર્ય પર પ્રશ્નો હંમેશા મહિલા પર જ ઉઠાવવામાં આવે છે.' જોકે, કંગનાએ સીધું ત્રિશાનું નામ લીધું ન હતું.

કંગનાએ આ વાત તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજય સાથે જોડાયેલી લિંક-અપ ચર્ચાઓ અને ત્રિશા પર કરવામાં આવેલી ટિપ્પણીઓના વિવાદ વચ્ચે કહી. ગઈકાલે જ વિજયે મહિલાઓ પર ડબલ મિનિંગવાળી ટિપ્પણીઓ કરનારાઓને કાયદેસરની કાર્યવાહીની ચેતવણી આપી હતી.

કંગનાએ હિમાચલ પ્રદેશના કુલ્લુમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું, 'તમે તમિલનાડુમાં જે બન્યું તે જોયું છે. ત્યાં એક ખૂબ જ સન્માનિત કલાકાર અને એક્ટ્રેસ અને તેમના જે પણ સંબંધો હોય, જે રીતે પણ તે બંને પક્ષના હોય, પરંતુ ગાળાગાળી માટે અને ચારિત્ર્ય હનન માટે હંમેશા મહિલાને જ નિશાન બનાવવામાં આવે છે. મહિલાઓની કેરેક્ટર લિંચિંગ ક્યારે અટકશે?'

કંગનાએ હિમાચલ પ્રદેશની મંડી બેઠક પરથી BJP સાંસદ તરીકે કુલ્લુમાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (DISHA)ની બેઠકની અધ્યક્ષતા કર્યા પછી પત્રકારો સાથે વાત કરી.

કંગનાએ હિમાચલ પ્રદેશની મંડી બેઠક પરથી BJP સાંસદ તરીકે કુલ્લુમાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (DISHA)ની બેઠકની અધ્યક્ષતા કર્યા પછી પત્રકારો સાથે વાત કરી. તેણે આગળ કહ્યું કે, 'કામકાજી અને સફળ મહિલાઓને બદનામ કરવાની આ રીત માત્ર ભારત પૂરતી મર્યાદિત નથી.'

કંગનાના મતે, 'દુનિયાભરમાં કામકાજી મહિલાઓ, સફળ મહિલાઓ, એક્ટ્રેસિસ, રાજકારણીઓ અને સત્તા તથા અધિકારવાળા પદો પર બેઠેલી મહિલાઓના ચારિત્ર્યને નિશાન બનાવીને તેમને નીચા પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.' કંગનાનું આ નિવેદન તે વિવાદના થોડા અઠવાડિયા પછી આવ્યું છે, જેમાં ઉદયનિધિ સ્ટાલિનની ટિપ્પણીઓને લઈને મામલો ગરમાયો હતો. તેમણે તંજાવુરમાં એક રાજકીય સભા દરમિયાન આ ટિપ્પણી કરી હતી. ખરેખરમાં, ઉદયનિધિ સ્ટાલિને આ કથિત ડબલ-મિનિંગ ટિપ્પણી 3 ઓગસ્ટના રોજ તંજાવુરમાં કાવેરી જળ વિવાદને લઈને આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન કરી હતી. આ જ દરમિયાન ભીડમાં 'ત્રિશા, ત્રિશા'ના નારા લાગ્યા. આરોપ છે કે આના પર ઉદયનિધિએ કહ્યું હતું, 'પાણી ક્યાંય બીજે પહોંચે કે ન પહોંચે, ત્યાં જરૂર પહોંચવું જોઈએ.' બાદમાં સ્પષ્ટતા કરી કે તેમનો ઈશારો કાવેરીના પાણી તરફ હતો.

# 'જાસૂસ પાકિસ્તાન જાય ને વિનાશ સર્જે, આ કોઈ વાર્તા થઈ?

## :તિગ્માંશુ ધૂલિયાએ 'ધુરંધર'ની વાર્તા પર પ્રશ્નો ઉઠાવ્યા, કહ્યું- 'ફિલ્મોમાં એક સરખું ટેમ્પલેટ દેખાય છે'

(એજન્સી) મુંબઈ | તા.09

ડિરેક્ટર અને એક્ટર તિગ્માંશુ ધૂલિયાએ વર્તમાન હિન્દી સિનેમામાં વાર્તા કહેવાની રીત પર પ્રશ્ન ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, કોર્પોરેટ કલ્ચર અને એકસરખા ફિલ્મી ટેમ્પલેટને કારણે ફિલ્મોમાં મૌલિક વાર્તાઓ ઓછી થતી જાય છે. ધૂલિયાએ આ ટિપ્પણી તાજેતરમાં એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા (EGI) દ્વારા આયોજિત રાજેન્દ્ર માથુર મેમોરિયલ લેક્ચર દરમિયાન કરી હતી. આ કાર્યક્રમ દિલ્હીમાં યોજાયો હતો.

ધૂલિયાએ કોમર્શિયલ મેઈનસ્ટ્રીમ સિનેમાનું ઉદાહરણ આપતા 'પુષ્પા', 'KGF' અને 'ધુરંધર'નો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, "દરેક ફિલ્મ એક ફિક્શનલ બાયોપિક છે." 'ધુરંધર'નું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે જો કોઈને ફિલ્મની વાર્તા પૂછવામાં આવે તો કદાચ તે તેને બરાબર કહી શકશે નહીં.

તેમણે કહ્યું, "મેં તે ફિલ્મ જોઈ છે. મને ફિલ્મનો પહેલો ભાગ ખૂબ ગમ્યો. ખૂબ સારી રીતે રજૂ કરવામાં આવ્યો છે, ખૂબ જ આકર્ષક છે અને સંગીત પણ સારું છે, પરંતુ જો તમે તેની વાર્તા પૂછશો તો તમે વાર્તા કહી શકશો નહીં."

ધૂલિયાએ ફિલ્મના કથાને પોતાની રીતે સમજાવતા કહ્યું, "એક માણસ છે, અંડરકવર જાસૂસ છે, પાકિસ્તાન જાય છે અને ત્યાં તબાહી મચાવી દે છે. આ કોઈ વાર્તા થઈ?"

તેમણે આગળ કહ્યું કે, ફિલ્મોમાં વાર્તા કહેનારા લોકો ઓછા થઈ ગયા છે અને જે લોકો અલગ પ્રકારની વાર્તા કહેવા માંગે છે, તેમને બનાવવાનો મોકો મળતો નથી. તેમના મતે નિર્માતાઓને ડર રહે છે કે આવી ફિલ્મો ચાલશે નહીં.

# બર્થ ડે પર દીપિકા-રણવીરે કરાવ્યું ખાસ ફોટોશૂટ

## મમ્મી-પપ્પા સાથે મસ્તી કરતી જોવા મળી ક્યુટ દુઆ, ચાહકોએ કહ્યું- 'અણસાર બિલકુલ પપ્પા જેવી જ છે'







(એજન્સી) મુંબઈ | તા.09

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ ટૂંક સમયમાં જ પોતાના બીજા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં બીજા બાળકના આવવાની ખુશી શેર કર્યા બાદ કપલે મંગળવારે ફેમિલી ફોટોશૂટની કેટલીક સુંદર તસવીરો શેર કરી છે.

દીપિકા-રણવીરના ફોટોશૂટમાં તેમની મોટી દીકરી દુઆ પણ જોવા મળી રહી છે. તસવીરોમાં દીપિકા અને રણવીર સાથે દુઆએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. તસવીરોની સાથે રણવીર સિંહે કેપ્શનમાં લખ્યું છે, "બેબી દુઆ અને અમારા દિલ મોટા થઈ રહ્યા છે! તમારી પ્રાર્થનાઓ માટે આભાર."

સોશિયલ મીડિયા યુઝર્સે દુઆની નવી તસવીરની સરખામણી દીપિકા અને રણવીરની જૂની તસવીરો સાથે કરી. મોટાભાગના લોકોનું કહેવું હતું કે દુઆ બિલકુલ રણવીર જેવી દેખાય છે.

આ પહેલાં દુઆ સમયે પ્રેગ્નન્સીમાં પણ મેટરનિટી ફોટોશૂટની તસવીરો પોસ્ટ કર્યાના ગણતરીના દિવસોમાં જ દીપિકાએ દીકરીને જન્મ આપ્યો હતો. આ વખતે પણ આવું થઈ શકે છે. દીપિકાએ એપ્રિલમાં પ્રેગ્નન્સી અનાઉન્સ કરી હતી, જે બાદ હવે તે 9મા મહિનાની નજીક હોઈ શકે છે.

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે 19 એપ્રિલે બીજી વખત પેરેન્ટ્સ બનવાના ગુડ ન્યૂઝ આપ્યા હતા. ત્યારે પણ કપલે દીકરી દુઆની પ્રેગ્નન્સી કિટ પકડેલી તસવીર શેર કરી હતી.

દીપિકા પાદુકોણે વર્ષ 2024ની શરૂઆતમાં પ્રેગ્નેન્સી એનાઉન્સ કરી હતી, જે બાદ 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેમના ઘરે દીકરીનો જન્મ થયો હતો.

નવેમ્બર 2024માં કપલે દીકરીનું નામ દુઆ રાખ્યું હતું. શરૂઆતમાં દીપિકા-રણવીરે દીકરીની તસવીરો જાહેર કરી નહોતી.

દિવાળીના પ્રસંગે દીપિકા-રણવીરે ફેમિલી ફોટોઝ શેર કરીને દુઆનો ચહેરો રિવિલ કર્યો હતો.

# બોલિવૂડનો સૌથી મોટો પ્રેન્કસ્ટર છે અક્ષય કુમાર



(એજન્સી) મુંબઈ | તા.09 બોલિવૂડનો 'ખિલાડી કુમાર' એટલે કે અક્ષય કુમાર આજે 59 વર્ષનો થયો છે. અક્ષયે લગભગ ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં એક્શન, કોમેડી, રોમાન્સ અને સોશિયલ ડ્રામા જેવી અનેક પ્રકારની ફિલ્મોમાં કામ કર્યું છે. ફિલ્મોમાં પોતાના અલગ-અલગ પાત્રો માટે જાણીતો અક્ષય પોતાના કો-સ્ટાર્સ સાથે મજાક-મસ્તી અને પ્રેન્ક કરવા માટે પણ પ્રખ્યાત છે. આવો જ એક મજેદાર કિસ્સો એક્ટ્રેસ હુમા કુરેશીએ અક્ષય સાથે કામ કરતી વખતે સંભળાવ્યો હતો. અક્ષય કુમાર અને હુમા કુરેશીએ 2017માં આવેલી ફિલ્મ 'જોલી એલએલબી 2'માં સાથે કામ કર્યું હતું. ફિલ્મના પ્રમોશન દરમિયાન બંને 'ધ કપિલ શર્મા શો'માં પહોંચ્યા હતા. આ દરમિયાન હુમાએ અક્ષયની એક શરારતનો ખુલાસો કર્યો હતો. હુમાએ જણાવ્યું હતું કે અક્ષયે એકવાર તેનો ફોન ચોરી લીધો હતો. ત્યારબાદ તેણે ફોનનો ઉપયોગ કરીને બોલિવૂડના 2-3 એક્ટર્સને 'હું તારી સાથે લગ્ન કરવા માંગુ છું, આઈ લવ યુ' જેવા મેસેજ મોકલી દીધા હતા.




# ભારત 35 મહિનાથી ICC વનડે રેન્કિંગમાં ટોપ પર...

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારતીય ટીમે ICC વનડે ટીમ રેન્કિંગમાં નંબર-1નું સ્થાન જાળવી રાખ્યું છે. રેન્કિંગમાં તેના 116 રેટિંગ પોઈન્ટ્સ છે. ન્યુઝીલેન્ડ 109 રેટિંગ સાથે બીજા અને ઓસ્ટ્રેલિયા 102 રેટિંગ સાથે ત્રીજા સ્થાને છે. ભારતીય ટીમ સપ્ટેમ્બર 2023માં પાકિસ્તાનને પાછળ છોડીને વનડે રેન્કિંગમાં ટોચ પર પહોંચી હતી. ટીમ ત્યારથી એટલે કે છેલ્લા 35 મહિનાં 18 દિવસથી ટોચ પર યથાવત છે.

ભારતીય ક્રિકેટ ટીમ જાન્યુઆરી 2013માં એમએસ. ધોનીની કપ્તાનીમાં પ્રથમ વખત ICC વનડે રેન્કિંગમાં નંબર-1 ટીમ બની હતી. ભારતે ઇંગ્લેન્ડ સામે 5 મેચની ઘરેલું વનડે શ્રેણી 3-2થી જીતીને આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી.

દક્ષિણ આફ્રિકા વર્તમાન રેન્કિંગમાં 102 રેટિંગ પોઈન્ટ્સ સાથે ચોથા સ્થાને છે. પાકિસ્તાન 100 રેટિંગ સાથે પાંચમા અને શ્રીલંકા 96 રેટિંગ સાથે છઠ્ઠા સ્થાને છે. ઈંગ્લેન્ડ 93 રેટિંગ સાથે સાતમા અને અફઘાનિસ્તાન 92 રેટિંગ સાથે આઠમા સ્થાને છે. બાંગ્લાદેશ નવમા અને વેસ્ટ ઈન્ડીઝ 10મા સ્થાને છે.

ઝિમ્બાબ્વે 11મા, આયર્લેન્ડ 12મા સ્થાને ટોપ-10 પછી ઝિમ્બાબ્વે 63 રેટિંગ સાથે 11મા સ્થાને છે. આયર્લેન્ડ 51 રેટિંગ સાથે 12મા અને સ્કોટલેન્ડ 45 રેટિંગ સાથે 13મા નંબરે છે. નેધરલેન્ડ્સ 14મા, અમેરિકા 15મા અને નામિબિયા 16મા સ્થાને છે.

કેવી રીતે નક્કી થાય છે ICC વનડે ટીમ રેન્કિંગ? ICCની ટીમ રેન્કિંગમાં ટીમના મેચોનાં પરિણામોની સાથે તેના પ્રદર્શનની સાતત્યતાને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. દરેક ટીમનું રેટિંગ તેના પ્રદર્શન અને સંબંધિત મેચોના રેટિંગ-વેટના આધારે નક્કી થાય છે. તેથી ફક્ત પોઈન્ટ્સની સંખ્યાથી રેન્ક નક્કી થતો નથી, પરંતુ પોઈન્ટ્સ અને મેચોનાં આધારે બનેલું રેટિંગ મહત્વપૂર્ણ હોય છે. પત્ની પાસે પરમિશન લેવી પડશે, નહીં તો છૂટાછેડા થઈ જશે:ભારતીય ટીમનાં હેડ કોચની અરજી પર આશિષ નેહરાનો જવાબ, કહ્યું- મારે 'હાઈ કમિશન' સાથે વાત કરવી પડશે પૂર્વ ભારતીય ક્રિકેટર અને ગુજરાત ટાઈટન્સના હેડ કોચ આશિષ નેહરાએ ભવિષ્યમાં ટીમ ઈન્ડિયાના હેડ કોચ પદ માટે અરજી કરવા અંગે કહ્યું છે કે ઈન્ટરનેશનલ કોચિંગમાં વર્ષના 8-9 મહિના પ્રવાસ કરવો પડે છે, જે ખૂબ મુશ્કેલ છે.

# ભારતીય હોકી ટીમ વાદળી જર્સીમાં જ એશિયન ગેમ્સ રમશે : વર્લ્ડ કપમાં નારંગી જર્સી પર વિવાદ થયો હતો; હોકી ઈન્ડિયાએ ડ્રેસ બદલ્યો




જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમ ફરી એકવાર વાદળી જર્સીમાં જોવા મળશે. નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં રમાયેલા હોકી વર્લ્ડ કપ દરમિયાન ભારતીય પુરુષ અને મહિલા ટીમોની પ્રાથમિક કીટ નારંગી રંગની કરવામાં આવી હતી.

જર્સી બદલવાને લઈને ઘણો વિવાદ થયો હતો. ઘણા પૂર્વ હોકી ખેલાડીઓએ તેને ખોટું ગણાવ્યું હતું. તેને ધ્યાનમાં રાખીને, હવે હોકી ઈન્ડિયાએ એશિયન ગેમ્સ માટે પોતાનો નિર્ણય બદલી નાખ્યો છે.

હોકી ઈન્ડિયાએ 27 જુલાઈએ જર્સી બદલવાનું કારણ જણાવતા કહ્યું હતું કે આવું વાદળી રંગના ટર્ફને કારણે કરવામાં આવ્યું હતું. કહેવામાં આવ્યું હતું કે વાદળી જર્સીને કારણે ભારતીય ખેલાડીઓને પોતાના સાથી ખેલાડીઓને જોવામાં મુશ્કેલીઓ આવી રહી હતી. જોકે, પૂર્વ કપ્તાનો ધનરાજ પિલ્લે, વીરેન રાસકિન્હા, પરગટ સિંહ, અજીત પાલ સિંહ અને વાસુદેવન ભાસ્કરને આ બદલાવની સખત ટીકા કરી હતી.

આ વિવાદ પર હોકી ઈન્ડિયાની અંદર પણ ખેંચતાણ જોવા મળી હતી. અધ્યક્ષ દિલીપ તિર્કીએ નિવેદન આપ્યું હતું કે આ નિર્ણય તેમની જાણકારી વિના લેવામાં આવ્યો હતો, જ્યારે સચિવ ભોલા નાથ સિંહે દાવો કર્યો હતો કે તમામ અધિકારીઓને તેની જાણકારી હતી.

જાપાન રવાના થતા પહેલાં જ હોકી ઈન્ડિયાએ પોતાનો આ નિર્ણય પાછો ખેંચી લીધો. હોકી ઈન્ડિયાના ખજાનચી શેખર મનોહરને પુષ્ટિ કરતા કહ્યું- 'ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) એ અમને કીટની પ્રથમ પસંદગી પૂછી હતી. હોકી ઈન્ડિયાએ પ્રથમ પ્રાથમિકતા વાદળી રંગને અને બીજી પ્રાથમિકતા નારંગી રંગને આપી છે.'

ટુર્નામેન્ટમાં 12 ટીમો ભાગ લેશે, જેને છ-છ ટીમોના બે પૂલમાં વિભાજિત કરવામાં આવી છે. ભારતને પૂલ-A માં રાખવામાં આવ્યું છે. આ પૂલમાં ભારત સાથે યજમાન જાપાન, સાઉથ કોરિયા, બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયા છે. તમામ મેચો કાકામીગાહારાના ગિફુ પ્રીફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમમાં રમાશે.

# દુલીપ ટ્રોફી ફાઈનલ- કેપ્ટન તિલક અડધી સદી ફટકારી અણનમ

ચેન્નઈ | દુલીપ ટ્રોફીની ફાઈનલ ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચે ચેન્નઈમાં રમાઈ રહી છે. મંગળવારે ત્રીજા દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધીમાં સાઉથ ઝોને પ્રથમ ઈનિંગ્સમાં 6 વિકેટે 242 રન બનાવી લીધા છે.

ટીમ હજુ ઈસ્ટ ઝોનના પ્રથમ ઈનિંગ્સના સ્કોરથી 466 રન પાછળ છે. ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગ્સમાં 708 રન બનાવ્યા હતા. મુકાબલાના ચોથા દિવસની રમત બુધવારે સવારે 9:30 વાગ્યે શરૂ થશે. સાઉથ ઝોનની શરૂઆત ખરાબ રહી અને 10 રનના સ્કોર પર રિકી ભુઈ 1 રન બનાવીને આઉટ થયા. આ પછી નારાયણ જગદીશન અને દેવદત્ત પડિક્કલે બીજી વિકેટ માટે 60 રન જોડ્યા. જગદીશન 32 રન બનાવીને આઉટ થયા. પડિક્કલ અને શેખ રશીદે ત્રીજી વિકેટ માટે 56 રન જોડ્યા. રશીદ 27 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા. આ પછી દેવદત્ત પડિક્કલ 62 રન બનાવીને આઉટ થયા.

કેપ્ટન તિલક વર્માએ રવિચંદ્રન સ્મરણ (23) સાથે પાંચમી વિકેટ માટે 45 રન જોડ્યા. તિલક અને શ્રેયસ ગોપાલ (26) એ છઠ્ઠી વિકેટ માટે 66 રનની ભાગીદારી કરી. દિવસનો ખેલ સમાપ્ત થવા પર તિલક વર્મા 56 રન અને ચામા મિલિંદ 2 રન બનાવીને અણનમ છે. ઈસ્ટ ઝોન માટે મોહમ્મદ શમી અને મુકેશ કુમારે 2-2 વિકેટ ઝડપી. શિખર મોહનને એક વિકેટ મળી.

દુલીપ ટ્રોફીમાં ઈસ્ટ ઝોનના ઉપ-કેપ્ટન વૈભવ સૂર્યવંશીએ ત્રીજા દિવસે ટીમને પ્રથમ વિકેટ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મુકેશ કુમારની બોલ પર રિકી ભુઈ વિરુદ્ધ કેચની અપીલ થઈ હતી. બોલ બેટની કિનારીને અડીને વિકેટકીપરના હાથમાં ગયો હતો.

ઈશાન કિશન રિવ્યુ લેવા અંગે દ્વિધામાં હતો. ત્યારે વૈભવે તેને રિવ્યુ લેવા કહ્યું. ઈશાને રિવ્યુ લીધો અને થર્ડ અમ્પાયરે રિકી ભુઈને આઉટ આપ્યો.

ઈસ્ટ ઝોન તરફથી પ્રથમ દાવમાં કેપ્ટન ઈશાન કિશને 270 રન બનાવ્યા. તેણે 334 બોલનો સામનો કરતા 30 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા. કુમાર કુશાગ્રએ 101, શિખર મોહને 85 અને અભિમન્યુ ઈશ્વરને 72 રન બનાવ્યા. વૈભવ સૂર્યવંશીએ પણ 37 બોલમાં 44 રનની ઝડપી ઈનિંગ રમી.

સાઉથ ઝોન તરફથી પ્રથમ દાવમાં ત્રિપુરાના વિજયે સૌથી વધુ 4 વિકેટ ઝડપી. ચામા મિલિંદ અને શ્રેયસ ગોપાલે 2-2 વિકેટ લીધી. શેખ રશીદને એક વિકેટ મળી. અભિમન્યુ ઈશ્વરન રન આઉટ થયા.

જોકે, મોહમ્મદ સિરાજ સહિત સાઉથ ઝોનના બોલરો ઈસ્ટ ઝોનના બેટ્સમેનો પર સતત દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યા છે. સિરાજને પ્રથમ દાવમાં એક પણ વિકેટ મળી ન હતી.

બંને ટીમની પ્લેઈંગ-11

ઈસ્ટ ઝોન: અભિમન્યુ ઈશ્વરન, વૈભવ સૂર્યવંશી, કુમાર કુશાગ્ર, સુદીપ કુમાર ઘરામી, શિખર મોહન, ઈશાન કિશન (વિકેટકીપર/કેપ્ટન), એમડી કૌનૈન કુરેશી, અનુકૂલ રોય, મોહમ્મદ શમી, અભિજીત કે સરકાર, મુકેશ કુમાર.

સાઉથ ઝોન: રીકી ભુઈ, નારાયણ જગદીસન (વિકેટકીપર), દેવદત્ત પડિક્કલ, શેખ રશીદ, તિલક વર્મા (કેપ્ટન), સ્મરણ રવિચંદ્રન, શ્રેયસ ગોપાલ, ત્રિપુરાના વિજય, મોહમ્મદ સિરાજ, ચામા વી મિલિંદ, એમડી નિધિશ.



# પત્ની પાસે પરમિશન લેવી પડશે, નહીં તો છૂટાછેડા થઈ જશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

પૂર્વ ભારતીય ક્રિકેટર અને ગુજરાત ટાઈટન્સના હેડ કોચ આશિષ નેહરાએ ભવિષ્યમાં ટીમ ઈન્ડિયાના હેડ કોચ પદ માટે અરજી કરવા અંગે કહ્યું છે કે ઈન્ટરનેશનલ કોચિંગમાં વર્ષના 8-9 મહિના પ્રવાસ કરવો પડે છે, જે ખૂબ મુશ્કેલ છે.

નેહરાએ મજાકમાં કહ્યું કે આ પદ માટે તેમને પોતાની પત્ની રુશ્મા પાસેથી મંજૂરી લેવી પડશે, નહીં તો છૂટાછેડા થઈ શકે છે. તેમણે કોલકાતામાં CAB એન્યુઅલ એવોર્ડ્સ સમારોહમાં આ વાત કહી.

નેહરાએ કહ્યું કે ટીમ ઈન્ડિયાના હેડ કોચ બનવું સન્માનની વાત હશે, પરંતુ તેમણે તેને પોતાની મહત્વાકાંક્ષા બનાવી નથી. તેમણે કહ્યું કે તેઓ હાલમાં ગુજરાત ટાઈટન્સ સાથે ખૂબ ખુશ છે.

નેહરાએ કહ્યું- 'આ સવાલનો જવાબ અત્યારે આપવો ખૂબ મુશ્કેલ છે. સૌથી પહેલા મારે હાઈ કમિશન સાથે વાત કરવી પડશે- અને તે મારી પત્ની છે. નેહરાએ ટીમ ઈન્ડિયાના કોચ પદની સંભાવનાને સંપૂર્ણપણે નકારી નથી. તેમણે કહ્યું- 'હું તેને મહત્વાકાંક્ષા શબ્દ સાથે જોડીશ નહીં. હું આ પ્રકારની વસ્તુઓની યોજના ક્યારેય બનાવતો નથી. હા, આ સન્માન અને વિશેષાધિકારની વાત હશે. ભવિષ્યમાં શું થાય છે, તે જોઈશું.'

પૂર્વ ભારતીય ઝડપી બોલર આશિષ નેહરાએ 2 એપ્રિલ 2009ના રોજ પોતાની ગર્લફ્રેન્ડ રુશ્મા સાથે લગ્ન કર્યા હતા. આશિષ નેહરાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે 23 માર્ચ 2009ના રોજ તેઓ મિત્રો સાથે બેઠા હતા અને અચાનક માત્ર 15 મિનિટમાં તેમણે લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો હતો.

આશિષ અને રુશ્માને બે બાળકો છે. એક દીકરી જેનું નામ એરિયાના નેહરા છે અને દીકરો જેનું નામ આરુષ નેહરા છે. ભારતના પૂર્વ ફાસ્ટ બોલર આશિષ નેહરા 2022 થી ગુજરાત ટાઈટન્સના હેડ કોચ છે. તેમણે ટીમને તેની ડેબ્યૂ સિઝનમાં IPL ખિતાબ અપાવ્યો હતો. ટીમ તેમના કાર્યકાળમાં 2 વખત રનર-અપ પણ રહી છે.

નેહરાએ ભારત માટે 17 ટેસ્ટ, 120 વનડે અને 27 ટી-20 મેચ રમ્યા છે. તેમણે ટેસ્ટમાં 44, વનડેમાં 157 અને ટી-20માં 34 વિકેટ લીધી છે. તેમણે 2017માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધો હતો. 1 નવેમ્બર 2017ના રોજ તેમણે ન્યુઝીલેન્ડ સામે દિલ્હીમાં છેલ્લી ટી-20 મેચ રમી હતી.

ગૌતમ ગંભીર હાલમાં ટીમ ઈન્ડિયાના હેડ કોચ છે. તેઓ ત્રણેય ફોર્મેટની ટીમને સંભાળે છે. એશિયન ગેમ્સમાં BCCI સેન્ટર ઓફ એક્સેલન્સના પ્રમુખ વીવીએસ લક્ષ્મણને કોચિંગની જવાબદારી સોંપવામાં આવી છે. ગંભીર પહેલાં રાહુલ દ્રવિડ પણ પ્રવાસને કારણે આ પદથી પરેશાન હોવાનું કહેવાયું હતું. આ જ કારણોસર એવું માનવામાં આવે છે કે લક્ષ્મણ કાયમી ધોરણે હેડ કોચની જવાબદારી લેવા માંગતા નથી.




# 13મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપમાં પ્રથમ ઈનામ વિતરણ સમારોહ યોજાયો

અમદાવાદ | અમદાવાદના ધ અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન રાઈફલ ક્લબ, મહાવીર માર્ગ, ઓલ્ડ સિટી, ખાનપુર, અમદાવાદ ખાતે ચાલી રહેલી 13મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપ - પિસ્તોલ (NR) ઈવેન્ટ્સ અંતર્ગત આજે પ્રથમ ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો.આ ચેમ્પિયનશિપનું આયોજન 7 થી 13 સપ્ટેમ્બર 2026 દરમિયાન કરવામાં આવી રહ્યું છે, જેમાં વેસ્ટ ઝોનના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં પ્રતિભાશાળી શૂટર્સ ભાગ લઈ રહ્યા છે.આજે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં વિવિધ પિસ્તોલ ઈવેન્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતા ખેલાડીઓને મેડલ અને ઈનામો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.



ગુજરાત સ્ટેટ રાઈફલ એસોસિએશન (GSRA) દ્વારા તમામ મેડલ વિજેતા શૂટર્સને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ખેલાડીઓએ પોતાની મહેનત, શિસ્ત, સમર્પણ અને ઉત્તમ રમતગમત ભાવનાનું પ્રદર્શન કરીને શૂટિંગ ક્ષેત્રે પોતાની પ્રતિભા સાબિત કરી છે.આ ચેમ્પિયનશિપ શૂટર્સને પોતાની પ્રતિભા દર્શાવવા તેમજ ઉચ્ચ સ્તરે સ્પર્ધાત્મક અનુભવ મેળવવા માટે મહત્વપૂર્ણ મંચ પૂરું પાડી રહી છે.તમામ વિજેતા શૂટર્સને ભવિષ્યમાં પણ વધુ સફળતા અને અનેક મેડલ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# બેટર અભિષેક શર્મા પ્રેમમાં 'ક્લિન બોલ્ડ', બિઝનેસ વર્લ્ડમાં મોટું નામ ધરાવતી ગર્લફ્રેન્ડ ચર્ચામાં!

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

શેર-એ-પંજાબ T20 લીગમાં અમૃતસર સુરમાસ ટીમના કેપ્ટન અને ભારતીય ક્રિકેટર અભિષેક શર્મા પોતાના શાનદાર પ્રદર્શનની સાથે અંગત જીવનને લઈને પણ ભારે ચર્ચામાં છે. બિઝનેસવુમન લૈલા ફૈસલ સાથે તેના અફેરની અફવાઓએ ફરી જોર પકડ્યું છે. મેચ પૂરી થયા બાદ કેટલીક વાર અભિષેક તેમની સાથે સમય વિતાવતા જોવા મળ્યા છે. IPL 2025ના સમયથી જ બંનેના ડેટિંગના સમાચાર વહેતા થયા હતા. જોકે બંનેમાંથી કોઈએ પણ આ અંગે સત્તાવાર પુષ્ટિ કરી નથી. ભારતીય ક્રિકેટર સાથે નામ જોડાયા બાદ લૈલા ફૈસલ અચાનક લાઈમલાઈટમાં આવી છે. જો કે તે ગ્લેમર ક્ષેત્ર સાથે નહી પરંતુ ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા છે. લૈલા દિલ્હીની વતની છે અને જાણીતા કાશ્મીરી મુસ્લિમ પરિવારમાંથી આવે છે. તેણે પ્રારંભિક શિક્ષણ દિલ્હી પબ્લિક સ્કૂલ (DPS), આર.કે. પુરમમાંથી પૂરું કર્યું હતું અને ત્યારબાદ કિંગ્સ કોલેજ લંડનમાંથી સાયકોલોજી વિષયમાં ડિગ્રી મેળવી હતી.

લૈલા ફૈસલે યુનિવર્સિટી ઓફ ધ આર્ટ્સ લંડનમાંથી ફેશન ડિઝાઈનિંગ, માર્કેટિંગ અને સ્ટાઈલિંગનો કોર્સ કર્યો.

### પુતિને પ્રથમ ખેપ ભરવા લીલી ઝંડી બતાવી; વાર્ષિક 3 કરોડ ટન તેલ ઉત્પાદનનું લક્ષ્ય

# રશિયાએ આર્કટિકમાં તેલ કાઢવાનું શરૂ કર્યું

**(એજન્સી) મોસ્કો/નવી દિલ્હી | તા. 09**

અમેરિકા અને યુરોપિયન દેશોના પ્રતિબંધો છતાં રશિયાએ આર્કટિક વિસ્તારમાં તેના મોટા 'વોસ્તોક ઓઈલ' પ્રોજેક્ટમાંથી તેલ કાઢવાનું શરૂ કરી દીધું છે.

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રથમ ખેપના લોડિંગને લીલી ઝંડી બતાવી. રશિયાનો લક્ષ્ય 2027ના બીજા છ માસિક ગાળા સુધીમાં આ પ્રોજેક્ટમાંથી વાર્ષિક 3 કરોડ ટન ક્રૂડ ઓઈલ કાઢવાનો છે.

પુતિનનો આ પ્રોજેક્ટ ઉત્તરી સાઈબેરિયાના તૈમિર વિસ્તારમાં છે. તેમાં વાનકોર અને પાયાખા સહિતના અનેક તેલ વિસ્તારો જોડાયેલા છે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલી વાનકોરનેફ્ટ કંપનીમાં ચાર ભારતીય સરકારી કંપનીઓની સંયુક્ત ભાગીદારી 49.9% છે. તેમાં ONGC વિદેશ, ઈન્ડિયન ઓઈલ, ઓઈલ ઈન્ડિયા અને ભારત પેટ્રો રિસોર્સિસનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટમાંથી નીકળેલું તેલ 790 કિમી લાંબી




પાઈપલાઈન દ્વારા કારા સાગરના બુખ્તા સેવેર ટર્મિનલ સુધી પહોંચાડવામાં આવશે. ત્યાંથી તેલને ટેન્કરોમાં ભરીને અન્ય દેશોમાં મોકલવામાં આવશે.

કંપનીના મતે, આ વિસ્તારમાં લગભગ 700 કરોડ ટન તેલનો ભંડાર હોઈ શકે છે. રશિયાથી ભારત આવતા તેલના જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડશે નહીં. તેથી, આ પ્રોજેક્ટને ભારત માટે ખાડી દેશોમાંથી તેલનો એક નવો વિકલ્પ માનવામાં આવી રહ્યો છે.

પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હવાઈ પરિવહન માટે એરપોર્ટ પણ બનાવવામાં આવી રહ્યું છે. તેનો રનવે 3,500 મીટર લાંબો હશે. આ પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં લગભગ 4.4 લાખ કરોડ રૂપિયાનું રોકાણ થઈ ચૂક્યું છે.

વોસ્તોક પ્રોજેક્ટ બરફીલા વિસ્તારમાં છે. હાલમાં અહીં 50 હજારથી વધુ લોકો કામ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટમાં 16,280 મશીનો અને ઉપકરણો લગાવવામાં આવ્યા છે.

વોસ્તોકના તેલમાં સલ્ફરનું પ્રમાણ 0.01% થી 0.1% છે. એટલે કે પ્રતિ કિલો તેલમાં 0.1 થી એક ગ્રામ. સલ્ફરનું પ્રમાણ ક્રૂડ ઓઈલની ગુણવત્તાનો મહત્વનો માપદંડ છે. પેટ્રોલ-ડીઝલ બનાવતી વખતે તેને નિર્ધારિત મર્યાદા સુધી ઘટાડવું પડે છે. ઓછું સલ્ફર હોવાથી તેને દૂર કરવાનો ખર્ચ ઘટી શકે છે. તેથી રિફાઈનરી માટે આ ફાયદાકારક સોદો સાબિત થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત નિનાદ શેઠે ભાસ્કરને જણાવ્યું કે આ પ્રોજેક્ટ સંકટના સમયે ભારત માટે લાઈફલાઈન સાબિત થશે.

વોસ્તોક આપણી ઊર્જા સુરક્ષાનો આધાર બનશે. અહીંથી આવતા જહાજોને હોર્મુઝમાંથી પસાર થવું પડશે નહીં. તેથી ખાડીમાં તણાવ અને અન્ય સંકટમાં આ ભારત માટે લાઈફલાઈન બનશે.

વોસ્તોકનું શરૂઆતી વાર્ષિક લક્ષ્ય 3 કરોડ ટન છે. આ ભારતનાં 2024-25ના ઘરેલુ ક્રૂડ ઓઈલ ઉત્પાદન કરતાં વધારે છે. ત્યારે ભારતે 2.87 કરોડ ટન તેલ ઉત્પાદન કર્યું હતું.

ભારત-રશિયામાં મોટાભાગનો વેપાર સ્થાનિક મુદ્રાઓમાં થાય છે. આનાથી પ્રતિબંધોની વધારે અસર નહીં. જોકે, જો બેન્કિંગ સિસ્ટમ નિશાન બને તો સંકટ પેદા થશે, પણ સંભાવના ઓછી છે.

# નેપાળમાં 5ની તીવ્રતાનો ભૂકંપ

### 13 દિવસ પહેલા આવેલા પૂર પછી 7 સુરંગોમાં ફસાયેલા કર્મચારીઓની શોધખોળ ચાલુ...







**(એજન્સી) કાઠમંડુ | તા. 09**

નેપાળમાં મંગળવારે રાત્રે 5ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. હાલ કોઈ નુકસાનની જાણકારી નથી.

જ્યારે પૂરના 13 દિવસ પછી પણ રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. રેસ્ક્યુ ટીમ અલગ-અલગ 7 હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સની સુરંગોમાં ફસાયેલા કર્મચારીઓની શોધ કરી રહી છે. અત્યાર સુધીમાં 13 હજારથી વધુ લોકોને બચાવી લેવાયા છે, જ્યારે 4894 લોકો હજુ પણ ગુમ છે. જેમાં 587 વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. પહાડી વિસ્તારો, તૂટેલા રસ્તાઓ અને ભારે કાટમાળને કારણે બચાવ અભિયાનમાં ઘણી મુશ્કેલીઓ આવી રહી છે. નેપાળમાં પૂર અને ભૂસ્ખલનથી 1,356 લોકોના મોત થયા છે. જ્યારે તિબેટમાં 43 લોકોના મોત થયા છે અને 519 ગુમ છે. નેપાળ દુર્ઘટનાને 14 દિવસ થઈ ગયા છે. હજુ પણ લગભગ 5 હજાર લોકો ગુમ છે. જેમ જેમ દિવસો વીતી રહ્યા છે, તેમ તેમ તેમના બચાવની આશાઓ પણ સમાપ્ત થઈ રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### BRICS સમિટની તૈયારીઓ તેજ, ઘણી જગ્યાએ પોસ્ટર-પેઈન્ટિંગ્સથી સજાવટ

નવી દિલ્હી | નવી દિલ્હીમાં BRICS સમિટ પહેલાં દિલ્હીને પોસ્ટરો અને રોશનીથી શણગારવામાં આવ્યું છે. રાજધાનીના ઘણા વિસ્તારો તહેવાર જેવા દેખાઈ રહ્યા છે. BRICS સમિટ 12 અને 13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમમાં યોજાવાની છે. આ વર્ષની સત્તાવાર થીમ "બિલ્ડિંગ ફોર રેઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સસ્ટેનેબિલિટી" છે. દિલ્હી ટ્રાફિક પોલીસે સમિટ માટે ટ્રાફિક પ્લાન તૈયાર કર્યો છે. VIP કાફલાઓની અવરજવર દરમિયાન 22 ડાયવર્ઝન પોઈન્ટ અને 35થી વધુ રસ્તાઓ પર ટ્રાફિકને નિયંત્રિત અથવા ડાયવર્ટ કરવામાં આવશે. આ ઉપરાંત, સંમેલનને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટ અને તમામ જિલ્લા અદાલતો 11 સપ્ટેમ્બરના રોજ બંધ રહેશે. ટ્રાયલ કોર્ટમાં 12 સપ્ટેમ્બરના રોજ પણ રજા રહેશે. આ રીતે દિલ્હીની તમામ નીચલી અદાલતોમાં 11, 12 અને 13 સપ્ટેમ્બર એટલે કે શુક્રવારથી રવિવાર સુધી સતત 3 દિવસ કામકાજ થશે નહીં. MCD અને કેન્દ્ર સરકારની તમામ ઓફિસો પણ 11 સપ્ટેમ્બરના રોજ બંધ રહેશે. ફક્ત હોસ્પિટલ, સફાઈ અને કટોકટી સેવાઓ ચાલુ રહેશે. સમિટમાં રાષ્ટ્રાધ્યક્ષો, વિદેશી પ્રતિનિધિઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓ અને અન્ય મોટા અધિકારીઓ ભાગ લેશે. દિલ્હી ટ્રાફિક પોલીસનું કહેવું છે કે વિદેશી પ્રતિનિધિઓની અવરજવર સરળ રાખવા અને સામાન્ય લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરવામાં આવી રહી છે.

### જર્મની-દક્ષિણપંથીઓને સત્તા અપાવનાર એલિસ મુખ્ય ચહેરો કેવી રીતે બની

જર્મની | જર્મનીના સેક્સોની-આનહાલ્ટમાં સપ્ટેમ્બર 2026ની ચૂંટણીમાં અલ્ટરનેટિવ ફોર જર્મની (AfD) એ મોટી જીત મેળવી છે. બીજા વિશ્વ યુદ્ધ પછી આ પહેલો પ્રસંગ છે, જ્યારે જર્મનીમાં કોઈ જમણેરી પક્ષ કોઈ રાજ્યમાં સત્તાની નજીક પહોંચ્યો છે.

AfD અન્ય દેશોમાંથી આવીને જર્મનીમાં વસેલા લોકો અને સમલૈંગિક લગ્ન વિરુદ્ધ કડક વલણ માટે જાણીતી છે. પરંતુ આ પક્ષની વાર્તામાં એક વાત સૌથી વધુ ચોંકાવનારી છે.

AfDના ચીફ એલિસ વીડલ પોતે લેસ્બિયન છે. તેમના પાર્ટનર શ્રીલંકામાં જન્મ્યા છે. એટલે કે, જે પક્ષની નીતિઓ સમલૈંગિક લગ્ન અને પ્રવાસીઓ વિરુદ્ધ છે, તે જ પક્ષના સૌથી શક્તિશાળી નેતાનું અંગત જીવન આનાથી બિલકુલ અલગ છે.

જર્મનીમાં AfDના વધતા પ્રભાવ પાછળ વીડલનો મોટો હાથ માનવામાં આવે છે. તેમની રાજનીતિને સમજવા માટે એ જાણવું જરૂરી છે કે આખરે એલિસ વીડલ કોણ છે અને તે આવા પક્ષનો ચહેરો કેવી રીતે બન્યા, જેની વિચારસરણી તેમના પોતાના જીવનથી બિલકુલ અલગ છે? જર્મન અખબાર ડાય વેલ્ટ અનુસાર વીડલનું બાળપણ એવા વાતાવરણમાં વીત્યું, જ્યાં રાજકારણ વિશે ઘણી ચર્ચા થતી હતી.

### હિમાલયના વિસ્તારોમાં બરફવર્ષાની શક્યતા; પૂરથી અત્યાર સુધીમાં 1,377નાં મોત, 5,326 ગુમ

# નેપાળમાં વરસાદ -વાવાઝોડાનું એલર્ટ

**(એજન્સી) કાઠમંડુ | તા. 09**

નેપાળમાં બુધવારે ભારે વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મધેશ, કોશી, બાગમતી, ગંડકી અને લુમ્બિનીના પહાડી અને તરાઈ વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે, હિમાલયના વિસ્તારોમાં હિમવર્ષા અને વીજળી પડવાની સંભાવના છે.

કોશી, બાગમતી અને ગંડકીના હિમાલયના વિસ્તારોમાં વરસાદ અથવા હિમવર્ષા સાથે ગાજવીજ થઈ શકે છે. લુમ્બિની, કર્ણાલીના કેટલાક હિમાલયના વિસ્તારોમાં પણ હિમવર્ષાનો અંદાજ છે.

જ્યારે, 26 ઓગસ્ટના પૂરથી અત્યાર સુધીમાં 1,377 લોકોના મોત થયા છે અને 5,326 લોકો ગુમ છે. પૂરથી 6,827 લોકો ઘાયલ થયા છે અને 7,570 ઘરો તૂટી ગયા છે અથવા નુકસાન પામ્યા છે.

નેપાળ સરકારે પૂરથી પ્રભાવિત પરિવારોનો સર્વે શરૂ કર્યો છે. હાલમાં, અલગ-અલગ જિલ્લાઓના હોલ્ડિંગ સેન્ટરમાં રહેતા પરિવારો પાસેથી તેમની જરૂરિયાત અને પસંદગીની માહિતી લેવામાં આવી રહી છે, જેથી આગામી કેટલાક અઠવાડિયામાં તેમના માટે અસ્થાયી રહેવાની વ્યવસ્થા કરી શકાય.

સર્વેમાં ઘરને થયેલું નુકસાન, પરિવારમાં મૃત્યુ અને ગુમ થયેલા લોકોની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. એ પણ પૂછવામાં આવી રહ્યું છે કે પરિવાર સરકારનું અસ્થાયી ઘર ઈચ્છે છે કે ભાડાના ઘર માટે આર્થિક મદદ.

સરકાર ઉપલબ્ધ જમીન, પીવાના પાણી અને શૌચાલય જેવી સુવિધાઓની પણ માહિતી લઈ રહી છે. હોલ્ડિંગ સેન્ટરમાં રહેતા પરિવારોનો સર્વે એક અઠવાડિયામાં પૂરો થવાની અપેક્ષા છે. આ પછી, સેન્ટરની બહાર રહેતા પ્રભાવિત પરિવારોનો સર્વે કરવામાં આવશે.

નેપાળ પોલીસે સોશિયલ મીડિયા પર વાયરલ રાહત સામગ્રી રોકવાના દાવાઓને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા. CPN (UML) સચિવ મહેશ બસનેટે આરોપ લગાવ્યો હતો કે સેના અને પોલીસે રાહત સામગ્રી પોતાની પાસે રાખી લીધી અને કેટલાક ખાદ્ય પદાર્થો બગડી ગયા. પોલીસે કહ્યું કે સેના, પોલીસ અને સશસ્ત્ર પોલીસ દળ



સતત શોધ, બચાવ અને રાહત કાર્યોમાં વ્યસ્ત છે. પોલીસે લોકોને પુષ્ટિ વગરની માહિતી અને અફવાઓ ન ફેલાવવાની અપીલ કરી છે.

નેપાળમાં આવેલા પૂરને કારણે ચીન સાથેનો વેપાર ખરાબ રીતે પ્રભાવિત થયો છે. રસવાગઢી અને તાતોપાની બોર્ડર પર રસ્તાઓ ખરાબ થવાને કારણે 500-600 કન્ટેનર ફસાયા છે.

200થી વધુ નેપાળી કન્ટેનર પૂરના પાણીમાં તણાઈ ગયા છે. લગભગ 176 ટ્રકોને કોરાલા રૂટથી મોકલવામાં આવી રહ્યા છે, પરંતુ આ રસ્તેથી સામાન પહોંચવામાં 10-12 દિવસ લાગી રહ્યા છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારતીય ટેકનિકલ ટીમે ચિલીમે ટનલમાંથી પાણી અને કાદવ હટાવવાનું કામ ચાલુ રાખ્યું છે. ટનલનો ઢાળ અને મર્યાદિત પહોંચ હજુ પણ પડકારરૂપ છે. ભારે મશીનરી પહોંચાડવા માટે બનાવવામાં આવી રહેલો કામચલાઉ રસ્તો આગામી 2-3 દિવસમાં તૈયાર થવાની અપેક્ષા છે.

કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ, પૂરને કારણે 4 લાખ કરોડ નેપાળી રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. આમાં ઘર, રસ્તા અને અન્ય સરકારી-ખાનગી સંપત્તિઓનો સમાવેશ થાય છે. સંપૂર્ણ હિસાબ થયા પછી, નુકસાનનો આંકડો લગભગ 30% વધુ વધી શકે છે.

નેપાળને પૂરથી થયેલા નુકસાનની ભરપાઈ અને ફરીથી નિર્માણ માટે 4-5 અબજ ડોલરની જરૂર પડી શકે છે. સરકાર આ માટે અન્ય દેશો અને સંસ્થાઓ પાસેથી આર્થિક મદદ માંગી રહી છે.

રાજધાની કાઠમંડુમાં 70% વરસાદની સંભાવના છે. દિવસ દરમિયાન મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. તાપમાન 27-29C અને રાત્રે 19-21C ની વચ્ચે રહેવાનો અંદાજ છે. પોખરામાં પણ 70% વરસાદની સંભાવના છે. અહીં દિવસનું તાપમાન 30-32C સુધી પહોંચી શકે છે.

# ભારત પ્રવાસે પ્રિન્સ રહીમ આગા ખાન : દિલ્હીમાં PM મોદી-રાષ્ટ્રપતિને મળશે...

**(એજન્સી) નવી દિલ્હી | તા. 31**

ઈસ્માઈલી સમુદાયના 50મા ઈમામ પ્રિન્સ રહીમ આગા ખાન પંચમ 9 થી 15 સપ્ટેમ્બર 2026 સુધી ભારતના પ્રવાસે રહેશે. ભારતના ઉપરાષ્ટ્રપતિના નિમંત્રણ પર થઈ રહેલા આ પ્રવાસ દરમિયાન આગા ખાન પંચમ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ગૃહ મંત્રી અને વિદેશ મંત્રી સાથે મુલાકાત કરશે. 50મા ઈમામ તરીકે હોદ્દો સંભાળ્યા પછી તેમનો આ ભારતનો પહેલો પ્રવાસ છે.

ભારત રોકાણ દરમિયાન આગા ખાન પંચમ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સાથે મુલાકાત કરશે. આ ઉપરાંત તેમની ગૃહ મંત્રી અને વિદેશ મંત્રી સાથે પણ બેઠક યોજાશે. 10 સપ્ટેમ્બરે ઉપરાષ્ટ્રપતિ સાથે તેમની વાતચીત પ્રસ્તાવિત છે. આ મુલાકાતો દરમિયાન ભારત અને ઈસ્માઈલી ઈમામત વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સંબંધોની સાથે સાથે વિકાસ અને સામુદાયિક પહેલો સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની આશા છે.

દિલ્હી ઉપરાંત પ્રિન્સ રહીમ આગા ખાન પંચમ અમદાવાદ, મુંબઈ અને હૈદરાબાદનો પ્રવાસ કરશે. અમદાવાદમાં તેઓ 11-12 સપ્ટેમ્બરના રોજ રહેશે. આ શહેરોમાં આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક(AKDN)ના કેટલાય વિકાસ અને સામુદાયિક પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. ભારતમાં ઈસ્માઈલી સમુદાયની ઉપસ્થિતિ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને પંજાબ સહિત દેશના અનેક ભાગોમાં છે.

એક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રિન્સ રહીમ આગા ખાન પંચમે કહ્યું કે તેઓ ભારતની જમાતને મળવાની રાહ જોઈ રહ્યા છે. તેમણે ભારત બહાર રહેતા ઈસ્માઈલીઓને પણ પોતાના પ્રવાસ દરમિયાન ભારતની યાત્રા ન કરવાનો અનુરોધ કર્યો છે, જેથી તેઓ પોતાનું પૂરું ધ્યાન ભારતમાં રહેતા સ્થાનિક સમુદાય પર આપી શકે.

# 100 વર્ષ જૂનો ગણિતનો કોયડો OpenAIએ માત્ર 88 કલાકમાં ઉકેલ્યો : 10,000 AI એજન્ટ્સે દુનિયાના 7 સૌથી મુશ્કેલ સવાલોમાંથી 1નો જવાબ શોધ્યો

**(એજન્સી)વોશિંગ્ટન| તા. 09**

ઓપનએઆઈએ દાવો કર્યો છે કે તેની નવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનિકે ગણિતની દુનિયાની સૌથી મુશ્કેલ સમસ્યાઓમાંથી એક નેવિયર-સ્ટોક્સ પ્રોબ્લેમને ઉકેલી લીધી છે. તેને ઉકેલવામાં માત્ર 88 કલાક લાગ્યા.

ગણિતની જાણીતી ક્લે મેથેમેટિક્સ ઈન્સ્ટિટ્યૂટે વર્ષ 2000માં ગણિતના 7 અત્યંત મુશ્કેલ અને વણઉકેલાયેલા પ્રશ્નો પસંદ કર્યા હતા. આમાંથી ઘણા પ્રશ્નો 100 વર્ષથી પણ વધુ જૂના હતા. આને 'મિલેનિયમ પ્રોબ્લેમ્સ' કહેવામાં આવ્યા. આમાંથી કોઈ એકને યોગ્ય રીતે ઉકેલ કરનાર માટે 10 લાખ ડોલરનું ઈનામ રાખવામાં આવ્યું હતું.

ઓપનએઆઈના આ દાવા પહેલા આ સાતમાંથી માત્ર એક સમસ્યાનો જ ઉકેલ આવ્યો હતો. તેને 2003માં એક રશિયન ગણિતશાસ્ત્રી ગ્રિગોરી પેરેલમેને ઉકેલી હતી. એટલે કે, જો કંપનીનો દાવો સાચો હોય તો અત્યાર સુધીમાં બે પ્રશ્નોના જવાબો શોધી કાઢવામાં આવ્યા છે.

ધારો કે તમે એક ગ્લાસ પાણી ફ્લોર પર ઢોળી દીધું. પાણી આમતેમ ફેલાવા લાગશે. વૈજ્ઞાનિકો ગણિતની મદદથી એ અનુમાન લગાવવાનો પ્રયાસ કરે છે કે પાણી કઈ દિશામાં જશે, કેટલી ઝડપથી જશે અને તેનો પ્રવાહ કેવો હશે.

આ માટે કેટલાક ગાણિતિક સમીકરણો છે, જેને નેવિયર-સ્ટોક્સ સમીકરણો કહેવાય છે.

શું આ સમીકરણો દરેક પરિસ્થિતિમાં પાણીના પ્રવાહનો સાચો હિસાબ આપી શકે છે?

અથવા પછી કોઈ એવી અત્યંત મુશ્કેલ પરિસ્થિતિ આવી શકે છે, જ્યાં ગણિતનો આ હિસાબ જ કામ કરવાનું બંધ કરી દે?

બસ, આ જ નેવિયર-સ્ટોક્સ પ્રોબ્લેમ છે ઓપનએઆઈ અનુસાર, તેના એક નવા AI મોડેલે આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો છે. આ મોડેલ હજુ સામાન્ય લોકોના ઉપયોગ માટે જાહેર કરવામાં આવ્યું નથી, કે તેના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી. ઓપનએઆઈએ તેના નવા મોડેલને GPT-6 અસ્ટ્રા કરતાં પણ વધુ સક્ષમ ઈન્ટરનલ મોડેલ ગણાવ્યું છે. GPT-6 અસ્ટ્રા 3 સપ્ટેમ્બર 2026ના રોજ રિલીઝ થયું છે.

જોકે, AIએ આ કામ એકલા એક સિસ્ટમ તરીકે કર્યું નથી. ઓપનએઆઈએ લગભગ 10,000 AI એજન્ટ્સને આ કામમાં લગાવ્યા હતા.

ઓપનએઆઈના સંશોધક ડેન રોબર્ટ્સે તેની સરખામણી ભમરાના અલગ-અલગ ફૂલો વચ્ચે જઈને પરાગ પહોંચાડવા સાથે કરી. એટલે કે, અલગ-અલગ AI જૂથો પાસેથી મળેલી માહિતીને બીજા જૂથો સુધી પહોંચાડવામાં આવી, જેનાથી ઉકેલ શોધવામાં મદદ મળી.

વર્ષ 2000માં જ્યારે અમેરિકી સંસ્થાએ આ 7 પ્રશ્નો પસંદ કર્યા, ત્યારે તેમને ગણિતની દુનિયાની સૌથી મુશ્કેલ વણઉકેલાયેલી સમસ્યાઓમાંથી એક માનવામાં આવતા હતા.

તેમને ગણિત સામે મોટા પડકારો તરીકે રજૂ કરવામાં આવ્યા હતા, જેથી વિશ્વના ગણિતશાસ્ત્રીઓ તેમને હલ કરવાનો પ્રયાસ કરે અને આ દરમિયાન ગણિતમાં નવી શોધો થાય.

**કિંમત ₹1 લાખ કરોડ સુધી** | ભારત એવી ટેકનોલોજી ઈચ્છે છે, જે ભવિષ્યમાં પણ ઉપયોગી થાય

# રશિયા પાસેથી 75 સુખોઈ-57 ફાઈટર જેટનો સોદો શક્ય

**(એજન્સી) રશિયા તા. 09**

ભારત અને રશિયા વચ્ચે 75 સુખોઈ-57 ફાઈટર જેટ ખરીદવા પર સમજૂતી થઈ શકે છે. બંને દેશો વચ્ચે આ સોદાની શરતો પર વાતચીત આગળ વધી ચૂકી છે. જો સોદો થશે તો તેની કિંમત લગભગ 1 લાખ કરોડ રૂપિયા સુધીની હોઈ શકે છે. આમાં વિમાનની સાથે હથિયારો, સ્પેરપાર્ટ્સ, તાલીમ, સિમ્યુલેટર અને જાળવણીનો પણ સમાવેશ થશે.

ભારત ઈચ્છે છે કે વિમાન ખરીદવાની સાથે તેને એવી ટેકનોલોજી પણ મળે, જે ભવિષ્યમાં લડાકુ વિમાન બનાવવામાં કામ આવે. રશિયા ભારતમાં સુખોઈ-57 બનાવવાની ઓફર પહેલાથી જ કરી ચૂક્યું છે. ભારત આ પ્રોજેક્ટમાં પોતાની કંપનીઓની ભાગીદારી અને જરૂરી ટેકનોલોજી સુધી પહોંચ ઈચ્છે છે. BRICS સંમેલન પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન શુક્રવારે નવી દિલ્હીમાં મળશે. આ બેઠકમાં સુખોઈ-57 ઉપરાંત સંરક્ષણ, પરમાણુ ઊર્જા અને બંને દેશો વચ્ચે સહયોગ સંબંધિત અન્ય મુદ્દાઓ પર પણ વાત થશે.

ભારતીય વાયુસેનાને સુખોઈ-57ની ક્ષમતા પર હજુ પૂરો ભરોસો નથી. ભારત અગાઉ રશિયા સાથે પાંચમી પેઢીનું લડાકુ વિમાન બનાવવાની પરિયોજનામાં સામેલ હતું, પરંતુ બાદમાં તેમાંથી બહાર નીકળી ગયું. તે સમયે વિમાનના રડારથી બચવા અને જરૂરી ટેકનોલોજી મળવા અંગે સવાલો ઉભા થયા હતા. હવે વાયુસેના એ જોઈ રહી છે કે સુખોઈ-57 રડારથી કેટલું બચી શકે છે, દુશ્મનના ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સાથે કેવી રીતે સામનો કરે છે અને અલગ-અલગ હથિયારો સાથે કેટલું સારું કામ કરે છે.

સુખોઈ-57ની સૌથી મોટી ખાસિયત તેની સ્ટીલ્થ ડિઝાઈન છે. તેનો ઉપયોગ દુશ્મનના એર ડિફેન્સ સિસ્ટમની નજીક પહોંચવા માટે કરી શકાય છે. આ વિમાન એકલા હુમલો કરવાને બદલે દુશ્મનના રડાર, એર ડિફેન્સ અને લડાકુ વિમાનોની માહિતી પાછળ રહેલા ભારતીય વિમાનો સુધી પહોંચાડી શકે છે.

જો તેને રાફેલ, સુખોઈ-30 એમકેઆઈ, અવાક્સ, ગ્રાઉન્ડ રડાર અને એર ડિફેન્સ સિસ્ટમ સાથે જોડવામાં આવે તો તે સમગ્ર વાયુસેનાની તાકાત વધારી શકે છે. ભારત સુખોઈ-30 MKIની હુમલા કરવાની ક્ષમતા વધારવા માટે R-37M જેવી લાંબા અંતરની મિસાઈલ ઈચ્છે છે. આ મિસાઈલ લગભગ 300 કિમી દૂર સુધી લક્ષ્ય પર હુમલો કરી શકે છે અને દુશ્મનના અવાક્સ જેવા મોટા વિમાનોને પણ નિશાન બનાવી શકે છે.

હાલમાં ભારત 63 હજાર કરોડ રૂપિયામાં 84 સુખોઈ-30MKI ને 'સુપર સુખોઈ' બનાવી રહ્યું છે. બેઠકમાં સિવિલ ન્યુક્લિયર એનર્જી પર પણ ચર્ચા થશે. રશિયા તમિલનાડુના કુડનકુલમમાં છ પરમાણુ રિએક્ટરોના નિર્માણમાં ભારતનો ભાગીદાર છે. બંને દેશો એક વધુ પરમાણુ પરિયોજના પર આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારત પરમાણુ સબમરીન માટે વધુ શક્તિશાળી રિએક્ટર સંબંધિત રશિયન તકનીકી મદદ પણ ઈચ્છે છે.

# અમેરિકાનો કેનેડાના ડેરી ઉત્પાદનો અને દારૂ પર પ્રતિબંધ : મોટરસાયકલ પર પણ પ્રતિબંધ

**(એજન્સી)વોશિંગ્ટન| તા. 09**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાથી આવતા ડેરી પ્રોડક્ટ્સ, દારૂ અને મોટરસાયકલ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. આ પ્રતિબંધ 29 સપ્ટેમ્બરથી લાગુ થશે. ટ્રમ્પે આ નિર્ણય કેનેડા દ્વારા અમેરિકી સામાન પર 50% સુધીનો વળતો ટેરિફ લગાવ્યા પછી લીધો છે. ટ્રમ્પના આદેશ હેઠળ કેનેડાથી આવતા દારૂ, વાઈન અને આલ્કોહોલ-ફ્રી બીયર પર પ્રતિબંધ લાગશે. આ ઉપરાંત, દૂધમાંથી બનેલા કેટલાક ઉત્પાદનો પણ અમેરિકામાં આવી શકશે નહીં.

અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે પ્રતિબંધને મર્યાદિત રાખવામાં આવ્યો છે, જેથી અમેરિકી લોકો માટે સામાનની કિંમતો અચાનક ન વધે.

ટ્રમ્પના નવા પ્રતિબંધના થોડા કલાકો પહેલા કેનેડાએ ઘણા અમેરિકી સામાન પર 50% સુધીનો વળતો ટેરિફ લાગુ કર્યો હતો. કેનેડાએ આ ટેરિફ અમેરિકા દ્વારા લગાવવામાં આવેલા ટેરિફના જવાબમાં લગાવ્યા છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ટ્રમ્પની વેપાર નીતિનો વિરોધ કર્યો છે.

કેનેડાનું કહેવું છે કે અમેરિકા જેટલા ડોલરના સામાન પર ટેરિફ લગાવશે, તે પણ લગભગ તેટલા જ મૂલ્યના અમેરિકી સામાન પર જવાબી શુલ્ક લગાવશે.

ટ્રમ્પે કહ્યું છે કે કેનેડા અમેરિકી ખેડૂતો અને કંપનીઓને સમાન તક નહીં આપે, તો તેના સામાનને પણ અમેરિકામાં સરકારી ખરીદીનો ફાયદો નહીં મળે. તેમણે સરકારી ખરીદીની સૂચિમાંથી કેનેડામાં બનેલા સામાનને હટાવવાનો આદેશ આપ્યો છે.

ટ્રમ્પે કહ્યું કે કેનેડા અમેરિકી કંપનીઓને પોતાના સરકારી કોન્ટ્રાક્ટમાં સામાન વેચવા દેતું નથી, જ્યારે કેનેડિયન કંપનીઓને અમેરિકામાં આ સુવિધા મળે છે. ટ્રમ્પના મતે આ સરકારી ખરીદી વ્યવસ્થામાં દર વર્ષે 50 અબજ ડોલરથી વધુનો કારોબાર થાય છે.

### વિજયના નેતૃત્વમાં આ ગઠબંધન તમિલનાડુના રાજકારણમાં નવી દિશા આપશે

# તમિલનાડુમાં ગઠબંધનની જાહેરાત, CM વિજયની આગેવાનીમાં બન્યો 'સેક્યુલર, સોશિયલ જસ્ટિસ, વિક્ટ્રી ફ્રન્ટ'

(એજન્સી) તમિલનાડુ | તા.09

તમિલનાડુમાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળના સહયોગી પક્ષોએ નવા રાજકીય ગઠબંધન 'સેક્યુલર, સોશિયલ જસ્ટિસ, વિક્ટ્રી ફ્રન્ટ'ની જાહેરાત કરી છે. TNCC પ્રમુખ બી. મણિકમ ટાગોરે જણાવ્યું કે, આ મોરચો રાજ્યના અધિકારો માટે લડશે અને આગામી પેટાચૂંટણીઓ પણ લડશે. વિજયના નેતૃત્વમાં આ ગઠબંધન તમિલનાડુના રાજકારણમાં નવી દિશા આપશે. તમિલનાડુમાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની આગેવાની હેઠળ સહયોગી પક્ષોએ પોતાના નવા રાજકીય ગઠબંધનના નામની જાહેરાત કરી છે. તમિલનાડુ કોંગ્રેસ કમિટી (TNCC) ના પ્રમુખ બી. મણિકમ ટાગોરે જણાવ્યું કે, આ ગઠબંધન રાજ્યના અધિકારોની લડાઈ લડશે અને આગામી પેટાચૂંટણીઓમાં પણ મેદાનમાં ઉતરશે. મુ TNCC પ્રમુખે સ્પષ્ટ કર્યું છે કે, આ નવું ગઠબંધન આગામી પેટાચૂંટણીઓમાં સંપૂર્ણ તાકાતથી ઝંપલાવશે. જોકે, ઉમેદવારો કે સીટોની વહેંચણી અંગે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.



ગઠબંધનની આ ઔપચારિક જાહેરાત બાદ તમિલનાડુના રાજકારણમાં નવી વ્યૂહરચનાઓ અંગે ચર્ચાઓ ગરમાઈ છે. બુધવારે યોજાયેલી આ બેઠકને રાજકીય દ્રષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ગઠબંધનના નામમાં 'ધર્મનિરપેક્ષતા' (Secular) અને 'સામાજિક ન્યાય' (Social Justice) જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપીને ભવિષ્યની રાજકીય દિશાનો સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે. ખ્યમંત્રી અને TVK પ્રમુખ સી. જોસેફ વિજયની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક બાદ બી. મણિકમ ટાગોરે જણાવ્યું કે ગઠબંધનને 'સેક્યુલર, સોશિયલ જસ્ટિસ, વિક્ટ્રી ફ્રન્ટ' (Secular, Social Justice, Victory Front) નામ આપવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો કે, આ નામમાં જ ગઠબંધનની મૂળ વિચારધારા અને રાજકીય એજન્ડા સ્પષ્ટ થાય છે. આ મોરચામાં રાજ્યના હક અને અધિકારો માટે લડતા તમામ પક્ષોને સાથે લાવવામાં આવ્યા છે.

## તમિલનાડુ વિધાનસભામાં CM વિજયના ઈશારાથી રાજકીય વિવાદ, DMK એ 'બોડી-શેમિંગ'નો લગાવ્યો આરોપ



(એજન્સી) નવી દિલ્હી | તા.09

તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજયના એક શારીરિક ઈશારાથી રાજકીય બબાલ મચી છે. સોમવારે વિજયે જમણા હાથથી જડબાને સ્પર્શ કરી ઉપર ઉઠાવવાનો ઈશારો કર્યો હતો. DMK અને ડાબેરી પક્ષોએ તેને ભૂતપૂર્વ CM એમ.કે. સ્ટાલિનની શારીરિક સ્થિતિની મજાક ગણાવી. MISA હેઠળ સ્ટાલિનના જડબામાં ઈજા થઈ હતી. DMK એ વિરોધમાં વોકઆઉટ કર્યું. વિજયે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી કે તેમનો ઈશારો અનાયાસે થયો હતો. તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રી અને TVK (તમિલગા વેટ્રી કઝગમ) પ્રમુખ સી. જોસેફ વિજયના એક શારીરિક ઈશારા (Body Language) ને લઈને મોટી રાજકીય બબાલ ઊભી થઈ છે. સોમવારે પોલીસ વિભાગની અનુદાન માંગ પર બોલતી વખતે વિજયે DMK અને તેના નેતાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન તેમણે પોતાના જમણા હાથથી જડબાને સ્પર્શ કરીને ઉપર ઉઠાવવાનો ઈશારો કર્યો હતો. DMK અને ડાબેરી પક્ષોના નેતાઓએ આ ઈશારાને ભૂતપૂર્વ મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનની શારીરિક સ્થિતિની મજાક ઉડાવવા સમાન ગણાવ્યો છે.ઉલ્લેખનીય છે કે ભારતમા ઈમરજન્સી (કટોકટી) દરમિયાન એમ.કે. સ્ટાલિનની MISA હેઠળ અટકાયત કરવામાં આવી હતી, જ્યાં કથિત રીતે થયેલી મારપીટમાં તેમના જડબા પર ગંભીર ઈજા પહોંચી હતી.

CPI(M) નો આરોપ: CPI(M) નેતા પી. શનમુગમે વિજય પર વ્યક્તિગત હુમલો અને સ્ટાલિનનું 'બોડી-શેમિંગ' કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, 'લોકશાહી બચાવવા માટે લાઠીઓ ખાનારા અને ઈજાગ્રસ્ત થનારા નેતાની મજાક ઉડાવવી એ નિંદનીય અને ગેરજવાબદાર વર્તન છે'. વિધાનસભામાં હોબાળો: DMK વિધાયકોએ આ મુદ્દે ભારે વિરોધ નોંધાવ્યો હતો, અને ઉદયનિધિ સ્ટાલિનની આગેવાનીમાં ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું.વિધાનસભામાં સંબોધન દરમિયાન CM વિજયે EDના દસ્તાવેજો અને સરકારિયા કમિશનના અહેવાલોનો હવાલો આપીને એમ.કે. સ્ટાલિન અને ઉદયનિધિ સ્ટાલિન પર નિશાન સાધ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે, રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટરો પાસેથી 'પાર્ટી ફંડ'ના નામે લાંચ વસૂલવામાં આવી રહી છે.DMK નેતાઓએ CM વિજયના નિવેદનોને ગૃહના રેકોર્ડમાંથી હટાવવાની માંગ કરી હતી. જોકે, સ્પીકર જે.સી.ડી. પ્રભાકરે આ માંગ ફગાવી દેતાં જણાવ્યું કે, MISA અંગેનો ઉલ્લેખ ગૃહમાં અગાઉ પણ થઈ ચૂક્યો છે, તેથી આ ભાષણને રેકોર્ડમાંથી હટાવવાની કોઈ જરૂર નથી.વિવાદ વધતાં મંગળવારે CM વિજયે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા જારી કરી હતી. તેમણે જણાવ્યું કે વિધાનસભામાં તેમની બોડી લેંગ્વેજ સહજ અને અનાયાસે થઈ હતી, તેનો હેતુ કોઈની પણ વાસ્તવિક કે વ્યક્તિગત લાગણીઓને ઠેસ પહોંચાડવાનો નહોતો. તેમણે લોકોને વિનંતી કરી છે કે, આ ઈશારાને કોઈની સામે વ્યક્તિગત હુમલા તરીકે ન જોવામાં આવે.

## વરસાદ અંગે વધુ એક ગુડ ન્યૂઝ, ચોમાસાની વિદાય પહેલા ફરી મન મૂકીને વરસશે મેઘરાજા, 21 રાજ્યોમાં એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.09

દક્ષિણ-પશ્ચિમ મોન્સૂન હવે ધીમે ધીમે વિદાય તરફ આગળ વધી રહ્યું છે, પરંતુ તે પહેલાં દેશના અનેક વિસ્તારોમાં ફરી એકવાર આકરી બેટિંગ જોવા મળી શકે છે. હવામાન વિભાગ (IMD) ની આગાહી મુજબ, 9 થી 11 સપ્ટેમ્બર વચ્ચે દેશના 21 રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડું અને વિજળીના કડાકા સાથે પવન ફૂંકાવાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. 12 થી 21 સપ્ટેમ્બર દરમિયાન મધ્ય, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં વરસાદનો વધુ એક સક્રિય તબક્કો જોવા મળી શકે છે. આ વરસાદથી પાક માટે જમીનમાં જરૂરી ભેજ જળવાઈ રહેશે, જે ખેડૂતો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે.દિલ્હી, યુપી, બિહાર અને પહાડી રાજ્યોમાં હવામાન બગડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પહાડી અને મેદાની રાજ્યોમાં આગામી દિવસોમાં મોસમનો મિજાજ બદલાશે:દિલ્હી અને ઉત્તર પ્રદેશ: દિલ્હીમાં 11 સપ્ટેમ્બર સુધી 30 થી 40 કિમીની ઝડપે પવન સાથે વરસાદની શક્યતા છે. ઉત્તર પ્રદેશના મેરઠ, આગ્રા, કાનપુર, વારાણસી અને ગોરખપુર સહિતના જિલ્લાઓમાં 70 થી 80 કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે ભારે વરસાદનું એલર્ટ છે. બિહાર અને ઝારખંડ: બિહારના પટના, ગયા, મુઝફ્ફરપુર અને ભોજપુર સહિત 21 જિલ્લાઓમાં 60 થી 70 કિમીની ઝડપે પવન સાથે ભારે વરસાદ પડી શકે છે. ઝારખંડમાં રાંચી અને જમશેદપુર સહિતના વિસ્તારોમાં 10 સપ્ટેમ્બર સુધી વાવાઝોડા સાથે વરસાદની ચેતવણી છે.ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ: પહાડી રાજ્યોમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ)નું જોખમ વધી ગયું છે. ઉત્તરાખંડના દહેરાદૂન અને નૈનીતાલ તેમજ હિમાચલના મનાલી અને શિમલામાં તેજ પવન સાથે મુસળધાર વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.રાજસ્થાનના જયપુર, ઉદયપુર, કોટા અને બિકાનેરમાં 60 થી 70 કિમીની ઝડપે પવન સાથે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મધ્ય પ્રદેશના ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈનમાં 50 કિમીની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે.

## તમિલનાડુમાં સ્માર્ટ સિટી મિશન હેઠળ 10000 કરોડનું કૌભાંડ થયાનો દાવો, CAG રિપોર્ટમાં ધડાકો

(એજન્સી) નવી દિલ્હી | તા.09

દેશના CAG રિપોર્ટમાં કેન્દ્રના 'સ્માર્ટ સિટી મિશન'માં 10,000 કરોડના પ્રોજેક્ટ્સમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી છે. 2015-2023 વચ્ચે તમિલનાડુ સહિત અન્ય રાજ્યોમાં મંજૂરી વિના કરોડોના કામો થયા. સરકારી નાણાંનો દુરુપયોગ કરી કાર, ટીવી ખરીદાયા અને સ્ટાફના પગાર ચૂકવાયા. નિયમોનું ઉલ્લંઘન કરી SPV કંપનીઓ માત્ર 10 લાખમાં બનાવાઈ. આ રિપોર્ટથી સરકારી યોજનાઓના અમલીકરણ પર સવાલો ઉઠ્યા છે. દેશના કંટ્રોલર અને ઓડિટર જનરલ (CAG) દ્વારા કેન્દ્ર સરકારના ડ્રીમ પ્રોજેક્ટ 'સ્માર્ટ સિટી મિશન'ની તપાસમાં અનેક ગંભીર ખામીઓ અને ગેરરીતિઓ પકડી પાડવામાં આવી છે. વર્ષ 2015થી 2023 વચ્ચે હાથ ધરવામાં આવેલા આશરે 10,000 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઓડિટ કરવામાં આવ્યું હતું. જેમાં મંત્રાલયના નિયમોનું ઉલ્લંઘન, સરકારી નાણાંનો દુરુપયોગ અને મંજૂરી વગર કામો કરાવી દેવા જેવા અનેક ચોંકાવનારા કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. આ રિપોર્ટમાં ખાસ કરીને તમિલનાડુ રાજ્યના વિવિધ શહેરોમાં થયેલા કામોમાં ભારે અનિયમિતતાઓ જોવા મળી છે. CAGના અહેવાલ મુજબ, 1,602.2 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 52 પ્રોજેક્ટ્સમાં મંત્રાલયના સ્પષ્ટ નિયમોને નેવે મૂકીને મનસ્વી રીતે ફેરફારો કરવામાં આવ્યા હતા. આ સિવાય, કોઈ પણ પ્રકારના પૂર્વ આયોજન વગર જ 623.86 કરોડ રૂપિયાના 44 પ્રોજેક્ટ્સ શરૂ કરી દેવાયા હતા.ચોંકાવનારી વાત એ છે કે, 184.71 કરોડ રૂપિયાના 21 પ્રોજેક્ટ્સ નક્કી કરાયેલા વિસ્તારની બહાર જઈને બનાવવામાં આવ્યા હતા, જ્યારે 21.42 કરોડ રૂપિયાના 5 પ્રોજેક્ટ્સ માત્ર રોજબરોજના સામાન્ય કામો જ



હતા. તમિલનાડુના તિરુનેલવેલી શહેરમાં આવી સૌથી વધુ ગેરરીતિઓ સામે આવી છે, જ્યાં 314.62 કરોડ રૂપિયાના 15 પ્રોજેક્ટ્સ કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી વગર જ શરૂ કરી દેવાયા હતા. ઓડિટ રિપોર્ટમાં જાહેર થયું છે કે છ શહેરોએ 23.83 કરોડ રૂપિયાનું ફંડ એવા કામો પાછળ ખર્ચી નાખ્યું જેની બિલકુલ મંજૂરી નહોતી. આ નાણાંનો ઉપયોગ લક્ઝરી ગાડીઓ ખરીદવા, કમ્પ્યુટર લેવા, કાનૂની ખર્ચ ચૂકવવા, કોન્ફરન્સ હોલનું રિનોવેશન કરાવવા અને 110 ઈંચનું ટીવી ખરીદવા જેવી બાબતોમાં કરાયો હતો.વધુમાં, ચેન્નઈ શહેરે સરકારી જાહેરાતો પાછળ 66.58 લાખ રૂપિયા અને અન્ય સલાહકારો પાછળ 18.44 લાખ રૂપિયા ઉડાવ્યા હતા, જ્યારે પરિવારના પુનર્વસન પાછળ 15.33 કરોડ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. ઈરોડ શહેરે સીવરેજ કર્મચારીઓના પગાર ચૂકવવા 2.59 કરોડ રૂપિયા અને સેલમ શહેરે પણ આ જ કામ માટે 2.95 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. મદુરાઈ શહેરે અન્ય નાગરિક કામોના કોન્ટ્રાક્ટરોને ચૂકવણું કરવા સ્માર્ટ સિટીના 48.36 લાખ રૂપિયા આપી દીધા હતા. કેન્દ્ર સરકારે પોતાના હિસ્સાના પૂરા 5,000 કરોડ રૂપિયાથી વધુનું ફંડ સમયસર ફાળવી દીધું હતું. આમ છતાં, તમિલનાડુ સરકારે જુલાઈથી ઓક્ટોબર 2021 દરમિયાન આઠ અલગ-અલગ હપ્તામાં ઓછામાં ઓછા 1,127 કરોડ રૂપિયા રાજ્યના વિભાગોના પર્સનલ ડિપોઝિટ ખાતામાં ડાયવર્ટ કરી દીધા હતા. ઉપરાંત, 93 પ્રોજેક્ટ્સ જરૂરી મંજૂરી વગર ફરીથી શરૂ કરી દેવાયા હતા. નિયમ મુજબ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) બનાવવા માટે કંપની એક્ટ 2013 હેઠળ 200 કરોડ રૂપિયાની મૂડી હોવી જરૂરી છે, પણ તેને માત્ર 10 લાખ રૂપિયાની મૂડીમાં જ બનાવી દેવાયા હતા. ચેન્નઈ સિવાય એક પણ SPVમાં ફુલ ટાઈમ CEO નહોતા.

## બ્રેન્ટ ક્રૂડે 100 ડોલર વટાવતા પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં તોળાતો વધારો

નવી દિલ્હી: અમેરિકા-ઈરાન તણાવે બ્રેન્ટ ક્રૂડનો ભાવ 100 ડોલરે પહોંચાડતા ભારતમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવવધારાની શક્યતા છે. ક્રૂડની આયાત 56% વધી 63.4 અબજ ડોલર થઈ છે. LPG સિલિન્ડરમાં 200ની અંડર-રિકવરી છે, જે પેટ્રોલ-ડીઝલમાં પણ થઈ શકે છે. સરકારે ચાલુ વર્ષે 4 વખત ભાવ વધાર્યા છે.નવી દિલ્હી : અમેરિકા-ઈરાન વચ્ચેની વધેલી તંગદિલીના પગલે વિશ્વમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને સ્પર્શી જતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવમાં વધારો તોળાઈ રહ્યો છે. એપ્રિલથી જુલાઈમાં ભારતનું આયાત બિલ ગયા વર્ષના સમાન સમયગાળામાં ૪૦.૫ અબજ ડોલરની તુલનાએ ૫૬ ટકા વધીને ૬૩.૪ અબજ ડોલરે પહોંચી ગયું છે. જ્યારે વોલ્યુમ ગયા વર્ષ જેટલું જ ૮.૧૫ કરોડ ટનથી થોડું જ વધીને ૮.૧૯ કરોડ ટન થયું છે.સરકારને હાલમાં એલપીજી સિલિન્ડરમાં જ પ્રતિ સિલિન્ડર ૨૦૦ રુપિયાની અંડર રિકવરી છે. આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ વધારો ન કરાયો તો તેમા પણ અંડરરિકવરી જોવા મળી શકે તેમ છે. સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં ચાલુ વર્ષે ચાર વખત વધારો કરી ચૂકી છે. આ ચારેય વખતનો વધારો મે મહિનામાં કરવામાં આવ્યો હતો. પેટ્રોલના ભાવ પ્રતિ લિટર ૭.૩૫ રુપિયા અને ડીઝલના ભાવ પ્રતિ લિટર રુ. ૭.૫૩ ચાર હપ્તામાં વધારવામાં આવી ચૂક્યા છે.

## નવરાત્રિએ ગરબામાં મુસ્લિમોની એન્ટ્રી અંગે ભાજપમાં જ વિરોધાભાસ, મહારાષ્ટ્રના CM ફડણવીસની પત્નીનું નિવેદન ચર્ચામાં

(એજન્સી) મહારાષ્ટ્ર | તા.09

મહારાષ્ટ્રમાં નવરાત્રિ પહેલાં ગરબામાં મુસ્લિમોના પ્રવેશને લઈ વિવાદ વકર્યો છે. વિશ્વ હિન્દુ પરિષદે આયોજકોને ID કાર્ડ ચકાસણી, તિલક અને કલાવા પહેરાવી પ્રવેશ આપવાની અપીલ કરી. ભાજપ નેતા નિતેશ રાણેએ 'લવ જેહાદ'નો તર્ક આપી VHPને ટેકો આપ્યો. જોકે, અમૃતા ફડણવીસે ગરબામાં સર્વધર્મ પ્રવેશનું સમર્થન કરતા કહ્યું કે, તહેવારો સૌને સાથે લઈને ઉજવવાના હોય છે. મહારાષ્ટ્રમાં નવરાત્રિ પહેલાં ગરબા અને દાંડિયાના આયોજનોમાં મુસ્લિમોના પ્રવેશને લઈને રાજકીય અને સામાજિક વિવાદ ઘેરો બન્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા મુસ્લિમોને ગરબા ઉત્સવથી દૂર રાખવાની અપીલ કરવામાં આવી છે. આ માટે સંગઠને આયોજકોને ગરબામાં પ્રવેશતા લોકોના આઈડી કાર્ડની ચકાસણી કરવા તેમજ તિલક અને કલાવા (લાલ અને પીળા રંગનો પવિત્ર દોરો) પહેરાવવાની શરતો રાખવાનું સૂચન કર્યું છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને ભાજપ નેતા નિતેશ રાણેએ VHPની આ માંગણી ખુલ્લેઆમ ટેકો



આપ્યો છે, જ્યારે બીજી તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસે ગરબામાં તમામ ધર્મના લોકોના પ્રવેશનું સમર્થન કર્યું છે. મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ VHPના નિર્ણયનું સમર્થન કરતા આક્ષેપ કર્યો છે કે ગરબા અને અન્ય હિન્દુ તહેવારો દરમિયાન 'લવ જેહાદ'ની ઘટનાઓ વધી જાય છે. તેમણે તર્ક આપ્યો હતો કે જે લોકો મૂર્તિપૂજામાં વિશ્વાસ નથી ધરાવતા, તેમને હિન્દુ ધાર્મિક આયોજનોમાં સામેલ થવાનો કોઈ અધિકાર નથી.

આ સિવાય રાણેએ ગરબા મંડપોમાં પ્રવેશ આપતા પહેલા લોકોના આઈડી ચકાસવાની સાથે તેમની પાસે હનુમાન ચાલીસાનો પાઠ કરાવવાની શરત રાખવાનું પણ સૂચન કર્યું છે.નિતેશ રાણેના નિવેદન અંગે પૂછવામાં આવતા અમૃતા ફડણવીસે તદ્દન અલગ અભિપ્રાય વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, 'તહેવારો સૌને સાથે લઈને ઉજવવા માટે હોય છે અને જો કોઈ મુસ્લિમ વ્યક્તિ કોઈ ઉત્સવમાં સામેલ થઈને શાંતિપૂર્ણ રીતે તેનો આનંદ માણે છે, તો તેમાં કંઈ જ ખોટું નથી. ગરબા એ આપણો રાષ્ટ્રીય ઉત્સવ છે અને તેને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઉજવવામાં આવે છે. જો કોઈ પણ જ્ઞાતિ કે ધર્મનો વ્યક્તિ શાંતિપૂર્વક અને કોઈ પણ વિવાદ ઊભો કર્યા વગર તેને જોવા કે માણવા માંગતો હોય, તો તેમાં કંઈ ખોટું નથી.' જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જાહેર આયોજનોમાં નિયમોનું પાલન થવું જોઈએ અને તેનાથી અન્ય લોકોને કોઈ મુશ્કેલી ન પડવી જોઈએ.ગરબામાં મુસ્લિમોના પ્રવેશ અંગેનો આ વિવાદ હવે માત્ર વિપક્ષ કે સત્તાપક્ષ પૂરતો સીમિત ન રહેતા ભાજપના નેતાઓ વચ્ચેના આંતરિક મતભેદો સામે આવ્યા છે. એક તરફ ભાજપના કટ્ટર નેતા નિતેશ રાણે VHPના કડક વલણને સમર્થન આપી રહ્યા છે, તો બીજી તરફ અમૃતા ફડણવીસે જાહેર મંચ પરથી આ મનોવૃત્તિથી અલગ સૂર ઉચ્ચાર્યો છે.

## તેલંગાણા વિધાનસભામાં સ્પીકર સામેના અપશબ્દો અને અભદ્ર વર્તન સામે સખત નિંદા પ્રસ્તાવ પસાર: BRS નેતા પાસે માફીની માંગ







(એજન્સી) તેલંગાણા | તા.09

આ ગૃહ 07.09.2026 ના રોજ તેલંગાણા વિધાનસભાના માનનીય અધ્યક્ષ વિરુદ્ધ ગેટ નંબર 3 નજીક વિધાનસભા પરિસરમાં બીઆરએસ પાર્ટીના સભ્યો, શ્રી ટાટા મધુસુધન અને શ્રી એન નવીન કુમાર રેડ્ડી દ્વારા કરવામાં આવેલા અત્યંત અપમાનજનક, અપમાનજનક અને બિનસંસદીય નિવેદનોની સખત નિંદા અને ઊંડી નારાજગી નોંધાવે છે;આ ગૃહ ઉપરોક્ત બે સભ્યો દ્વારા જાહેરમાં મહિલાઓ સમક્ષ ટી-શર્ટ ઉતારીને કરેલા અભદ્ર વર્તનની પણ સ્પષ્ટ શબ્દોમાં નિંદા કરે છે, જે અત્યંત વાંધાજનક હોવા ઉપરાંત, ઘટના સ્થળે હાજર મહિલાઓની નમ્રતા પર આક્રોશ સમાન છે.આ ગૃહ આવા વર્તનને વિધાન પરિષદના સભ્યનું સંપૂર્ણપણે અયોગ્ય અને માનનીય અધ્યક્ષના ગૌરવ, સત્તા અને બંધારણીય પદ તેમજ તેલંગાણા વિધાનસભાની ગરિમા, વિશેષાધિકારો અને સંસ્થાકીય અખંડિતતા માટે ગંભીર રીતે નુકસાનકારક માને છે; આ ગૃહ જાહેર કરે છે કે કોઈ પણ રાજકીય મતભેદ, વ્યક્તિગત ફરિયાદ અથવા અભિપ્રાયનો તફાવત વિધાનસભાના અધ્યક્ષ અધિકારીની ગરિમા અને સત્તાને ઓછી કરવા અથવા વ્યવસ્થિત કામગીરીને અવરોધવા માટેના હેતુસર અથવા અસર ધરાવતા વર્તનને ન્યાયી ઠેરવી શકે નહીં.આ ગૃહ ઠરાવ કરે છે કે વિરોધ પક્ષના નેતા, શ્રી કે ચંદ્રશેખર રાવે તેમના પક્ષના સભ્યોના આ અયોગ્ય વર્તન માટે જવાબદારી સ્વીકારવી જોઈએ અને આ ગૃહની સંસ્થાકીય અખંડિતતા, શિષ્ટાચાર અને શિષ્ટાચારના હિતમાં માનનીય સ્પીકરની બિનશરતી માફી માંગવી જોઈએ.આ ગૃહ વધુમાં ઠરાવ કરે છે કે શ્રી ટાટા મધુસુધન અને શ્રી એન નવીન કુમાર રેડ્ડી, બંને તેલંગાણા વિધાન પરિષદના વર્તમાન સભ્યો છે તે હકીકતને ધ્યાનમાં રાખીને, આ ઠરાવની એક નકલ, સભ્યો દ્વારા જારી કરાયેલ વિશેષાધિકાર ભંગની સૂચના, ગૃહ સમક્ષ રજૂ કરાયેલ સામગ્રી અને તેને લગતી કાર્યવાહી સાથે, તેલંગાણા વિધાન પરિષદના માનનીય અધ્યક્ષને વિચારણા માટે અને માનનીય અધ્યક્ષ અને/અથવા તેલંગાણા વિધાન પરિષદ બંધારણ, કાર્યપદ્ધતિ અને કાર્યપદ્ધતિના નિયમો, દિશાનિર્દેશો અને વિધાન પરિષદના વિશેષાધિકારો અને શિસ્ત સંબંધિત કાયદા હેઠળ યોગ્ય અને અનુમતિપાત્ર ગણાય તેવા પગલાં લેવા માટે મોકલવામાં આવે.

ભારત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**અરજી મંગાવવા અંગેની નોટિસ**

**રાષ્ટ્રીય ડ્રગ ડિમાન્ડ રિડક્શન એક્શન પ્લાન (NAPDDR) યોજના અંતર્ગત જિલ્લા વ્યસનમુક્તિ કેન્દ્રોની સ્થાપના માટે પાત્ર સંસ્થાઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ-કમ-પ્રપોઝલ (રસદારી-સહ-પ્રસ્તાવ) મંગાવવામાં આવે છે.**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દેશના 315 GAP જિલ્લાઓમાં રાષ્ટ્રીય ડ્રગ ડિમાન્ડ રિડક્શન એક્શન પ્લાન (NAPDDR) યોજના અંતર્ગત જિલ્લા વ્યસનમુક્તિ કેન્દ્રોની સ્થાપના માટે પાત્ર સંસ્થાઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ-કમ-પ્રપોઝલ મંગાવે છે. જમીન પરની જરૂરિયાત કે આવશ્યકતા મુજબ મંત્રાલય દ્વારા સમય-સમય પર જિલ્લાઓની યાદીમાં ફેરફાર (ઉમેરવા કે બાદ કરવા) કરવામાં આવી શકે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ પાત્રતાની શરતો, DDAC ની ભૂમિકા, નાણાકીય ધોરણો, પસંદગી પ્રક્રિયા અને જિલ્લા/જગ્યાની વિગતો જેવી અન્ય સંબંધિત વિગતો માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની વેબસાઈટ (https://socialjustice.gov.in/) અને ઈ-અનુદાન (https://grants-msje.gov.in/) ની મુલાકાત લેવાની રહેશે. પ્રસ્તાવો મંત્રાલયના ઈ-અનુદાન પોર્ટલ પર જમા કરાવવાના રહેશે. ઈ-અનુદાન પોર્ટલ આખું વર્ષ ખુલ્લું રહેશે અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી મળતી ભલામણો પર સમયાંતરે વિચારણા કરવામાં આવશે.

CBC 38101/11/0004/2627

સિટી એક્સપ્રેસ

THURSDAY 10 SEPTEMBER-2026

AHMEDABAD


## ગુજરાતમાં 12થી 14 સપ્ટેમ્બર સુધી ભારે વરસાદનું યલો એલર્ટ

અમદાવાદ | ગુજરાતમાં અત્યાર સુધી સામાન્ય કરતાં 19 ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે, ત્યારે હવામાન વિભાગે ધરતીપુત્રો માટે મોટા રાહતના સમાચાર આપ્યા છે. IMD અનુસાર, રાજ્યમાં ચોમાસું ફરી જામવા જઈ રહ્યું છે, જેમાં મોન્સૂન ટ્રફ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને આગામી દિવસમાં સક્રિય થનાર લો-પ્રેશર એમ એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમો સક્રિય થવાને પગલે 12થી 14 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસવાની વકી છે. 12 સપ્ટેમ્બરથી દક્ષિણ ગુજરાતમાં મેઘમહેરની શરૂઆત થશે, જે ખેતીના પાક માટે સંજીવની સમાન સાબિત થશે.

## બાવળા પાસે માર્બલની આડમાં ચાલતું દારૂનું મોટું નેટવર્ક પકડાયું

અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે બાવળાના રજોડા ગામની સીમમાં 'હનુમાનજી માર્બલ એન્ડ આર્ટ' ઓફિસના કંપાઉન્ડમાં દરોડો પાડ્યો હતો. માર્બલની આડમાં સંતાડેલો 13.31 લાખનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો. પોલીસે 10 લાખનો ટ્રક, સ્કૂટર અને 3 મોબાઈલ સહિત કુલ 24.46 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ચિંતનસિંહ, રમેશચંદ્ર અને કિશન ગુર્જર નામના 3 આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાવળા પોલીસ સ્ટેશન વિસ્તારના રજોડા ગામની સીમમાં દરોડો પાડીને વિદેશી દારૂના મોટા કારોબારનો પર્દાફાશ કર્યો છે.




FLAMES OF HOPE
Where Hope Meets Healing

# SOUL GYM

अहम् ब्रह्मास्मि

Daily Mind • Body • Soul Wellness Membership

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.

## SILVER

3 MONTHS WELLNESS JOURNEY

16 Sessions / Month
Total: 48 Live Sessions

₹ 6,000 + 18% GST

DAILY PRACTICES INCLUDE

- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

## GOLD

6 MONTHS TRANSFORMATION JOURNEY

20 Sessions / Month
Total: 120 Live Sessions

₹ 12,000 + 18% GST

EVERYTHING IN SILVER PLUS

BONUS #1
1 FREE
Tarot Reading Session

BONUS #2
1 FREE
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

## PLATINUM

1 YEAR COMPLETE WELLNESS JOURNEY

20 Sessions / Month
Total: 240 Live Sessions

₹ 25,000 + 18% GST

EVERYTHING IN GOLD PLUS

BONUS #1
4 FREE Tarot Reading Sessions

BONUS #2
2 FREE Personal Wellness Sessions (1-to-1)

BONUS #3
ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE
WORTH ₹50,000

- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

## WHY JOIN SOUL GYM?

Daily Live Guided Sessions | Positive & Supportive Community | Develop Healthy Daily Wellness Habits | Improve Emotional Balance | Build Self Confidence | Learn Powerful Relaxation Techniques | Lifetime Friendships & Community Support

*" Physical fitness builds the body. Soul Gym nurtures the mind, emotions and inner well-being. Because true transformation begins from within. "*

ENROLL TODAY
+91-8970413579 / 8050121357
fohhealingschool.com

MIND CALM | EMOTIONS HEAL | ENERGY BALANCE | SOUL AWAKEN | LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH... AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.